


આર્કાદી ગૈદાર

તિમુરની ટુકડી

'રાદુગા' પ્રકાશન · મોસ્કો

આર્કાદી ગૈદાર

તિમુરની ટુકડી

'રાદુગા' પ્રકાશન·મોસ્કો

અનુવાદ — અતુલ સવાણી

ચિત્રો — વ્લાદીમિર અલેક્સેયેવ
નિકોલાઈ ગ્રીશિન

А. Гайдар

ТИМУР И ЕГО КОМАНДА

на языке гуджарати

A. Gaidar

TIMUR AND HIS SQUAD

In Gujarati

સોવિયેત સંઘમાં મુદ્રિત

Г $\frac{70803—094}{031(01)—82}$ 280—83

4803010102

બખતરબંધ ડિવિઝનનો કમાંડર કર્નલ આલેક્સાન્દ્રોવ ત્રણ મહિનાથી ઘેર નહોતો. ઘણું કરીને મોરચે ગયેલો.

ઉનાળાના વચગાળાના દિવસોમાં તેણે દીકરીઓ ઓલ્ગા અને ઝેન્યાને તાર મોકલીને જણાવ્યું કે રજાઓ ગાળવા મોસ્કો નજીક ખુલ્લા વિસ્તારમાં ક્યાંક બંગલી ભાડે રાખીને રહેવા જાઓ.

ઝેન્યા ઝાડુના લાંબા હાથાને ટેકે ઓલ્ગાની સામે ઊભી હતી. તેણે માથે બાંધેલો છીંટનો રૂમાલ પાછળ સરકાવી દીધો હતો. બહેન સૂચનાઓ આપતી હતી અને ઝેન્યા ભવાં ચડાવીને સાંભળતી હતી:

"હું સામાન લઈને જાઉં છું. તું ઘર સાફ કરી નાખજે. ભવાં ચડાવવાથી અને મોઢું ફુલાવવાથી કંઈ વળવાનું નથી. નીકળે ત્યારે બારણાનું તાળું સરખી રીતે બંધ કરી દેજે. ચોપડીઓ પુસ્તકાલયમાં પાછી આપી આવજે. તારી બધી સાહેલીઓને મળવા જતી નહિ, સીધી સ્ટેશને પહોંચી જજે. ત્યાંથી બાપુને આ તાર મોકલી દેજે. પછી ગાડી પકડીને પરબારી બંગલીએ આવતી રહેજે. સાંભળ, ઝેન્યા, તારે મારું કહ્યું કરવાનું છે. આખર તો હું તારી બહેન છું..."

"અને હું તારી બહેન છું."

"ખરી વાત... પણ હું તારાથી મોટી છું... વળી સો વાતની એક વાત કે બાપુએ એમ જ કહ્યું છે."

બહારથી ખટારાના ઍંજિનનો અવાજ કાને પડતાં ઝેન્યાએ નિસાસો નાખ્યો અને ઓરડામાં નજર ફેરવી. આસપાસ બધું વેરવિખેર પડયું હતું, કચરાપટ્ટીના ઢગલા હતા. તે ધૂળિયા આયના પાસે ગઈ. સામે દીવાલે ટાંગેલી બાપુની છબીનું પ્રતિબિંબ આયનામાં પડતું હતું.

ભલે! માની લીધું કે ઓલ્ગા મોટી છે અને હાલ પૂરતું એનું કહ્યું કરવાનું છે! પણ બાપુ જેવી તો પોતે ઝેન્યા જ છે—બરાબર બાપુના જેવું જ નાક, મોં, ભવાં, અને ઘણું કરીને સ્વભાવ પણ બાપુના જેવો જ નીકળવાનો!

તેણે રૂમાલની ગાંઠ તાણીને બાંધી લીધી, પગને આંચકા મારીને ચંપલ ફગાવી દીધાં, અને સફાઈનું કપડું હાથમાં લીધું. પછી ટેબલ પરથી મેજપોશ ખેંચી લીધું, ડોલ નળ નીચે મૂકી, ઝાડુ ઉપાડી લીધું, અને કચરાનો ઢગલો બારણા તરફ ખસેડયો.

થોડી વારમાં કેરોસીનના સ્ટવમાં ભડકા લબકારા કરવા લાગ્યા અને પ્રાઈમસ ગુંજવા લાગ્યો.

ભોંયપટમાં પાણીના ધોધ વહેવા લાગ્યા.

જસતના ટબમાં સાબુનાં ફીણ ઊભરાવા લાગ્યાં. અને બહાર રાહદારીઓ ડોળા ફાડીને જોતા રહ્યા કે રાતા ઉનાળુ પોશાકમાં એક છોકરી ત્રીજે માળે ખુલ્લી બારીની પાળ ઉપર ઉઘાડે પગે ઊભી રહીને કાચ સાફ કરે છે.



તડકામાં ચળકતી પહોળી સડક ઉપર ખટારો ઝડપથી દોડતો હતો. ઓલ્ગા પાછળના ભાગમાં નેતરની આરામખુરશીમાં પોચા પોટલાને અઢેલીને અને પગ પેટી ઉપર ટેકવીને બેઠી હતી. તેના ખોળામાં બિલ ટીનુ રતાશ પડતું પીળું બચ્ચું ફૂલ જોડે ગેલ કરતું હતું.

ત્રીસમા કિલોમીટરના થાંભલા નજીક લશ્કરની મોટર ટુકડી ખટારાને આંબીને આગળ નીકળી ગઈ. વાહનોમાં લાકડાના બાંકડાઓ પર બેઠેલા સિપાહીઓ મોજથી ગીત લલકારતા હતા. તેમની રાઈફલોની નાળીઓ આકાશ તરફ હતી.

જાણે ગીતના સૂરોના જવાબમાં ઘરોનાં બારીબારણાં ધડાધડ ખૂલી ગયાં. મોજીલાં બાળકો દરવાજા વાટે અને વાડ ઠેકીને બહાર નીકળવા લાગ્યાં. તેમણે હાથ હલાવ્યા અને ખુશીના પોકારો પાડયા, અરધાં પાકેલાં સફરજન સિપાહીઓ તરફ ફેંક્યાં, અને ટુકડી દેખાતી બંધ થાય તે પહેલાં સિપાહીઓની રમતો શરૂ કરી



દીધી, જાણે હયદળનો જોરદાર ધસારો કરતા હોય એમ તેઓ જંગલી છોડવેલા અને ગીચ ઝાડીઝાંખરાંમાંથી માર્ગ કરવા લાગ્યા.

ખટારો વિશાળ વિશ્રામ વિસ્તારમાં વળી ગયો અને લાકડાના નાનકડા મકાન સામે ઊભો રહી ગયો. મકાનની દીવાલો પર વેલા છવાયેલા હતા.

ડ્રાઈવર અને તેના મદદનીશો ખટારાનાં પાટિયાં ખોલી નાખીને સામાન ઉતારવા લાગ્યા. ઓલ્ગાએ કાચની દીવાલોવાળા વરંડાનું બારણું ખોલ્યું.

દેખભાળ વગર બેહાલ પથરાયેલો મોટો બગીચો ત્યાંથી નજરે પડતો હતો. બગીચાને દૂરને છેડે મેડાવાળા કોઠારનું જર્જર મકાન ખડું હતું અને તેની ઉપર નાનકડી લાલ વાવટી ફરકતી હતી.

ઓલ્ગા પાછી ખટારા પાસે આવી તો એક ફૂર્તિલી ઘરડી બાઈ જાણે અચાનક જ તેની કોણી પાસે

ફૂટી નીકળી. પાડોશની દૂધવાળી હતી અને બંગલી તથા બારીબારણાં ધોઈને સાફ કરાવવાં હોય તો કરી દેવા આવી હતી.

પાડોશણ લૂછણિયાં તથા ડોલ વગેરે તૈયાર કરવા લાગી અને ઓલ્ગા બિલાડીના બચ્ચાને લઈને બગીચામાં ફરવા નીકળી પડી.

ચેરીનાં ઝાડનાં થડ ઉપર ચીકણા રસનાં ગરમ ટપકાં ચળકી રહ્યાં હતાં. ચકલાંએ અરધી ખાધેલી પાકી ચેરીઓ ઝાડમાં ઠેરઠેર નજરે પડતી હતી. તરેહવાર ફળફૂલની આકરી ગંધ હવામાં ફેલાયેલી હતી. મેડાના શેવાળિયા છાપરામાં ઠેરઠેર કાણાં હતાં, અને તંગ ખેંચાતી દોરીઓ તેમાંથી નીકળીને આસપાસનાં ઝાડવાંનાં પાંદડાંમાં ગાયબ થઈ જતી હતી.

ઓલ્ગા ઝાડવાંના ઝુંડમાંથી માર્ગ કરતી આગળ ગઈ અને કરોળિયાનું ઝાળું મોં પરથી લૂછી કાઢવા ઊભી રહી ગઈ.

આ શું થઈ ગયું? મેડાને છાપરે વાંસડામાં ભરાવેલી લાલ વાવટી ગાયબ થઈ ગઈ હતી.

ઓલ્ગાને ધીમા અને ફિકરમંદ અવાજે થતી ઝડપી વાતચીતનો અવાજ કાને પડયો. મેડાની બારીએ ગોઠવેલી વજનદાર સીડી અચાનક પડી ગઈ અને ભોંયે પટકાઈ ગઈ. સીડીના પછડાટમાં કેટલીક સૂકી ડાળીઓ તૂટી ગઈ અને એક છોડ દબાઈ ગયો.

છાપરામાંથી નીકળતી તંગ દોરીઓ ફરકવા લાગી. બિલાડીનું બચ્ચું ગભરાઈ ગયું અને ઓલ્ગાના હાથમાં નહોરના ઉઝરડા પાડતું ગુલાંટ ખાઈને ઝાંખરાંમાં કૂદી ગયું. ઓલ્ગા ઊભી રહી ગઈ અને ચોમેર નજર ફેરવતી કાન સરવા કરીને સાંભળવા લાગી. પરંતુ ઝાડવાં ઉપર, વાડની પાર, કે મેડાની અંધારઘેરી બારી પાછળ કંઈ દેખાયું નહિ અને ક્યાંયથી કશો અવાજ સંભળાયો નહિ.

તે પાછી વરંડામાં ગઈ.

"છોકરાં વળી તોફાને ચડયાં છે," દૂધવાળીએ ઓલ્ગાને કહ્યું. "કાલે અમારા પાડોશીની બગીચીમાં સફરજનનાં બે ઝાડ ઉપરથી બધાંય ફળ હલાવીને પાડી નાખેલાં, અને નાશપાતીના ઝાડની થોડીક ડાળીઓ પણ તોડી નાખેલી. હવે તો કેવાં માણસો જોવા મળે છે, રીતસરના મવાલી જ સમજી લેવાં! મેં હમણાં જ દીકરાને લાલ લશ્કરમાં વળાવ્યો, બેટી! રવાના થઈ ગયો, પણ દારૂબારૂ પીવાની વાત નહિ! મને કીધું કે 'આવજે, મા!' અને મીઠો બેટો સીટી વગાડતો નીકળી પડયો. સાંજ સુધીમાં મારું દિલ ભારે ભારે થઈ ગયું, થાય જ ને, એટલે મેં તો મન મોકળું મૂકીને રોઈ લીધું. રાતમાં જાગી ગઈ, લાગ્યું કે આંગણમાં કોઈ ખાંખાંખોળા કરે છે. હું મનમાં બોલી કે 'જો ને બાઈ, હવે તો દુનિયામાં સાવ એકલી થઈ ગઈ, કોઈ જીવ મારી રખેવાળી કરે એવો નથી...' મારા જેવી ડોશીને પૂરી કરી નાખવામાં ઝાઝી મહેનત ન પડે, હા વળી, ઈંટ લઈને માથામાં ફટકારી દે એટલે તરત રામ રમી જાય. પણ ભગવાનની દયા કે કાંઈ ચોરાયું નહિ, ખાંખાંખોળા કરતા રહ્યા, આમતેમ થોડુંક ખોતરતા રહ્યા, અને પછી પાછા રસ્તે પડી ગયા. આંગણમાં પીપડું પડયું હતું, ઓકના લાકડાનું, ભારે એટલું કે બે જણ મહેનત કરે તો ખસેડવાનું બને, તે એને વીસ મીટર આઘું ખસેડી દીધેલું, દરવાજા કોર. બસ, એટલી જ વાત. કોણ હશે ને શું લેવા આવ્યા હશે એનો મને તો જરાય ખ્યાલ જ નથી આવતો!"

સાંજ પડી. ઘર આખું મઝાનું સાફસૂફ અને સુઘડ થઈ ગયું હતું. ઓલ્ગા વરંડામાં આવી. તેણે

સફેદ એકોર્ડિયન વાજું ચામડાના ખોખામાંથી કાઢીને ગોઠણ ઉપર ગોઠવી દીધું. બાપુએ વરસગાંઠને દિવસે ભેટ આપેલું. પછી પટ્ટા ખભે ભરાવીને તે નવા સાંભળેલા ગીતના સૂર રેલાવવા લાગી:

અરે, એક જ વાર,
પાછા આવજો રે,
હેમખેમ મારી કને!
આ એક જ વાર,
અને ફરી વાર,
ફરી ફરી વાર...
ઊડો આભમાં, ધરતીથી ઊંચે,
ના સમજો કદી, શું થાય મને!
જોતી વાટ વિમાનની, બસ ઊભી રહું,
વીતે પળો બહુ ધીરે, હું ગણતી રહું!
હા!..
પાઈલટ ને વિમાનીઓ તમે,
બૉંબ અને જંગનાં વાહન લઈને,
ઊડો દૂર સુદૂર ગગનમાં તમે,
આવશો ક્યારે, પાછા મારી કને?
હું ના જાણું, આવશો ક્યારે,
જરૂર આવજો, ગમે ત્યારે...

ઓલ્ગા ગાતી ગાતી સાવચેત નજર વાડ નજીક છોડવાઓના ઝુંડ તરફ વારેઘડીએ નાખી લેતી હતી. પછી તે એકાએક ઊભી થઈ ગઈ અને છોડવાઓની સામે જોઈને મોટા અવાજે બોલી:

"સાંભળો! છુપાવાની શી જરૂર છે? અને શું કામ છે?"

એક આદમી ઝુંડ આડેથી નીકળ્યો. તેણે સાધારણ સફેદ સૂટ પહેર્યો હતો. તે જવાબમાં માથું નમાવીને વિનયથી બોલ્યો:

"છુપાવાની વાત જ નથી! હુંયે થોડુંઘણું ગાઈ લઉં છું. તમને ખલેલ ન પડે એટલા ખાતર અહીં ઊભો ઊભો સાંભળતો હતો."

"ઠીક, પણ તમે રસ્તે ઊભા રહીને સાંભળી શક્યા હોત! વાડ ઠેકીને અંદર આવવાની શી જરૂર હતી?"

"હું? વાડ ઠેકીને?" આદમીને માઠું લાગ્યું હોય એમ સાફ વરતાતું હતું. "માફ કરજો. હું કંઈ બિલાડો નથી! વાડમાં પણે બાકોરું છે, અને હું રસ્તેથી એ બાકોરા વાટે સરકીને અંદર આવી ગયો."

"ઠીક, સમજી," ઓલ્ગા વ્યંગમાં બોલી. "પણ પણે દરવાજો છે, તમે ભલા થઈને દરવાજા વાટે સરકીને પાછા રસ્તે પહોંચી જાઓ તો સારું!"

આદમી કહ્યાગરો નીકળ્યો. મોંમાંથી એક હરફ પણ કાઢ્યા વગર બહાર નીકળી જઈને તેણે દરવાજો પાછો વાસી દીધો. ઓલ્ગા ખુશ થઈ ગઈ.

"ઊભા રહો જરાક!" તેણે પગથિયાં ઊતરતાં સાદ પાડયો. "કોણ છો તમે? કલાકાર?"

"ના, ઍન્જિનિયર છું," આદમીએ જવાબ આપ્યો, "પણ ફુરસદના વખતમાં પ્લાંટની ઑપેરા મંડળીમાં ગાઉં છું પણ ખરો."

"સાંભળો, મારી ભેગા સ્ટેશને આવશો?" ઓલ્ગા જાણે સાવ સ્વાભાવિક વાત કરતી હોય એમ બોલી. "મારી નાની બહેન આવવાની છે. મોડું થઈ ગયું છે, વળી અંધારું છે, પણ એનું નામનિશાન ક્યાંય નથી દેખાતું. મને બીક નથી લાગતી, પણ વાત એમ છે કે અહીંના રસ્તાની હજી ખબર નથી. આ શું? દરવાજો કેમ ખોલો છો? બહાર જ ઊભા રહો!"

તે એકોર્ડિયન અંદર મૂકી આવી અને ખભે શાલ નાખીને બહાર નીકળી. અંધારે રસ્તે ઝાકળ અને ફૂલોની સુવાસ ફેલાયેલી હતી.

ઓલ્ગા સંગાથીની જોડે ભાગ્યે જ કશું બોલી કારણ કે તેને ઝેન્યાની ઉપર ખીજ ચડી હતી. આદમીએ વાત કરી કે પોતે મોટરવાહન પ્લાંટમાં ઍન્જિનિયર-મિકેનિક તરીકે કામ કરે છે, નામ ગેઓર્ગી અને અટક ગારાયેવ છે.

બે ગાડી નીકળી ગઈ, પણ ઝેન્યાનો પતો નહિ. પછી ત્રીજી અને છેલ્લી ગાડી આવી અને ચાલી ગઈ.

"તમને ખ્યાલ જ નહિ આવે કે આ છોકરી મને કેટલો ત્રાસ આપે છે!" ઓલ્ગા બોલી ઊઠી. "હું ચાળીસની કે પછી ત્રીસનીયે હોત તો વાત જુદી હોત. પણ એ તેરની છે, હું અઢારની, અને હું કહું એમ બિલકુલ કરતી જ નથી!"

"ચાળીસની જરૂર નથી," ગેઓર્ગી મક્કમ અવાજે બોલ્યો, "અઢાર બહુ બહેતર! અને ફિકરની વાત છે જ નહિ, બહેન સવારે વહેલી આવી જશે."

પ્લૅટફૉર્મ ખાલી થઈ ગયું.

ગેઓર્ગીએ સિગરેટની ડબ્બી કાઢી. તરત દાદા જેવા દેખાતા બે જુવાનિયા ડોલતી ચાલે નજીક આવ્યા. તેમના હાથમાં સિગરેટ હતી. બેઉ જણ દીવાસળી પેટાવાની વાટ જોતા ઊભા રહ્યા.

ગેઓર્ગી દીવાસળી પેટાવીને મોટા છોકરાના મોં નજીક ધરી રાખતો બોલ્યો: "જુવાન, આમ સિગરેટ હાથમાં લઈને કોઈની પાસે પહોંચી જતાં પહેલાં દુવાસલામ કરવાનું જરૂરી હોય છે. તમને આ પહેલાં પણ મળવાનું માન મને મળી ચૂક્યું છે, બાગમાં. તમે નવી વાડનું પાટિયું ભારે જોમથી ખેંચતા હતા. તમારું નામ મિખાઈલ કવાકિન છે, ખરું ને?"

છોકરો પાછળ ખસી ગયો. ગેઓર્ગીએ ફૂંક મારીને દીવાસળી ઓલવી નાખી અને ઓલ્ગાના હાથમાં હાથ પરોવીને તેના ઘર તરફ કદમ માંડયાં.

તેઓ આઘેરાં પહોંચી ગયાં ત્યારે બીજો છોકરો બોલ્યો:

"વળી કોઈ સુધારક નીકળી પડયો કે શું? અહીંનો છે?"

"અહીંનો જ છે," કવાકિન મોં કટાણું કરતો બોલ્યો. "તિમુર ગારાયેવનો કાકો. તિમુરને પકડીને મેથીપાક ચખાડવો પડશે. એણે ટુકડી જમાવી છે, અને આપણી સામે મેદાનમાં પડયા હોય એમ લાગે છે."

એટલામાં તેમને પ્લૅટફૉર્મને છેડે બત્તીના થાંભલા નીચે કોઈ ઘરડો સજ્જન નજરે પડયો. તે લાકડીને ટેકે પગથિયાં ઊતરી રહ્યો હતો.

એ માણસ વિસ્તારનો જ રહેવાસી ડૉક્ટર કોલોકોલ્ચિકોવ હતો.

છોકરા ઘાંટા પાડીને દીવાસળી માગતા તેની તરફ ધસી ગયા. ઘરડા સજ્જનને તેમનો દેખાવ કે રીતભાત ગમ્યાં ન હોય એમ લાગ્યું. તેણે પાછળ ફરી જઈને ગાંઠાળી લાકડી છોકરાઓની સામે ઉગામી. પછી તે સ્વસ્થતાથી ડગલાં ભરતો પોતાને રસ્તે ચાલ્યો ગયો.

ઝેન્યાને મોસ્કોમાં સ્ટેશનેથી બાપુને તાર મોકલવાનો વખત ન મળ્યો. એટલે તે ગાડીમાંથી ઊતરીને વિસ્તારની પોસ્ટ ઑફિસ ગોતવા ગઈ.

તે ફરતી ફરતી એક જૂના બાગમાં પહોંચી ગઈ અને ફૂલ વીણતી વીણતી આગળ ચાલતી રહી. તેને ખ્યાલ જ ન રહ્યો કે પોતે ચોભેટે કેવી રીતે પહોંચી ગઈ. ચોતરફ બગીચા હતા. જગ્યા સૂમસામ હતી. સાફ વરતાતું હતું કે વિસ્તારના જે ભાગને ઝેન્યા ગોતી રહી હતી એ ભાગ ત્યાં નહોતો.

નજીકમાં કોઈ નાનકડી ફૂર્તિલી છોકરી એક હઠીલી બકરીને શીંગડાં પકડીને ખેંચતી હતી અને લગાતાર ગાળો ભાંડતી હતી.

"અરે, બહેની બાઈ," ઝેન્યાએ તેને સાદ પાડયો, "કહે તો, પોસ્ટ ઑફિસે જવાનો રસ્તો કઈ તરફ?"

પણ બરાબર એ જ ઘડીએ બકરી છૂટી થઈ ગઈ અને આંચકો મારીને શીંગડાં ઊંચા કરતી પુરપાટ બગીચીમાં ભાગી ગઈ. છોકરી રાડો પાડતી તેની પાછળ દોડી. ઝેન્યાએ આસપાસ નજર ફેરવી. અંધારું થઈ રહ્યું હતું અને ક્યાંય કોઈ નજરે પડતું નહોતું.

તે કોઈની રાખોડી રંગની બે માળની બંગલીનો દરવાજો ખોલીને પગદંડીએ ચાલતી ઓટલા પાસે ગઈ.

"કહો તો, પોસ્ટ ઑફિસે જવાનો રસ્તો કઈ તરફ?" તે મકાનના બંધ બારણા સામે ઊભી રહીને ઊંચા પરંતુ બહુ વિનયી અવાજે બોલી.

કશો જવાબ ન મળ્યો. તે થોડી વાર વિચાર કરતી ઊભી રહી અને પછી બારણું ખોલીને કૉરિડોર પાર કરતી એક ઓરડામાં દાખલ થઈ ગઈ. ઘરમાં કોઈ ન હોય એમ લાગતું હતું. તેને જાણે ખોટું કામ કર્યું હોય એવી લાગણી થઈ. તે પાછી બહાર નીકળી જવા ફરી ગઈ, પરંતુ ટેબલ નીચેથી કશા અવાજ વગર નીકળી આવેલી મોટી બદામી કૂતરીને જોઈને ચોંકી જતી ઊભી રહી ગઈ. કૂતરી અકળાઈ ગયેલી છોકરીને થોડી વાર જોતી રહી અને પછી ધીમો ઘુરકાટ કરીને ઉંબરા આડે બેસી ગઈ.

"મૂરખ છો તું!" ઝેન્યા ગભરાટમાં આંગળીઓ ફેલાવી દેતી બોલી ઊઠી. "હું કંઈ ચોર નથી! મેં કંઈ લીધું નથી! આમ જો, આ અમારા ઘરની ચાવી છે, અને આ બાપુને મોકલવાનો તાર. મારા બાપુ કમાંડર છે, સમજી કે નહિ?"

કૂતરી જરાય હલી નહિ. ઝેન્યા ચોરપગલે ઉઘાડી બારી તરફ જતી આગળ બોલી:

"વાત એમ છે! તું બેઠી છો ને? ભલે, બેઠી રહે... બહુ ડાહી કૂતરી... જોઉં છું ને, હોશિયાર ને મીઠી મીઠી!"

પરંતુ ઝેન્યા બારીની પાળને અડી કે તરત મીઠી મીઠી કૂતરીએ ઠેકડો મારતાં એવો ખોફનાક ઘુરકાટ કર્યો કે બિચારી છોકરી છલંગ મારીને સોફા ઉપર ચડી ગઈ અને પગ વાળીને બેસી ગઈ.

"બહુ અજબ વાત છે!" તે રડુંરડું થઈ જતી બોલી. "તારે ચોરને અને જાસૂસને પકડવા હોય તો પકડી લેવા, પણ હું તો... માણસ છું! હા!" પછી તેણે કૂતરીની સામે જીભડો કાઢીને ઉમેર્યું: "સાવ મૂરખ!"

ઝેન્યાએ ચાવી અને તારને સોફા નજીક ટેબલ પર મૂકી દીધાં. ઘરના માલિકો આવે ત્યાં સુધી વાટ જોયા વગર બીજો કશો ઉપાય જ નહોતો.

એક અને પછી બીજો કલાક વીતી ગયો... એકદમ અંધારું થઈ ગયું. દૂર પસાર થતી રેલગાડીઓની સીટીના, ભસતા કૂતરાંના, અને વોલીબૉલના ઠપકારાના અવાજ ઉઘાડી બારી વાટેથી સરકતા અંદર આવતા હતા. ક્યાંક કોઈ ગિટારના તાર ઝણઝણાવતું હતું. કેવળ અહીંયાં, રાખોડી બંગલીમાં, સૂનકાર અને શાંતિની બોલબાલા હતી.

ઝેન્યા સોફાના કઠણ હાથા ઉપર માથું ટેકવીને ચુપચાપ રડવા લાગી. આખરે તે ઊંડી નીંદરમાં પડી ગઈ.

તે છેક સવારે જાગી.

બારીની બહાર વરસાદમાં ભીંજાયેલી ભરપૂર હરિયાળી પવનમાં સરસર અવાજ કરતી હતી. નજીકમાં ક્યાંક ડંકીના હાથાના ચૂંકારા થયા. તેને કરવતનો ઘરઘરાટ કાને પડયો. પરંતુ બંગલીની અંદર તો અગાઉ જેવી જ નીરવતા છવાયેલી હતી.

ઝેન્યાના ધ્યાનમાં આવી ગયું કે માથું હવે ચામડાના મુલાયમ તકિયા ઉપર ગોઠવાયેલું છે અને પગ સુંવાળી ચાદરમાં ઢંકાયેલા છે. કૂતરી ગાયબ હતી.

એટલે એમ કે રાતમાં કોઈક જરૂર આવ્યું હશે.

ઝેન્યા ઊભી થઈ ગઈ. તેણે માથું ઉછાળીને વાળ પાછળ સરકાવી દીધા અને ચોળાઈ ગયેલું ફ્રોક સરખું કરી લીધું. પછી ન મોકલાયેલો તાર અને ચાવી ઉપાડી લઈને નીકળી પડવાની તૈયારીમાં હતી એટલામાં તેને ટેબલ પર પડેલી કાગળની ચબરખી નજરે પડી. તેમાં નીલી પેનસિલ વડે મોટા મોટા અક્ષરોમાં લખેલું હતું:

"જાય ત્યારે બારણું જોરથી ખેંચીને બંધ કરી દેજે!" ચિઠ્ઠીમાં નીચે સહી હતી "તિમુર".

તિમુર? આ તિમુર કોણ હશે? એને ગોતી કાઢીને આભાર માની લેવો જોઈએ.

તેણે બાજુના ઓરડામાં નજર ફેરવી જોઈ. ત્યાં એક મેજ પર લખવાની ચીજો તથા રાખદાની પડી હતી અને સામે નાનકડી આરસી ટાંગેલી હતી. જમણી તરફ મોટરસાઈકલ ચલાવવાના ચામડાના દસ્તાના અને ગોબાવાળી જૂની રિવોલ્વર પડી હતી. એક વાંકી તુર્કી તલવાર મ્યાન સહિત ટેબલને ટેકે ગોઠવેલી હતી. મ્યાન ખૂબ ઘસાઈ ગયેલું હતું અને તેમાં ઠેરઠેર આંકા પડી ગયેલા હતા. ઝેન્યાએ ચાવી અને તાર ટેબલ પર મૂકી દઈને મ્યાનને હાથ અડાડયો, તલવારને મ્યાનમાંથી ખેંચી કાઢી, એમ ઉઘાડી તલવારને માથાથી ઊંચી કરીને ઉગામી, અને પછી આરસીમાં જોયું.

દેખાવ એકદમ ખોફનાક હતો. આવી રીતે છબી ખેંચી લેવામાં આવે અને પછી નિશાળમાં સૌને બતાવવામાં આવે તો ભારે મોજ પડે! ગપ્પું હાંકી દેવાય કે એક વાર બાપુ મોરચે ભેગી લઈ ગયેલા. ડાબા હાથમાં રિવોલ્વર રાખી હોય તો દેખાવ હજી બહેતર લાગે. આમ. તેણે ભવાં સંકોડાય એટલાં સંકોડી લીધાં, હોઠ દબાવી દીધા, અને આરસીનું નિશાન તાકીને ઘોડો દબાવ્યો.

ઓરડામાં કાન ફોડી નાખે એવો ધડાકો ગાજી ઊઠયો. બારીઓ આડે જાણે ધુમાડાના ગોટાના પડદા ટંગાઈ ગયા. આરસી રાખદાની ઉપર પડી. ટેબલ પર મૂકેલ ચાવી અને તારને ભૂલી જઈને ઝેન્યા ઓરડામાંથી સડસડાટ નીકળી ગઈ અને એવા વિચિત્ર તથા ખતરનાક ઘરમાંથી બને એટલા વેગે ભાગી ગઈ.

તેને ખ્યાલ પણ ન રહ્યો કે પોતે ક્યારે કોઈ ઝરણાને કાંઠે પહોંચી ગઈ. હવે તેની પાસે મોસ્કોના ઘરની ચાવી નહોતી, તાર નહોતો, અને તારની રસીદ પણ નહોતી. આખી વાત ઓલ્ગાને કહી દેવી પડશે: કૂતરાની, ખાલી બંગલીમાં સૂઈ જવાની, તુર્કી તલવારની, અને છેલ્લે ગોળીબારની. કેવી કમનસીબી! બાપુ હોત તો બધું બરાબર સમજ્યા હોત. પણ ઓલ્ગા નહિ સમજે. ઓલ્ગા તો ખિજાઈ જવાની, અથવા એથીયે બદતર કરવાની, રડવાની. એ તો ભયંકર! ઝેન્યા પણ રડી તો શકતી, મન થાય તો. પણ ઓલ્ગાની આંખોમાં આંસુ જોઈને તેને હંમેશાં તારના થાંભલા ઉપર, ઊંચા ઝાડ ઉપર, અથવા ધુમાડિયાની ટોચે ચડી જઈને આશરો લેવાની તાલાવેલી થતી.

ઝેન્યાએ મનમાં ખુશી રેડવા ઝરણામાં થોડુંક તરી લીધું, અને પછી તે ધીરે ધીરે ચાલતી પોતાના ઘરની તલાશ કરવા લાગી.

ઝેન્યા વરંડાનાં પગથિયાં ચડી ત્યારે ઓલ્ગા રસોડામાં પ્રાઇમસ પેટાવી રહી હતી. પગલાંનો અવાજ કાને પડતાં તેણે એકદમ ફરી જઈને મૂંગે મોઢે ખીજભરી નજર ઝેન્યાની ઉપર ઠેરવી દીધી.

"કેમ છે, ઓલ્ગા!" ઝેન્યા સૌથી ઉપલે પગથિયે ઊભી રહી જતી અને પરાણે મોં મલકાવતી બોલી. "ઓલ્ગા, તું વઢીશ નહિ ને મને?"

"બેશક વઢવાની!" ઓલ્ગાએ ઝેન્યાના ચહેરા ઉપરથી નજર હઠાવ્યા વગર વળતો જવાબ દીધો.

"ભલે, તો વઢી લે," ઝેન્યા ઢીલા અવાજે બોલી. "તને ખબર છે, એવી અજબ વાત બની ગઈ, એવો ગજબનો કિસ્સો બની ગયો, કે બસ! ઓલ્ગા, ભવાં ફરકાવવાનું રહેવા દે, ખોફનાક કંઈ નથી બન્યું, ખાલી એટલું જ કે ઘરની ચાવી ખોવાઈ ગઈ અને બાપુને તાર નથી મોકલ્યો..."

ઝેન્યા આંખો મીચી દઈને અને થૂંક ગળી જઈને આખી વાત એકીશ્વાસે કહી દેવા તૈયાર થઈ ગઈ.

બરાબર એ જ વખતે આગળનો દરવાજો ધડાક કરતો ખૂલી ગયો અને બરછટ વાળવાળી એક બકરી શીંગડાં નમાવીને ધસમસાટ અંદર આવી. તેના વાળમાં બધે કાંટા ભરાયેલા હતા.

તેની પાછળ પાછળ ઉઘાડે પગે દોડતી છોકરી રાડારાડી કરતી હતી. ઝેન્યાને આગલે દિવસે મળેલી એ જ છોકરી હતી.

જોખમી ખુલાસાને મોકૂફ રાખવાની તક ઝડપી લઈને ઝેન્યા બકરીને પકડવા બગીચીમાં ધસી ગઈ.

હાંફતી છોકરી આખરે બકરીનાં શીંગડાં પકડી લેવામાં કામયાબ થઈ ગઈ ત્યારે ઝેન્યા તેને આંબી ગઈ.

"તારું કંઈ ખોવાઈ ગયું છે?" છોકરીએ બકરીને લાત ઝીંકવાનું અને ઢીંકા મારવાનું તાકીદનું કામ ચાલુ રાખ્યું અને દબાવેલા દાંત વાટેથી ઝપાટાબંધ બોલતાં સવાલ કર્યો.

"ના," ઝેન્યાએ ગૂંચવણમાં પડી જતાં જવાબ દીધો.

"તો આ કોની છે? તારી નથી?" છોકરીએ મોસ્કોના ઘરની ચાવી બતાવી.

"મારી જ છે," ઝેન્યા ગભરાટભરી નજર પાછળ વરંડા તરફ નાખીને હોઠ ફફડાવતી બોલી.

"લે, આ ચાવી, અને આ ચિઠ્ઠી, અને રસીદ. તાર મોકલાઈ ગયો છે," છોકરીએ હજી દબાવેલા દાંત વાટેથી ઝપાટાબંધ બોલતાં કહ્યું.

પછી કાગળનું નાનકડું પૅકેટ ઝેન્યાના હાથમાં પકડાવી દેતાં તેણે બકરીને મુક્કો ફટકારી દીધો.

જનાવર દરવાજા તરફ ભાગ્યું, છોકરી તેની પાછળ દોડી, તેઓ સીધાં કાંટાળાં ઝાંખરાં તથા કરડકણી ખાજવણીના છોડવા પાર કરતાં દરવાજા વાટેથી સડસડાટ નીકળી ગયાં.

ઝેન્યાએ પૉકેટ ખોલ્યું. જાણે બકરીને બદલે તેને માર પડયો હોય એમ તેના ખભા ઢીલા પડી ગયા.

"ચાવી આ રહી, અને તારની રસીદ. એટલે એમ કે કોઈએ તાર મોકલી દીધો છે. પણ કોણે? અરે, આ હશે ચિઠ્ઠી! પણ આ બધું છે શું?"

ચિઠ્ઠીમાં નીલી પેનસિલ વડે મોટા મોટા અક્ષરે લખેલું હતું:

"ઘરમાં કોઈથી બીવાની જરૂર નથી. બધું સમુંસરખું છે. અને હું કોઈને નહિ કહું." નીચે સહી હતી "તિમુર".

જાણે બેભાન દશામાં હોય એમ ઝેન્યાએ ચિઠ્ઠી ચુપચાપ ખીસામાં ભરાવી દીધી.

પછી ખભા સીધા કરીને તે શાંતિથી પાછી ઓલ્ગા પાસે ગઈ.

ઓલ્ગા હજી એ જ જગ્યાએ ઊભી હતી, પ્રાઈમસ પેટાવ્યા વગરનો એમ જ પડયો હતો, તેની આંખોમાં આંસુ છલકાતાં હતાં.

"ઓલ્ગા!" ઝેન્યા બોલી ઊઠી. તેના અવાજમાં પસ્તાવાની લાગણી હતી. "હું તો ખાલી મશ્કરી કરતી હતી! તું ગુસ્સે ન થા! મેં આખો ફ્લૅટ સાફ કરી નાખ્યો, બારીઓ પણ સાફ કરી નાખી. સખત મહેનત કરી છે! લૂછણિયાં બધાંય ધોઈ નાખ્યાં, ભોંયપટ પણ ઘસીને સાફ કરી નાખ્યો. આ લે ચાવી, અને બાપુને મોકલેલા તારની રસીદ. લાવ, હવે બચી ભરવા દે! અરે, કેટલી વહાલી છે તું મને! તું કહેતી હો તો છાપરે ચડીને નીચે ખાજવણીના ઝુંડમાં ઠેકડો મારું તારે ખાતર!"

ઓલ્ગાના જવાબની વાટ જોયા વગર ઝેન્યા તેને ભેટીને વહાલ કરવા લાગી.

"ઠીક, ઠીક... પણ હું ફિકરમાં પડી ગયેલી," ઓલ્ગા અકળાઈ જતી બોલી. "તું તો કાયમ સાવ નકામાં ટોળ કરતી રહે છે. અને બાપુએ મને કહેલું... બસ, રહેવા દે, ઝેન્યા! ભગવાનને ખાતર... મારા હાથ કેરોસીનવાળા છે... સાંભળ, ઝેન્યા, થોડુંક દૂધ તપેલીમાં રેડીને ગરમ કરવા પ્રાઈમસ ઉપર મૂકી દે તો!"

"મારાથી ટોળ કર્યા વગર રહેવાતું જ નથી," ઝેન્યા બબડી, અને ઓલ્ગા હાથ ધોવા નળ તરફ ગઈ.

ઝેન્યાએ દૂધની તપેલી પ્રાઈમસ ઉપર મૂકી, અને ખીસામાં ચિઠ્ઠી ઉપર હાથ ફેરવતાં કહ્યું:

"ઓલ્ગા, ભગવાન હોય?"

"ના," ઓલ્ગાએ નળ તરફ માથું નમાવતાં જવાબ આપ્યો.

"તો પછી ઉપર કોણ હોય છે?"

"હેરાન ન કર!" ઓલ્ગા અધીરાઈથી બોલી ઊઠી. "ઉપર કોઈ નથી!"

ઝેન્યા થોડી વાર ચુપ રહીને ફરી બોલી:

"ઓલ્ગા, તિમુર કોણ છે?"

"ભગવાન નથી, એક રાજા હતો," ઓલ્ગાએ હાથમોં સાબુ વડે ધોતાં ધોતાં કમને જવાબ આપ્યો. "મધ્યયુગનો એક ઘાતકી લંગડો રાજા હતો."

"પણ આ તિમુર રાજા ન હોય અને ઘાતકી ન હોય અને મધ્યયુગનો ન હોય, તો પછી કોણ છે?"

"એમ હોય તો ખબર નથી. મને હેરાન ન કર! પણ તિમુર વિશે આ બધું આખર છે શું?"

"કોણ જાણે કેમ પણ મારા મનમાં એ માણસ ઉપર બહુ વહાલ ઊભરાતું હોય એમ લાગે છે."

"કોની ઉપર?" ઓલ્ગાએ સાબુવાળું મોં ઊંચું કર્યું. જાણે વાત મનાતી ન હોય એવા ભાવ તેના ચહેરા ઉપર છવાઈ ગયા હતા. "આ શું લવે છે તું? કાયમ વાતો જોડી કાઢવાનું કેમ સૂઝે છે તને? મને શાંતિથી હાથમોં ધોવા નથી દેતી! બાપુને આવવા દે! તારા વહાલને ઠેકાણે પાડી દેશે!"

"એમ કે? પણ કેવી રીતે?" ઝેન્યા લાગણીવશ થઈ જતી બોલી ઊઠી. "બાપુ આવે તોયે ઝાઝું નહિ રોકાય! વળી સાવ એકલવાયા ને નિરાધાર માણસને દુભાવે નહિ!"

"કોણ છે એકલવાયું ને નિરાધાર?" ઓલ્ગાએ અચરજમાં પડી જતાં સવાલ કર્યો. "તું? ઝેન્યા રે ઝેન્યા, મને સમજાતું જ નથી કે તારે વિશે શું ધારવું! ખ્યાલ જ નથી આવતો કે તું કોના જેવી નીકળી છો!"

ઝેન્યાએ માથું નમાવી દીધું. નિકલનો ઓપ ચડાવેલી ચાની કીટલીમાં પોતાના પ્રતિબિંબ ઉપર નજર ઠેરવીને તેણે ગર્વની લાગણીથી અને જરાય અચકાયા વગર જવાબ દીધો:

"બાપુ જેવી, બરાબર બાપુ જેવી! બસ એકલા બાપુ જેવી જ! દુનિયામાં બીજા કોઈના જેવી નહિ!"

ગલઢેરો સજ્જન ડૉક્ટર કોલોકોલ્ચિકોવ બગીચીમાં બેઠો બેઠો ભીંતે ટાંગવાના મોટા ઘડિયાળની મરામત કરતો હતો.

તેનો દીકરાનો દીકરો કોલ્યા ઉદાસ ચહેરો લઈને સામે ઊભો હતો.

કોલ્યાનું કામ દાદાને મદદ કરવાનું હતું. પરંતુ હકીકતમાં તે એક કલાકથી હાથમાં પેચિયું લઈને તૈયાર ઊભો હતો, દાદા માગે તેની વાટ જોતો હતો.

દબાવીને પાછી ગોઠવી દેવાની કમાન જાણે હઠીલી બની ગઈ હતી, અને દાદા બહુ ધીરજવાળા હતા. લાગતું હતું કે કોલ્યાને વાટ જોવાનું ક્યારેય પૂરું જ નહિ થાય. આખો મામલો એકદમ બેવકૂફીનો હતો, ખાસ તો એ કારણે કે સીમા સીમાકોવનું ઝીંથરિયું માથું વાડ પાસે કેટલીય વાર ઊંચું થઈ ચૂક્યું હતું. સીમા સીમાકોવને હંમેશાં બધી વાતની ખબર રહેતી. તે જીભ, મોં, અને હાથ વડે કોલ્યાની સામે બહુ અજબ અને ભેદી નિશાનીઓ કરતો હતો. કોલ્યાની પાંચ વરસની બહેન તાત્યાન્કા ઝાડ નીચે બેઠી હતી અને સામે લાંબા પડેલા કૂતરાના મોંમાં કાંટો ભરાવી દેવાની કોશિશ કરતી હતી. સીમાકોવની નિશાનીઓ જોઈને તે એકાએક ચીસ પાડી ઊઠી અને દાદાનું પાટલૂન ખેંચવા લાગી. સીમા સીમાકોવનું માથું તરત ગાયબ થઈ ગયું.

આખરે કમાન સરખી ગોઠવાઈ ગઈ.

"માણસે મહેનત કરવી જ જોઈએ," ધોળા વાળવાળા સજ્જન કોલોકોલ્ચિકોવે ભીનું કપાળ ઊંચું કરતાં કોલ્યાને કહ્યું. "હું તને જાણે એરંડિયું પિવડાવતો હોઉં એવું મોઢું કરવાની જરાય જરૂર નથી. પેચિયું આપ અને આ પકડ ઉપાડી લે! મહેનત તો માણસને ઉમદા બનાવે, અને ચારિત્રમાં ઉમદાપણાની તારામાં ખામી છે, ભાઈ મારા! કાલનો જ દાખલો લે, તું ચાર કટોરા આઇસક્રીમના ખાઈ ગયો, તારી નાનકડી બહેનને જરાય ન આપ્યું."

"ખોટું બોલે છે, નફટ છે સાવ!" કોલ્યા ખીજમાં ડોળા ફાડીને તાત્યાન્કાની સામે જોતો બોલ્યો. "મેં એને બબ્બે ચમચા ત્રણ વાર આપેલા. તોયે મારી ખોટી ચાડી ખાધી અને જતાં જતાં માના ટેબલ ઉપરથી ચાર કોપેક તફડાવી લીધા."

"તું કાલે રાતે બારીએ દોરડું બાંધીને નીચે ઊતરી ગયેલો," તાત્યાન્કાએ જરાય અકળાયા વગર અને નજર ફેરવ્યા વગર જાહેરાત કરી. "તું તકિયા નીચે બૅટરી રાખે છે. કાલે કોઈ ખરાબ છોકરાએ સૂવાના ઓરડાની બારી વાટેથી પથરા અંદર ફેંકેલા, પથરા ફેંકતો જાય ને સીટી વગાડતો જાય, પથરા ફેંકતો જાય ને સીટી વગાડતો જાય."

બેશરમ તાત્યાન્કાની એવી હલકટ દગાખોરી જોઈને કોલ્યાનો શ્વાસ અદ્ધર ચડી ગયો. પગથી માથા સુધી તેની આખી કાયા ધ્રૂજવા લાગી. સારા નસીબે દાદા કામમાં એટલા મશગૂલ હતા કે એવી જોખમી નાલેશી તેમના ધ્યાનમાં જ નહિ આવી હોય, અથવા તેમણે વાત સાંભળી જ નહિ હોય.

વળી સારા નસીબે એ જ ઘડીએ દૂધવાળી દૂધના ડબ્બા લઈને બગીચામાં આવી અને દૂધ રેડતી રેડતી રોદણાં રોવા લાગી:

"જુઓ ને ડૉક્ટર બાપા, કાલે રાતે કોઈ ચોર મારા ફળિયામાં ઘૂસી ગયેલા, ઓકના લાકડાનું પીપડું ચોરી જવાની કોશિશ કરેલી એ લોકોએ! અને આડોશીપાડોશીઓએ વાત કરી કે આજે સવારમાં વહેલા બે આદમી મારા ઘરના છાપરા ઉપર નજરે પડેલા, ધુમાડિયા ઉપર બેઠેલા, પગ લટકાવીને, મવાલીઓ!"

"ધુમાડિયા ઉપર બેઠેલા? પણ એમ શું કામ કરે?" સજ્જને ગૂંચવણમાં પડી જતાં સવાલ કર્યો.

એટલામાં મરઘાંના ખડામાંથી કાન ફોડી નાખે એવો ખડખડાટ અને ખણખણાટ સંભળાયો. ઘરડા સજ્જનના હાથમાંથી પેચિયું છટકી ગયું અને મનસ્વી કમાન એવી તકનો ફાયદો ઉઠાવીને ઊડતી લોખંડના ઢાંકણ ઉપર ભટકાઈ. તાત્યાન્કા અને આળસુ કૂતરા સમેત સૌ અવાજની દિશામાં ફરી ગયાં અને વિચારમાં પડી ગયાં કે શું થયું હશે. કોલ્યા કશું બોલ્યા વગર સસલાની જેમ દોટ મૂકીને ગાજરના ક્યારાને પાર કરતો વાડ નજીક ગાયબ થઈ ગયો.

તે ગાયોના કોઢારા પાસે ઊભો રહી ગયો. મરઘાંના ખડામાંથી આવેલો એવો જ જોરદાર રણકતા ફટકાઓનો અવાજ કોઢારામાંથી પણ આવી રહ્યો હતો. કોઈ પોલાદના પાટા ઉપર હથોડાના ઘા મારતું હોય એમ લાગતું હતું. ત્યા સીમા સીમાકોવ મળી ગયો એટલે તેણે ઉત્તેજિત અવાજે પૂછ્યું:

"સાંભળ... સમજાતું નથી... આ શું છે? ચેતવણી?"

"ના. લાગે છે કે એક નંબરનો સામાન્ય જમાવટનો સંકેત છે!"

તેઓ વાડ ઓળંગીને બગીચાની વંડીના બાકોરા વાટે સરકી ગયા અને પહોળા ખભાવાળા ખડતલ ગેઈકા જોડે ભટકાઈ ગયા. પછી વસીલી લાદીગિન આવ્યો અને ત્યાર બાદ બીજા કેટલાક છોકરા આવી પહોંચ્યા.

તેઓ માત્ર તેમને જ જાણીતી પગદંડીઓ પર જરાય અવાજ કર્યા વગર ઝડપથી દોડતા નક્કી કરેલી જગ્યાએ જવા લાગ્યા. રસ્તે ટૂંકાટચ વાક્યોમાં વાતચીત થતી રહી:

"ચેતવણી છે?"

"ના. એક નંબરની સામાન્ય જમાવટ."

"જમાવટ વળી કેવી? આ કંઈ 'ત્રણ અને બંધ, ત્રણ અને બંધ', નથી. કોઈ ગાંડો માણસ એકીવેળાએ દસ ખખડાવી રહ્યો છે."

"ઠીક છે, જોઈશું."

"ચોક્કસ, તપાસ કરી લેવાની છે!"

"ચાલો! પુરઝડપે!"

એ જ વખતે ઘેરા વાળવાળો અને ઊંચા કદનો તેર વરસનો એક છોકરો બંગલીના દીવાનખાનામાં ઊભો હતો. ઝેન્યાએ જ્યાં રાત ગાળી હતી એ જ બંગલી હતી. છોકરાએ કાળું પાટલૂન અને ઘેરા આસમાની રંગનું બાંયો વગરનું ખમીસ પહેર્યું હતું. ખમીસના આગળના ભાગમાં લાલ તારક ગૂંથેલો હતો.

ધોળા ઝીંથરિયા વાળવાળો એક ઘરડો આદમી અંદર આવ્યો. તેણે શણના જાડા કાપડનું ચીંથરેહાલ ખમીસ પહેર્યું હતું અને કોથળા જેવા પાટલૂનમાં ઠેરઠેર થીગડાં મારેલાં હતાં. કઢંગી બનાવટનો લાકડાનો પગ તેને ડાબે ગોઠણે બાંધેલો હતો. તેના એક હાથમાં કાગળની ચબરખી હતી, અને બીજા હાથમાં ગોબાવાળી રિવોલ્વર પકડેલી હતી.

"તું જાય ત્યારે બારણું જોરથી ખેંચીને બંધ કરી દેજે," તેણે મોટેથી ચબરખી વાંચી. તેના અવાજમાં હાંસીની છાયા હતી. "ભલે, પણ મને કહે તો ખરો કે રાતે અહીંયાં સોફામાં કોણ સૂતેલું?"

"મારી ઓળખીતી એક છોકરી," છોકરાએ અચકાતાં અચકાતાં જવાબ આપ્યો. "હું ઘરે નહોતો, અને કૂતરી એને બહાર નીકળવા નહોતી દેતી."

"ખોટી વાત!" ઘરડો આદમી ખિજાઈને બોલ્યો. "તારી ઓળખીતી હોત તો તેં ચિઠ્ઠીમાં એનું નામ લખ્યું હોત."

"ચિઠ્ઠી લખી ત્યારે નહોતો ઓળખતો. હવે ઓળખું છું."

"નહોતો ઓળખતો. અને સવારે એને ઘરમાં એકલી રહેવા દઈને ચાલ્યો ગયો? ભાઈ મારા, તને ભેજાની બીમારી છે, પાગલખાનામાં દાખલ કરાવી દેવાની જરૂર છે. નકામી છોકરીએ આરસી તોડી નાખી અને રાખદાનીની કરચ ઉડાવી દીધી. સારું થયું કે રિવોલ્વરમાં ગોળી વગરના ખાલી કારતૂસ હતા. ખરી ગોળીઓ હોત તો શું થાત?"

"પણ કા... કા તમે ખરી ગોળીઓ તો રાખતા જ નથી, તમારા દુશ્મનોની તલવારો અને રાઈફલો તો બધી આખર લાકડાની જ હોય છે!"

ઘરડા આદમીના ચહેરા ઉપર આછા મલકાટની છાયા ફરકી ગઈ. પરંતુ તેણે ઝીંથરિયું માથું પાછળ ઉછાળીને કડક અવાજે કહ્યું:

"સંભાળીને રહેજે! બધુંયે બધું મારી નજરમાં આવી જ જાય છે! મને ખ્યાલ આવી ગયો છે કે તું કશાક મસ્તીતોફાનના બેતમાં છો, સરખી રીતે નહિ રહે તો પાછો તારી મા પાસે મોકલી દઈશ!"

ઘરડો આદમી લાકડાનો પગ ખખડાવતો ઉપર ચાલ્યો ગયો. એ જ ઘડીએ કૂતરી ધીમા વેગે દોડતી અંદર આવી. છોકરાએ તરત ફાળ ભરીને તેના આગલા પંજા પકડી લીધા અને તેને નાકે બચી ભરી.

"સાંભળ, રીતા! આ વખતે ભેદ છતો થઈ ગયો! પણ વાંધો નહિ, આજે તો લહેરમાં છે, હમણાં ગાવાનું શરૂ કરી દેશે!"

બરાબર એમ જ બન્યું. ઘરડા આદમીએ ઉપર પહોંચતાં જ ગળું ખોંખારીને સાફ કર્યું. પછી રાગ મેળવવાના સૂર કાને પડયા. આખરે તેણે હળવા ઊંડા અવાજે ગાવાનું શરૂ કરી દીધું:

...રાત્યું વીતી નીંદર વિહોણી...
નીરવતા ગમગીન, ભણકારા વાગે,
ભેદી પડછાયા જાણે, ચોમેર ભાગે....

"રહેવા દે! પાગલ કૂતરી!" તિમુર બોલી ઊઠયો. "મારું પાટલૂન ફાડી નાખીશ! ક્યાં ખેંચી જાય છે મને?"

પરંતુ બીજી જ પળે તે કાકાના ઓરડાના દાદરાનું બારણું ધડાક બંધ કરી દઈને કૂતરીને દોડાવતો કૉરિડોરમાં થઈને વરંડામાં પહોંચી ગયો.

વરંડાના એક ખૂણામાં નાનકડા ટેલિફોન નજીક તારમાં જોડેલી બ્રૉંઝની ટચૂકડી ઘંટડી આંચકા ખાતી ભીંતે ભટકાતી હતી.

છોકરાએ ઘંટડી ઉપર હાથ મૂકીને તાર ખીલી ફરતે વીંટી દીધો. તારના આંચકા બંધ થઈ ગયા અને તે ઢીલો પડી ગયો—ક્યાંક તૂટી ગયો હશે. તેણે ખીજમાં ને હેરતમાં રિસિવર ઉપાડી લીધું.

એક કલાક પહેલાં ઓલ્ગા ટેબલ પાસે બેઠી હતી. સામે પદાર્થવિજ્ઞાનની ચોપડી પડી હતી.

ઝેન્યાએ અંદર આવીને આયોડિનની નાનકડી બાટલી ઉપાડી લીધી.

"ઝેન્યા, ખભે ઉઝરડો કેવી રીતે પડયો?" ઓલ્ગાએ કડક અવાજે પૂછયું.

"અરે, ચાલતાં ચાલતાં કશુંક કાંટાળું કે અણીદાર આડું આવ્યું, એમાં ઉઝરડો પડી ગયો," ઝેન્યાએ બેફિકર ભાવે જવાબ આપ્યો.

"કશુંક કાંટાળું કે અણીદાર મને કેમ આડું નથી આવતું?" ઓલ્ગાએ હાંસી કરતાં કહ્યું.

"પણ આવે તો છે! ગણિતની પરીક્ષા છે તે આડી જ આવે છે ને! વળી કાંટાળી ને અણીદાર! ધ્યાન રાખજે, નહિતર ઉઝરડો પડી જવાનો! ઓલ્ગા, એંજિનિયર બનવાનું પડતું મૂકી દે, એના કરતાં ડૉક્ટર બન!" ઝેન્યા બડબડ કરતી રહી અને તેણે નાનકડી આરસી બહેનના મોં સામે ધરી. "જરાક મોઢું તો જોઈ લે! તું તે કેવી એંજિનિયર બનવાની? એંજિનિયરનો દેખાવ આવો હોય, ને આવો હોય, ને આવો હોય!" તેણે ત્રણ વાર જુદી જુદી રીતે ચાળા કર્યા. "અને તું તો આવી ને આવી ને આવી દેખાય છે!" ઝેન્યાએ ડોળા આમતેમ ફેરવ્યા, ભવાં સંકોડયાં, અને મીઠો મલકાટ કર્યો.

"મૂરખ ક્યાંની!" ઓલ્ગા બહેનને ભેટી પડતી અને બચી ભરતી બોલી. પણ પછી તેને હળવેથી આઘી હડસેલી દઈને તેણે કહ્યું: "તું જતી રહે, ઝેન્યા, મને હેરાન ન કર! કૂવે જઈને પાણી ભરી લાવે તો મને વધારે મદદ થાય!"

ઝેન્યા તાસકમાંથી સફરજન લઈને ખૂણામાં ચાલી ગઈ અને બારીની બહાર નજર તાકીને થોડીક વાર ઊભી રહી. પછી તેણે એકોર્ડિયન વાજાનું ખોખું ખોલતાં કહ્યું:

"ખબર છે, ઓલ્ગા? આજે કોઈ આદમી આવેલો, દેખાવમાં ખરાબ નહોતો, ઊજળા વાળ, સફેદ સૂટ. એણે મને પૂછયું: 'છોડી, તારું નામ શું?' મેં કહ્યું: 'ઝેન્યા...'"

"ઝેન્યા, મને હેરાન કરવાનું રહેવા દે, અને વાજું પાછું મૂકી દે!" ઓલ્ગા તેની તરફ ફર્યા વગર અને ચોપડી પરથી નજર હઠાવ્યા વગર બોલી.

"'અને તારી બહેનનું નામ તો,'" ઝેન્યા વાજું ખોખામાંથી ખેંચતી આગળ બોલી, "'ઓલ્ગા છે, ખરું ને?'"

"ઝેન્યા, મને હેરાન કરવાનું રહેવા દે, અને વાજું પાછું મૂકી દે!" ઓલ્ગા અનાયાસે કાન માંડીને સાંભળતી ફરી બોલી.

"'તારી બહેન એકોર્ડિયન બહુ સરસ વગાડે છે,' એણે કહ્યું. 'સંગીતની શાળામાં તાલીમ લેવાની છે?'" (ઝેન્યા વાજું ખોખામાંથી કાઢીને પટ્ટા ખભે ભરાવતી બોલી.) "'ના', મેં એને કહ્યું, 'એ તો લોખંડ અને કાંકરેટની ઉસ્તાદ થવાની છે.' ત્યારે એનાથી બોલાઈ ગયું: 'એમ... કે!'" (ઝેન્યાએ એકોર્ડિયનની એક કળ દબાવી.) "એટલે હું બોલી: 'બે... એ!'" (ઝેન્યાએ બીજી કળ દબાવી.)

"પાજી છોકરી! વાજું આ ઘડીએ જ પાછું મૂકી દે!" ઓલ્ગાએ એકદમ ઊભી થઈ જતાં બરાડો પાડ્યો. "અજાણ્યા માણસો જોડે વાત કરવાની છૂટ તને કોણે આપી?"

"ઠીક હવે, મૂકી દઉં છું," ઝેન્યા મોઢું ચડાવતી બોલી. "વાત મેં નહોતી કરી, એણે જ કરેલી. બાકીનું કહેવાની હતી, પણ હવે નહિ કહું. ઊભી રહે ને, બાપુ પાછા આવે એટલી વાર છે, તને ખબર પાડી દેશે!"

"મને? ખબર તો તને પાડી દેવાના! તું જ મને વાંચવા નથી દેતી, વારેવારે ડખલ કરે છે!"

"ના, તને જ!" ઝેન્યા ગરજી ઊઠી અને ખાલી ડોલ ઉપાડી લઈને જાણે ઊડતી હોય એમ બહાર ઓટલે દોડી ગઈ. "હું કહી દેવાની કે તું મને દિવસમાં સો વાર હડિયાપટ્ટી કરાવે છે, ઘડીક કેરોસીન તો ઘડીક સાબુ લઈ આવવા, અને ઘડીક પાછું પાણી ભરી લાવવા! હું કંઈ ટ્રક નથી, કે ઘોડો નથી, કે ટ્રેક્ટરેય નથી!"

ઝેન્યા પાણી ભરી લાવી અને તેણે ડોલ બાંકડા પર મૂકી દીધી. પરંતુ ઓલ્ગાએ તો ચોપડીમાંથી માથું ઊંચું કરીને તેની તરફ જોયું પણ નહિ, એટલે તે બગીચામાં ચાલી ગઈ. તેના હોઠ ફૂલેલા હતા.

તે ફરતી ફરતી પુરાણા મેડાવાળા કોઠાર સામે નાનકડી લીલીછમ ખુલ્લી જગ્યામાં પહોંચી. ત્યાં તેણે ખીસામાંથી ગલોલ કાઢી અને રબરની પટ્ટીને જોરથી ખેંચીને પૂંઠાના ટચૂકડા છત્રીધારી વિમાનીને આસમાનમાં રવાના કરી દીધો.


આસમાનમાં ઊંધે માથે ઊંચે ધસતા વિમાનીએ ગુલાંટ ખાધી અને કાગળની નાનકડી વિમાની છત્રી તેના માથા ઉપર ઊઘડી ગઈ. પણ બરાબર એ જ ઘડીએ વિમાની પવનના ઝપાટાથી મેડાની બારીના અંધારામાં ધકેલાઈ ગયો.

અકસ્માત! પૂંઠાના ટચૂકડા આદમીને બચાવી લેવા કંઈક તો કરવું જ જોઈએ! ઝેન્યાએ દોટ મૂકીને કોઠાર ફરતે ચક્કર લગાવ્યું. બાકોરાંવાળા છાપરા ઉપરથી કસકસતી દોરીઓ ચોગમ ફેલાયેલી હતી. નજીક પડેલી જરીપુરાણી નિસરણી બારીએ ગોઠવીને તે પગથિયાં ચડી ગઈ અને મેડાના ભોંયપટ પર કૂદી પડી.

ભારે નવાઈની વાત! મેડામાં કોઈ રહેતું હોય એમ લાગતું હતું. એક ભીંતે દોરીનાં ફીંડલાં, બત્તી, સંકેત કરવાની ચોકડીદાર બે વાવટીઓ, વિસ્તારનો નકશો, વગેરે ટાંગેલું હતું. નકશામાં ભેદી નિશાનીઓ કરેલી હતી. એક ખૂણામાં પરાળના ખડકલા ઉપર ગૂણપાટ ઢાંકેલું હતું અને પ્લાયવૂડનું ખોખું ઊંધું પડેલું હતું.

છાપરાના લીલ ચડી ગયેલા જાળિયા નજીક ભીંતમાં વહાણના સુકાન જેવું મોટું ચક્કર ગોઠવેલું હતું. તેનાથી જરાક ઊંચે હાથે બનાવેલો ટેલિફોન ટાંગેલો હતો.

ઝેન્યાએ ભીંતની તિરાડ વાટે બહાર નજર નાખી. બગીચીમાં ઊગી નીકળેલા બેસુમાર છોડવેલાઓની હરિયાળી સાગરનાં લહેરાતાં મોજાંની જેમ પથરાયેલી હતી. આકાશમાં કબૂતરો ગેલ કરતાં હતાં. ઝેન્યાએ ફેંસલો કરી નાખ્યો—કબૂતરો એટલે દરિયાઈ પંખીઓ, અને દોરડાં, બત્તીઓ તથા વાવટીઓવાળો પુરાણો મેડો એટલે મોટું વહાણ, અને પોતે કપ્તાન.



તેને બહુ મોજ પડી. તેણે ચક્કરને ફેરવવાનું શરૂ કરી દીધું. કસકસતી દોરીઓ જાણે કંપવા અને ગુંજવા લાગી, પવન સુસવાટા કરવા અને લીલાં મોજાં પેદા કરવા લાગ્યો. તેનું "વહાણ" જાણે ભારે દમામથી ધીરે ધીરે મોજાં ઉપર સરકતું હોય એમ લાગતું હતું.

"ડાબે બંદર તરફ!" તેણે વજનદાર ચક્કર ઉપર જોર લગાવતાં મોટા અવાજે હુકમ છોડયો.

એટલામાં છાપરાનાં કાણાં વાટેથી સૂરજના તેજની થોડીક સીધી અને સાંકડી પટ્ટીઓ તેના ચહેરા અને ફ્રૉક ઉપર પડી. પણ ઝેન્યાએ તો માની લીધું કે તેજપટ્ટીઓ દુશ્મન વહાણોની સર્ચલાઇટોના અજવાળાની છે. દુશ્મનો તેના વહાણને ગોતી કાઢવાની કોશિશ કરતા હતા. તેણે લડી લેવાનો ફેંસલો કર્યો.

ચૂંકારા કરતા ચક્કરને તે જોર લગાવીને ડાબેજમણે ફેરવવા લાગી અને શાહી અદાથી હુકમો છોડવા લાગી.

સર્ચલાઇટોની તેજપટ્ટીઓ થોડી વારમાં ઝાંખી પડીને ઓસરી ગઈ. તેનું કારણ બેશક એવું નહોતું કે સૂરજ આડે વાદળો આવી ગયાં હોય. કારણ તો એમ હતું કે હારી ગયેલા દુશ્મનોનો કાફલો ડૂબતો દરિયાને તળિયે જઈ રહ્યો હતો.

લડાઈ પૂરી થઈ ગઈ. ઝેન્યાએ ધૂળવાળા હાથ વડે કપાળ લૂછ્યું. એકાએક ટેલિફોન ટનટન કરવા લાગ્યો. ઝેન્યાને એવી ધારણા બિલકુલ નહોતી. તેણે તો માની લીધેલું કે ટેલિફોન રમકડાનો છે. તેને બેચેની થવા લાગી. તેણે ટેલિફોન ઉપાડી લીધો.

રણકતો કરડો અવાજ કાને પડયો.

"હલ્લો! હલ્લો! કોણ છે? કોણ ગધેડો તાર તોડી નાખે છે અને મૂરખ જેવા ગોટાળિયા સંકેત મોકલે છે?"

"ગધેડો નથી," ઝેન્યા ગૂંચવણમાં અટવાઈ જતી બબડી, "હું છું, ઝેન્યા."

"ગાંડી છોકરી!" એ જ અવાજ કરડાકીથી અને જાણે ગભરાટમાં ગરજી ઊઠયો. "ટેલિફોન મૂકી દે અને એકદમ પોબારા ગણી જા! પેલા પલક વારમાં ધસમસાટ ત્યાં ભેગા થઈ જવાના, તારાં હાડકાં ખોખરાં કરી નાખશે!"

ઝેન્યાએ ટેલિફોન મૂકી દીધો, પણ ભાગી જવાની વેળા વીતી ગઈ હતી. એક માથું બારીએથી અંદર ડોકાણું, ગેઇકાનું. પછી સીમા સીમાકોવ, કોલ્યા કોલોકોલ્ચિકોવ, અને બીજા બધાય એક પછી એક અંદર કૂદી પડયા.

"કોણ છો તમે?" ઝેન્યાએ ગભરાટમાં બારી પાસેથી પાછળ ખસતાં સવાલ કર્યો. "ભાગો અહીંથી! આ તો અમારી બગીચી છે, અને મેં કાંઈ તમને બોલાવ્યા નથી!"

પણ ખભેખભા અડાડીને ગોઠવાઈ ગયેલા છોકરાઓની અબોલ મજબૂત દીવાલ ઝેન્યાની તરફ આગળ ધપવા લાગી. સપડાઈ ગયેલી ઝેન્યાએ ચીસ પાડી.

એ જ ઘડીએ વળી એક પડછાયો બારીને અંધારામાં લપેટી લેતો નજરે પડયો. છોકરાઓએ બારી તરફ જોતાં હરોળ તોડીને માર્ગ કરી આપ્યો, ઝેન્યાને નજર સામે ઊંચો અને કાળા વાળવાળો એક છોકરો દેખાયો. તેણે બાંયો વગરનું નીલું ખમીસ પહેર્યું હતું. ખમીસમાં લાલ તારક ગૂંથેલો હતો.

"ધીમે, ઝેન્યા!" તેણે જોરદાર અવાજે કહ્યું. "ઘાંટા પાડવાની જરૂર નથી. કોઈ તને કંઈ કરવાનું નથી. આપણી તો પહેલેથી ઓળખાણ છે, તારી ને મારી. હું તિમુર."

"તું તિમુર?" ઝેન્યા જાણે માનતી જ ન હોય એમ બોલી ઊઠી. તેની આંસુ છલકાતી આંખો પહોળી થઈ ગઈ. "મતલબ કે રાતે તેં જ મને ચાદર ઓઢાડેલી? ટેબલ ઉપર ચિઠ્ઠી મૂકી રાખેલી? મોરચે બાપુને તાર મોકલી દીધેલો અને પછી ચાવી ને રસીદ મને મોકલેલી? પણ તેં એ બધું કેમ કર્યું? તને કેવી રીતે ખબર પડી કે હું કોણ છું?"

છોકરો તેની પાસે ગયો અને તેનો હાથ પકડી લેતો બોલ્યો:

"અહીંયાં અમારા ભેગી રોકાઈ જા થોડીક વાર! બેસ અને સાંભળ, એટલે બધું સમજાઈ જશે."

છોકરાઓ ગૂણપાટ વડે ઢાંકેલા પરાળ ઉપર તિમુર ફરતે બેસી ગયા. તિમુરે વિસ્તારનો નકશો સામે ફેલાવી દીધો.

ભીંતમાં બારીથી ઊંચે એક બાકોરું હતું. તેની સામે ટાંગેલા દોરડાના ઝૂલામાં એક છોકરાને બહાર ચાંપતી નજર રાખવા માટે ગોઠવી દેવામાં આવ્યો. તેના ગળામાં નાટકશાળાનું નાનકડું દૂરબીન લટકતું હતું. તેમાં ગોબા પડી ગયેલા હતા.

ઝેન્યા તિમુરની પાસે બેસી ગઈ અને એકદમ ખાનગી વડા મથકના સંમેલનની કારવાઈ પૂરું ધ્યાન દઈને સાંભળવા લાગી. તિમુર બોલ્યો:

"આણે (તેણે ઝેન્યા તરફ આંગળી ચીંધી) તોડી નાખેલા તાર કાલે પરોઢિયે સૌ હજી સૂતાં હોય ત્યારે કોલોકોલ્ચિકોવ અને હું પાછા જોડીને સરખા કરી નાખીશું."

"એ તો ઊંઘતો પડી રહેવાનો," મોટા માથાવાળો ગેઇકા ગમગીન અવાજે વચમાં બોલી ઊઠયો. તેણે ખલાસીનું પટ્ટીદાર જાકીટ પહેર્યું હતું. "ખાલી નાસ્તો કરવા અને પછી બપોરે ખાવા જ ઊઠે છે."

"જ... જૂઠાણું!" કોલ્યા એકદમ ઊભો થઈ ગયો અને તોતડાતો બોલી ઊઠયો. "હું ત... તો સૂરજનું પહેલું ક... કિરણ ફૂટતાં જ ઊઠી જાઉં છું."

"મને ખબર નથી કે સૂરજનું પહેલું કિરણ કયું હોય ને બીજું કિરણ કયું હોય, પણ એટલી તો પાકી ખબર છે કે આ ભાઈ ઊંઘતા જ પડી રહેવાના," ગેઇકાએ પોતાની વાતને વળગી રહેતાં વળતો જવાબ દીધો.

એટલામાં ઝૂલે બેઠેલા ચોકીદારે સોટી વગાડી. છોકરા સફાળા ખડા થઈ ગયા.

ઘોડેસવાર તોપ ટુકડી રસ્તે ધૂળની ડમરીઓ ઉડાડતી ધસમસાટ જઈ રહી હતી. ચામડા અને ધાતુનાં વજનદાર જોતરવાળા જોરાવર ઘોડા દારૂગોળાનાં લીલાં ગાડાં અને કૅન્વાસ ઢાંકેલી તોપોને પુરપાટ ઝડપે ખેંચી રહ્યા હતા.

ટાઢતડકામાં કસાયેલા ઘોડેસવાર સિપાહીઓનો વાન ઘેરો થઈ ગયેલો હતો. તેઓ જીનમાં હાલકડોલક

થયા વગર હિંમતભેર છટાથી વળાંક વળી જતા હતા. તોપો ઝપાટાબંધ સરકતી એક પછી એક વનમાં અદૃશ્ય થઈ ગઈ. થોડી વારમાં આખી ટુકડી દેખાતી બંધ થઈ ગઈ.

"સ્ટેશને જાય છે, રેલગાડીમાં સફર કરવા," કોલ્યાએ ભારેખમ અવાજે માહિતી આપી. "મને તો યુનિફૉર્મ જોતાં જ ખબર પડી જાય. અરે, કવાયત કરવા જાતા હોય, કૂચમાં સામેલ થવા જાતા હોય, કે પછી ગમે તે કામે જાતા હોય, બંદાને ખબર પડી જ જાય."

"તું એમ કર, આંખ્યું ઉઘાડી રાખ અને મોઢું બંધ રાખ!" ગેઈકાએ તેને બોલતો અટકાવી દીધો. "આંખ્યું તો અમનેય છે. દોસ્તો, સાંભળો! આ બડાઈખોરની મુરાદ ભાગીને લાલ સેનામાં જોડાઈ જવાની છે!"

"ના, જવાય નહિ," તિમુર વચમાં બોલી ઊઠયો. "એમ તો બને જ નહિ!"

"કેમ નહિ?" કોલ્યાએ સવાલ કર્યો. તેનું મોં રાતું થઈ ગયું. "અગાઉ કાયમ છોકરા કેવી રીતે ભાગીને મોરચે પહોંચી જતા?"

"એ તો અગાઉની વાત! હવે તમામ અફસરો અને બીજા ઉપરીઓને કડક હુકમ મળી ગયા છે કે આપણા જેવડાં બધાંય છોકરાંને ત્યાંથી ચાલતી પકડાવી દેવી."

"ચાલતી પકડાવી દેવી એટલે શું?" કોલ્યા બોલી ઊઠયો. તેના ચહેરામાં રતાશ વધી ગઈ. "એમ કે... પોતાની તરફના હોય તોયે?"

"હા, એમ જ!" તિમુરે નિસાસો નાખ્યો. "પોતાની તરફના હોય તોયે! પણ દોસ્તો, ચાલો, કામ પતાવી લઈએ."

છોકરાઓ પાછા બેસી ગયા.

"કોઈ છોકરાઓ વાંકી શેરીના ૩૪ નંબરના મકાનની બગીચીમાંથી સફરજન... ચોરી જાય છે, ઓળખાયા નથી," કોલ્યાએ ખબર આપી. તેના અવાજમાં ખીજ વરતાતી હતી. "બે ડાળીઓ તોડી નાખી, અને ફૂલની આખી ક્યારીને ખૂંદી નાખી."

"કોનું ઘર છે?" તિમુર નોટબુકમાં નજર નાખતો બોલ્યો. "સિપાહી ક્રયુકોવનું. હવે બોલો, બીજા લોકોની બગીચીઓ અને સફરજનનાં ઝાડની બાબતમાં ઉસ્તાદ રહી ચૂક્યો હોય એવો કોણ છે તમારામાંથી?"

"હું," કોઈ અકળામણમાં અટવાતા અવાજે બબડ્યું.

"આ કોનું કરતૂત હશે?"

"કવાકિન અને એના જોડીદારનું જ હોય, 'નમૂનો' નામે ઓળખાય છે. ખાસ ગોતીને મિચુરિન ઝાડ ઉપર હાથ માર્યો છે, એમાં 'સોનેરી સફરજન' થાય છે."

"વળી પાછો કવાકિન!" તિમુર થોડી વાર વિચારમાં પડી ગયો. "ગેઈકા, એની જોડે વાત કરેલી તેં?"

"કરેલી."

"તો?"

"બે વાર લમણે મુક્કા ઝીંકી દીધા."

"અને એણે?"

"એણેય મને એકબે લગાવી દીધા."

"તારે તો બસ એટલું જ કહેવાનું છે કે 'મેં એને ફટકાર્યો ને એણે મને ફટકાર્યો'... એથી જાણે બહુ

ફાયદો થઈ ગયો! ઠીક... કવાકિનની જોડે ખાસ રીતે હિસાબ પતાવી લેવો પડશે. હવે કામ આગળ ચલાવો, બીજી કોઈ વાત?"

"૨૫ નંબરના મકાનમાં રહેતી દૂધવાળી ડોશીના દીકરાને હયદળમાં બોલાવવામાં આવ્યો છે," ખૂણામાં બેઠેલો એક છોકરો બોલ્યો.

"વાહ! ખરી ખબર છે!" પછી તિમુર નાખુશીના ભાવે માથું ધુણાવતો બોલ્યો: "દરવાજે આપણી નિશાની લગાવવામાં આવી પછી આજે ત્રીજો દિવસ છે. કોણે લગાવી છે? તેં ને, કોલોકોલ્ચિકોવ?"

"હા."

"એમાં તારકનો ઉપલો ડાબો ખૂણો સરકતી ઇયળના જેવો ઊંચોનીચો કેમ છે? કામ કરવું તો સરખી રીતે કરવું! લોકો જોઈને હસવાના! બીજો છે કોઈ સવાલ?"

સીમા સીમાકોવ ઊભો થઈ ગયો અને તેણે સડસડાટ રિપોર્ટ પેશ કરી દીધો:

"પુશકાર્યોવ માર્ગે ૫૪ નંબરના મકાનમાંથી બકરી ખોવાઈ ગઈ છે. હું ત્યાંથી નીકળ્યો ત્યારે કોઈ ડોશી એક છોકરીને મારતી નજરે પડી. મેં ઘાંટો પાડીને કહ્યું કે 'ડોશીમા, મારવાની મનાઈ છે કાયદામાં!' એણે જવાબ દીધો કે 'બકરી ખોવાઈ ગઈ છે, કાળમુખી ક્યાંની!' 'ક્યાં ખોવાઈ ગઈ બકરી?' 'પણે, ઝાડી પછવાડે નાળામાં. દોરી ચાવીને તોડી નાખી અને ભાગી ગઈ, વરુ એને મારીને ખાઈ ગયાં હશે!'"

"ઊભો રહે! કોનું ઘર હતું?"

"પાવેલ ગુર્યેવનું. લાલ સેનાનો સિપાહી છે. છોકરી એની દીકરી હતી, આન્ના. મારતી હતી એ બાઈ એની નાનીમા. નામ ખબર નથી. બકરી કાબરચીતરી છે, પીઠે કાળી છે. માન્કા નામ રાખ્યું છે."

"બકરીને ગોતી કાઢો!" તિમુરે હુકમ છોડ્યો. "ચાર જણની ટોળી બનાવીને તપાસ કરો! તું... અને તું, અને તમે બે. ઠીક, દોસ્તો, બીજી કોઈ બાબત છે?"

"૨૨ નંબરના મકાનમાં એક છોકરી કાયમ રોતી રહે છે," ગેઇકા અચકાતો અચકાતો બોલ્યો.

"કેમ?"

"મેં પૂછેલું, પણ કંઈ કહેતી નથી."

"સરખી રીતે પૂછ્યું હોત તો કહેત. કદાચ કોઈ મારતું હોય... કે પજવતું હોય!"

"બધુંય પૂછેલું, પણ કંઈ કહેતી જ નથી."

"છોકરી મોટી છે?"

"ચાર વરસની."

"આ તો બહુ અફસોસની વાત છે! માણસ હોય તો... પણ ચાર જ વરસની! ઊભો રહે, કોનું ઘર છે?"

"લેફ્ટેનન્ટ પાવલોવનું. થોડા વખત પહેલાં સરહદે ખપી ગયેલો."

"બધુંય પૂછેલું, પણ કંઈ કહેતી જ નથી," તિમુરે ચાળા પાડ્યા. ગેઇકાની બાબતમાં તેને થયેલી નિરાશા સાફ દેખાતી હતી. તે ભવાં સંકોડીને થોડી વાર વિચારમાં ડૂબી ગયો. "ઠીક... હું જ કામ પતાવી લઈશ. આ બાબતમાં તમારે ફિકર કરવાની જરૂર નથી."

"અરે, પણે મિશ્કા કવાકિન દેખાય છે!" ચોકીદારે સાદ પાડ્યો. "સફરજન ખાતો ખાતો આવે છે, રસ્તાની સામી બાજુએ. તિમુર, એક ટોળી મોકલીને એને મેથીપાક ચખાડી દઈએ!"

"ના. તમે સૌ અહીંયાં જ રહેજો, હું હમણાં આવું છું."

તે નિસરણી ઊતરીને છોડવાઓની પાછળ અલોપ થઈ ગયો. ચોકીદારે બહારની દુનિયાનું વર્ણન ચાલુ રાખ્યું:

"એક રૂપાળી છોકરી હમણાં જ નજરે પડી છે. નામ ખબર નથી. હાથમાં વાસણ લઈને ઊભી છે, દૂધ ખરીદે છે. આ ઘરમાં જ રહેતી હશે."

"તારી બહેન છે?" કોલ્યાએ ઝેન્યાની બાંય ખેંચતાં પૂછ્યું. કંઈ જવાબ ન મળ્યો એટલે તેણે ભારેખમ અદાથી અને જાણે ખોટું લાગ્યું હોય એવા અવાજે ચેતવણી આપી: "એને અહીંથી સાદ પાડવાની કોશિશ કરતી નહિ!"

"હવે બેસી રહે ને તું!" ઝેન્યા આંચકો મારીને બાંય છોડાવી લેતી હાંસીના ભાવે બોલી. "જાણે કેમ ઉપરી હોય મારો..."

"એને છેડવાનું રહેવા દે, નહિતર ફટકારી દેશે ક્યાંક..." ગેઈકા કોલ્યાને ચીડવતો બોલ્યો.

"કોને? મને?" કોલ્યાને તરત ચોટ લાગી ગઈ. "એની કને છે શું તે મને ફટકારે? ખાલી નખ, બસ ને? પણ મારી પહેલવાની જોઈ છે? આમ જો, હાથના ને પગના ગોટલા, લોખંડી છે! જોયા ને?"

"અરે, તારા હાથના ને પગના ગોટલા ભલે ને રહ્યા, તોયે એવો ફટકો લગાવી દેવાની કે બસ! એય, દોસ્તો, જોઈ લો! તિમુર કવાકિનની પાસે જાય છે."



એક ઝાડમાંથી તોડેલી ડાળી હળવેથી હવામાં વીંઝતો તિમુર કવાકિનનો માર્ગ આંતરવા જઈ રહ્યો હતો. કવાકિન તેને આવતો જોઈને ઊભો રહી ગયો. તેના ચહેરામાં કોઈ જાતના ભાવ વરતાતા નહોતા, અચંબોયે નહોતો અને બીક પણ નહોતી.

"કેમ છે, કમિસાર!" તે માથું એક તરફ નમાવી દેતો શાંત અવાજે બોલ્યો. "આટલી ઉતાવળમાં કઈ તરફ?"

"કેમ છે, સરદાર!" તિમુરે એવા જ અવાજે જવાબ વાળ્યો. "તને મળવા."



"ખુશીની વાત છે. પણ મહેમાનને ધરવા કંઈ નથી. સિવાય આ, ચાલશે?" તેણે ખીસું ફંફોળીને એક સફરજન કાઢયું અને તિમુરની સામે ધર્યું.

"ચોરીનો માલ?" તિમુરે સફરજનને બટકું ભરતાં સવાલ કર્યો.

"ચોક્કસ," કવાકિન બોલ્યો. "'સોનેરી સફરજન'. પણ અફસોસની વાત છે કે પૂરું પાકેલું નથી."

"ખાટુંબડસ!" તિમુરે મોં બગાડીને સફરજન ફેંકી દીધું. "સાંભળ, ૩૪ નંબરના મકાનની વાડ ઉપર આવી નિશાની તારા ધ્યાનમાં આવી છે?" તિમુરે પોતાના નીલા ખમીસમાં ગૂંથેલો તારક બતાવ્યો.

"જોઈ છે. તો?" કવાકિન સાવધાન થઈ ગયો. "અરે ભાઈ, હું તો દિવસે ને રાતે બધું જોતો રહું છું."

"તો પછી મારી સલાહ માની લે, હવે તને દિવસે કે રાતે આવી નિશાની ક્યાંય દેખાય કે તરત તારે ભડકેલી ભેંશની જેમ ભાગી જવાનું."

"એય કમિસાર, તું તો બહુ મિજાજ કરે છે!" કવાકિન સૂર લંબાવતો બોલ્યો. "બસ હવે, બહુ વાતચીત થઈ ગઈ!"

"અરે સરદાર, સાવ ખચ્ચર જેવો છો તું!" તિમુર અવાજ જરાય મોટો કર્યા વગર બોલ્યો. "બરાબર યાદ રાખી લે, અને તારી ટોળકીનેય કહી દેજે, કેમ કે આ છેલ્લી વારની વાતચીત છે આપણી."

તેમને જોતાં કોઈને લાગે જ નહિ કે વાતચીત કરનારા બે છોકરા પાકા ભાઈબંધ નહિ હોય પણ એકબીજાના દુશ્મન હશે. એટલે, હાથમાં દૂધનું વાસણ લઈને દરવાજે ઊભેલી ઓલ્ગાએ દૂધવાળીને પૂછ્યું કે મવાલી કવાકિનની જોડે વાત કરતો છોકરો કોણ છે.

"ખબર નથી," દૂધવાળીએ જવાબમાં ખીજ ઠાલવતાં કહ્યું, "એના જેવો જ કોઈ મવાલી કે લફંગો હશે. હમણાં હમણાં તારા ઘર નજીક આંટાફેરા કરતો નજરે પડયો છે. બેટી, ધ્યાન રાખજે, એ લોકો ક્યાંક તારી નાની બહેનને મારે પીટે નહિ!"

ઓલ્ગા બેચેન થઈ ગઈ. બે છોકરા તરફ એક

નજર નાખીને તે પાછી વરંડામાં ગઈ અને દૂધનું વાસણ મૂકીને તથા બારણે તાળું વાસીને ઝેન્યાને ગોતવા નીકળી પડી. ઝેન્યા બહાર ગઈ તેને બે કલાકથી વધારે વખત થઈ ગયો હતો પણ હજી ઘેર પાછી નહોતી આવી.

તિમુર પાછો મેડે પહોંચી ગયો. પોતાને કવાકિન જોડે થયેલી વાતચીત વિશે તેણે દોસ્તોને જણાવ્યું. સૌએ નક્કી કર્યું કે બીજે દિવસે ટોળકીને લેખિત ચેતવણી મોકલવી.

છોકરાઓ જરાય અવાજ કર્યા વગર મેડેથી નીચે ઊતરી ગયા અને જુદી જુદી દિશામાં દોડતા ક્યાંક વાડના છીંડા વાટેથી સરકીને તો ક્યાંક વાડ ઓળંગીને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

તિમુર ઝેન્યા તરફ ફર્યો.

"કેમ, બધું સમજાઈ ગયું ને તને?" તેણે પૂછ્યું.

"હા," ઝેન્યાએ જવાબ આપ્યો, "પણ હજી બરાબર નહિ. તું જરાક સાદી રીતે સમજાવ તો ખબર પડે."

"ભલે, પણ પહેલાં નીચે ઊતરી જઈએ. મારી પાછળ પાછળ આવ. અત્યારે તારી બહેન ઘેર નથી."

તેઓ નીચે ઊતરી ગયાં એટલે તિમુરે નિસરણીને હડસેલો મારીને હેઠે પાડી નાખી.

અંધારું થવા લાગ્યું હતું, પણ ઝેન્યા પૂરા વિશ્વાસથી તેની પાછળ પાછળ ચાલવા લાગી.

તેઓ દૂધવાળી ડોશીના ઘર પાસે ઊભાં રહી ગયાં. તિમુરે આસપાસ નજર ફેરવી. કોઈ નજરે ન પડયું. ખીસામાંથી રંગની ટ્યૂબ કાઢીને તે દરવાજા નજીક ગયો. દરવાજે દોરેલા લાલ તારકનો ઉપલો ડાબો ખૂણો ખરેખર સરકતી ઇયળના જેવો ઊંચોનીચો હતો.

તેણે મક્કમ હાથે રેખાઓ સરખી કરી અને સરસ મઝાનો સમતલ ખૂણો બનાવ્યો.

"કહે તો, આ શું કામ કર્યું?" ઝેન્યાએ પૂછ્યું. "તું મને સાદી રીતે સમજાવ. આ બધાનો મતલબ શો છે?"

તિમુરે ટ્યૂબ પાછી ખીસામાં મૂકી દીધી, રંગવાળી આંગળી છોડવાના પાંદડા વડે લૂછી લીધી, અને પછી નજર સીધી ઝેન્યાની નજરમાં પરોવીને કહ્યું:

"તારકનો મતલબ છે કે આ ઘરમાં રહેતો આદમી લાલ સેનામાં સામેલ થઈ ગયો છે, અને હવે આ ઘર અમારી સંભાળ અને રખેવાળીમાં છે. તારા બાપુ સેનામાં છે કે?"

"હા!" ઝેન્યાના જવાબમાં ગર્વનો રણકાર હતો અને લાગણી છલકાતી હતી. "કમાંડર છે."

"એટલે તું પણ અમારી સંભાળ અને રખેવાળીમાં ગણાય."

તેઓ બીજા એક ઘર પાસે થંભી ગયાં. ત્યાં લાલ તારકને જાડી કાળી કિનારી હતી.

"આ જોયું?" તિમુર બોલ્યો. "આ ઘરનો આદમી પણ લાલ સેનામાં સામેલ થઈ ગયેલો, પણ હવે જીવતો નથી. આ લેફ્ટેનન્ટ પાવલોવનું ઘર છે. એ થોડા વખત પહેલાં સરહદે ખપી ગયો. એની વહુ અને નાનકડી દીકરી અહીંયાં રહે છે. ભલા દિલના ગેઇકાને ફિકર થાય છે કે છોકરી કાયમ રોતી કેમ રહે છે. ઝેન્યા, તને મોકો મળે તો એ નાનકડી છોકરીને ખાતર કંઈક કરજે."

તેણે એ બધું સાવ સાદી રીતે કહ્યું, પણ સાંજનું વાતાવરણ મઝાનું હૂંફાળું હોવા છતાં ઝેન્યાની કાયા થરથરી ગઈ.

તે માથું નમાવીને મૂંગી મૂંગી ઊભી હતી. પછી ખાલી કંઈક કહેવાને ખાતર તેણે પૂછ્યું:

"ગેઈકા ખરેખર ભલો છોકરો છે?"

"હા," તિમુર બોલ્યો, "ખલાસીનો દીકરો છે, એનો બાપ નૌકાદળમાં છે. ગેઈકાને પેલા નાના બડાઈખોર કોલોકોલ્ચિકોવની ઝાટકણી કાઢવામાં બહુ મઝા પડે છે, પણ તોયે પાછો એનો બચાવ તો કાયમ કરે જ."

"ઝેન્યા!" કરડો અને ખીજભર્યો સાદ કાને પડતાં તેઓ એકદમ બીજી તરફ ફરી ગયાં. ઓલ્ગા તેમની પાછળ સાવ નજીક ઊભી હતી.

ઝેન્યાનો હાથ તિમુરના હાથને અડી ગયો. તેને થયું કે તિમુરને લઈ જાઉં અને ઓલ્ગા જોડે ઓળખાણ કરાવું.

પણ વધારે ખોફનાક અને લાગણી વગરનો બીજો સાદ સાંભળીને તેણે ખ્યાલ પડતો મૂકી દીધો.

જાણે માફી માગતી હોય એવી રીતે તિમુરની સામે માથું હલાવીને અને અકળામણમાં ખભા હલાવીને તે ઓલ્ગા તરફ ચાલવા લાગી.

"ઝેન્યા!" ઓલ્ગા બોલી. રતુંરતું થઈ ગયેલી હતી અને તેનો શ્વાસ જોરથી ચાલતો હતો. "આ છોકરાની જોડે સોબત કરવાની હું તને સાફ મનાઈ કરી દઉં છું," ઓલ્ગાએ મક્કમ અવાજે પરખાવી દીધું. "તું તેર વરસની છો અને મને અઢાર થઈ ગયાં છે. હું તારી બહેન છું. તારાથી મોટી છું. બાપુ ગયા ત્યારે મને કહી ગયેલા કે..."

"પણ ઓલ્ગા, તું તો કંઈ સમજતી જ નથી, જરાય નહિ!" ઝેન્યા હતાશાની હાલતમાં બોલી ઊઠી. તેની આખી કાયા કંપી રહી હતી. તેને ખુલાસો કરવાનું મન હતું, પોતાનો બચાવ કરવાની તાલાવેલી હતી. પણ તે કંઈ જ ન કરી શકી. તેને અધિકાર જ નહોતો. તેણે તદ્દન નિરાશ થઈને હાથ હલાવ્યો પણ વધુ એકેય શબ્દ તે બોલી નહિ.

તેણે ઘેર જઈને તરત પથારીમાં લંબાવી દીધું, પણ નીંદર કેટલીય વાર સુધી ન આવી. આખરે તે ઊંઘી ગઈ અને તેને ખબર જ ન પડી કે રાતે કોઈએ બારી ખખડાવેલી અને બાપુનો તાર પહોંચાડેલો.

પરોઢ થયું. ગોવાળિયાએ લાકડાનું ભૂંગળું વગાડ્યું. દૂધવાળી ડોશીએ ઝાંપો ખોલીને ગાયને ધણ ભેગી ચરવા મોકલવા બહાર હાંકી. તે ખૂણે પહોંચીને વળી ન વળી એટલામાં તો પાંચ છોકરા ઝાડના ઝુંડ પાછળથી કૂદીને કૂવા તરફ દોડી ગયા. સૌએ તકેદારી રાખેલી કે હાથમાં પકડેલી ખાલી ડોલનો ખણખણાટ જરાય ન થાય.

"પંપ ચલાવ!"

"ઝટ કર!"

"લાવ!"

"લઈ જા!"

છોકરા એક પછી એક આંગણમાં ધસી જતા હતા. ટાઢું પાણી તેમના ઉઘાડા પગ ઉપર ઢોળાતું હતું. ઓકના લાકડાના પીપડામાં ડોલ ખાલી કરીને તેઓ પાછા કૂવા તરફ દોટ મૂકતા હતા.

સીમા સીમાકોવ શ્વાસ ખાવાયે થંભ્યા વગર લગાતાર પંપ ચલાવતો હતો અને થાકીને લોથપોથ થઈ ગયો હતો. તિમુરે તેની પાસે દોડી જઈને પૂછ્યું:

"કોલોકોલ્ચિકોવને જોયો ક્યાંય? નહિ? એટલે એમ કે હજી ઊંઘતો હશે! ઝટ કરો! ડોશી હમણાં પાછી આવશે."

તિમુરે ચુપચાપ કોલોકોલ્ચિકોવની બગીચીમાં સરકીને એક ઝાડ નીચેથી સીટી વગાડી. જવાબની વાટ જોયા વગર ઝાડ ઉપર ચડીને તેણે ઓરડામાં નજર નાખી. ડાળી ઉપરથી તેને બારી વાટે માત્ર ખાટલાનો છેડો અને ધાબળામાં લપેટાયેલા બે પગ નજરે પડયા.

તેણે ઝાડની છાલનો એક કકડો પથારી ઉપર ફેંક્યો અને હળવા અવાજે સાદ પાડયો:

"કોલ્યા! ઊઠી જા, કોલ્યા!"

સૂતેલો માણસ હલ્યો નહિ. તિમુરે ખીસામાંથી ચપ્પુ કાઢયું અને એક લાંબી પાતળી ડાળી કાપીને તેને અણી કાઢી. પછી ડાળીને બારી વાટેથી ઓરડામાં લંબાવીને ધાબળામાં ભરાવી અને આંચકો માર્યો.

પાતળો ધાબળો બારીની પાળ ઉપર સરકી આવ્યો. ઓરડામાંથી ઘોઘરો બેબાકળો ઘાંટો કાને પડયો. ધોળા વાળવાળો કોઈ સજ્જન ખાટલામાંથી ઠેકડો મારીને ઊભો થઈ ગયો. તેણે રાતનાં કપડાં પહેર્યાં હતાં અને તેની નીંદરઘેરી આંખો જાણે કપાળમાંથી બહાર નીકળી આવતી હોય એમ લાગતું હતું. તે સરકતા ધાબળાને પકડી લેતો બારી તરફ ધસી આવ્યો.

વડીલ જેવા બુઝુર્ગને સામે જોઈને તિમુર ઝાડ ઉપરથી નીચે કૂદી પડયો.

પણ ઘરડા સજ્જને હાથમાં પકડી લીધેલા ધાબળાને ખાટલા ઉપર ફગાવી દીધો, ભીંતેથી બેનાળી બંદૂક ઉપાડી લીધી, ચશ્માં ઝટપટ આંખે ગોઠવી દીધાં, બંદૂકને બારીમાંથી બહાર લંબાવીને આસમાનમાં તાકી દીધી, અને આંખો મીચીને ધડાકો કર્યો.

તિમુર એટલો બધો ગભરાઈ ગયેલો કે દોડતો કૂવે પહોંચી ગયો ત્યારે જ ઊભો રહ્યો. ગેરસમજણ થઈ ગઈ હતી. સૂતેલા માણસને તેણે કોલ્યા ધારી લીધેલો, અને ઘરડા સજ્જનને સ્વાભાવિક રીતે જ તેને ચોર ધારી લીધેલો.

તિમુર ઊભો હતો એટલામાં તેને દૂધવાળી ડોશી ડોલ લઈને દરવાજો પાર કરતી નજરે પડી.

તે એકદમ ઝાડી પાછળ ધસી ગયો અને છુપાઈને જોવા લાગ્યો કે શું થાય છે. ડોશી કૂવેથી પાછી આવી અને તેણે ડોલ ઊંચી કરીને પાણી પીપડામાં નાખ્યું. બીજી જ ઘડીએ તે સફાળી બાજુએ ખસી ગઈ. છલોછલ ભરેલા પીપડામાંથી છાલક ઊડીને તેની ઉપર પડી હતી.

હેરતમાં અદ્ધર શ્વાસે આમતેમ નજર નાખતી ડોશીએ પીપડાને ચારે બાજુએથી તપાસી જોયું. તેણે પીપડામાં હાથ ઝબોળીને પાણીને સૂંઘી જોયું. પછી ઉતાવળે ડગલે ઓટલે જઈને બારણાનું તાળું બરાબર તપાસી જોયું. શું ધારવું અને શું નહિ તેની ગમ ન પડતાં તેણે આખરે જઈને પાડોશીની બારી ખખડાવી.

તિમુર હસી પડયો અને છુપાવાની જગ્યાએથી બહાર નીકળ્યો. તેને ઉતાવળ કરવાની હતી. સૂરજ ઊગવા લાગ્યો હતો. કોલ્યા કોલોકોલ્ચિકોવ આવ્યો નહોતો, અને તાર જોડવાનું કામ હજી બાકી હતું.

બગીચીમાં થઈને મેડા તરફ જતાં તિમુરે બંગલીની ઉઘાડી બારીમાંથી અંદર નજર નાખી.

ઝેન્યા બાંડિયું અને ચડ્ડી પહેરીને ખાટલા નજીક ટેબલ પાસે બેઠી બેઠી લખવામાં મશગૂલ હતી. તે મોં ઉપર આવી જતા વાળને અધીરાઈથી વારંવાર પાછળ ફંગોળતી હતી.

તિમુરને જોઈને ઝેન્યાને ગભરાટ પણ ન થયો અને અચરજ પણ ન થયું. તેણે માત્ર આંગળી વડે ઈશારો કરીને સમજાવી દીધું કે અવાજ નથી કરવાનો, કદાચ ઓલ્ગા જાગી જાય. પછી અધૂરો કાગળ ખાનામાં સરકાવી દઈને તે હળવે પગલે ઓરડામાંથી બહાર આવી.

તિમુર સવારના પહોરમાં કેવી પરેશાનીમાં અટવાઈ ગયેલો તેની વાત સાંભળીને ઝેન્યા ઓલ્ગાની બધી તાકીદો સાવ ભૂલી ગઈ અને પોતે જ તોડી નાખેલા તાર પાછા જોડી દેવામાં તિમુરને મદદ કરવા ખુશીથી તૈયાર થઈ ગઈ.

કામ પતી ગયું અને તિમુર જવા લાગ્યો ત્યારે ઝેન્યા બોલી:

"કોણ જાણે કેમ પણ મારી બહેનને તારી ઉપર સખત નફરત થઈ ગઈ છે."

"લો, સાંભળો!" તિમુરના અવાજમાં અફસોસ વરતાતો હતો. "અને મારા કાકાને તારી ઉપર!"

તે વળી જવા લાગ્યો પણ ઝેન્યાએ તેને રોકી રાખ્યો.

"ઊભો રહે, વાળ ઓળી લેતો હોય તો! આજે સાવ ઝીંથરિયો લાગે છે."

તે દાંતિયો કાઢીને તિમુરને આપતી હતી એટલામાં બારીએથી ઓલ્ગાનો ખીજભર્યો ઘાંટો કાને પડયો:

"ઝેન્યા, શું કરે છે તું?"

બેઉ બહેનો વરંડામાં સામસામી ઊભી રહી.

"તારા ઓળખીતા હું નથી પસંદ કરી આપતી," ઝેન્યાએ હતાશ અવાજે બચાવ કર્યો. "કોણ ઓળખીતા? સાધારણ ઓળખીતા. સફેદ સૂટવાળા. 'અરે વાહ! તમારાં બહેન કેવું સરસ વગાડે છે!' બહુ સરસ! એક વાર સાંભળો તો ખબર પડે કે વઢે છે કેવું સરસ! આ જોયું? બધુંય કાગળમાં બાપુને લખું છું!"

"ઝેન્યા! એ છોકરો મવાલી છે, અને તું મૂરખ છો," ઓલ્ગા ગુસ્સાને કાબૂમાં રાખવાની કોશિશ કરતી જરાય લાગણી વગરના અવાજે બોલી. "તારે બાપુને લખવું હોય તો ભલે, લખજે, પણ મેં તને ફરી ક્યારેય એ છોકરા ભેગી જોઈ કે તરત આપણે અહીંથી જતાં રહેવાનાં, પાછાં મોસ્કો. તને તો ખબર છે કે હું જે કહું એ કરી દેખાડું છું, ખબર છે ને?"

"હા, જાલિમ છો તું!" ઝેન્યા જવાબમાં બોલી. તેની આંખોમાં આંસુ છલકાતાં હતાં. "બરાબર ખબર છે મને!"

"હવે આ લે અને વાંચ," ઓલ્ગા બોલી, અને રાતે આવેલો તાર ટેબલ પર મૂકીને બહાર ચાલી ગઈ.

તારમાં લખેલું હતું:

"સફરમાં વચ્ચે મોસ્કોમાં થોડાક કલાક રોકાવાનું થશે. તારીખ અને વખત ફરી તારથી જણાવીશ. બાપુ."

ઝેન્યા આંસુ લૂછી નાખીને તાર હોઠે દબાવતી ગણગણી:

"બાપુ, ઝટ આવો! બાપુ! તમારી ઝેન્યા બહુ પરેશાન છે!"

નાનકડી કૂર્તિલી છોકરીને બકરી ખોઈ દેવા બદલ જે ડોશીએ મારેલી તેને ત્યાં બે ગાડાં ભરીને બળતણનાં લાકડાં પહોંચાડવામાં આવ્યાં હતાં.

ગાડાવાળા તો લાકડાં આડેધડ ઠાલવીને રસ્તે પડી ગયેલા. બિચારી ડોશી ઊંહકારા કરતી અને હાંફતી

લાકડાં સરખી રીતે ગોઠવતી હતી અને બેપરવા ગાડાવાળાઓની ઉપર કદુવા વરસાવતી હતી. ઘરડી બાઈ માટે કામ વધારે પડતી મહેનતનું હતું. એકાએક તેને જોરથી ઉધરસ આવવા લાગી એટલે તે ઘડીક શ્વાસ ખાવા પગથિયે બેસી ગઈ. પછી છોડવાને પાણી પાવાનું ડબલું ઉપાડીને લડખડાતે ડગલે શાકભાજીના વાડામાં ચાલી ગઈ. આંગણમાં આન્નાનો ત્રણ વરસનો ભાઈ એકલો રહી ગયો. છોકરો જોરાવર અને મહેનતુ જણ હતો, નાનીમા દેખાતી બંધ થઈ કે તરત એક લાકડું ઉપાડીને બાંકડા ઉપર અને ઊંધા પડેલા ટબ ઉપર ધડાધડ ઝીંકવા લાગ્યો.

એટલામાં સીમા સીમાકોવની ટોળી આંગણમાં ધસી આવી. મોખરે સીમા સીમાકોવ હતો અને તેની પાછળ બીજા ચાર છોકરા હતા. તેઓ પલાયન બકરીની તલાશમાં નીકળેલા, પણ બકરી તો જાણે બંગાળના વાઘની હરીફાઈ કરતી હોય એમ ઝાડીઝાંખરાંને ઠેકતી અને નાળાં વટાવતી પુરપાટ દોડતી હતી. એટલે જંગલ શરૂ થતું હતું ત્યાં એક છોકરાને ગોઠવીને બાકીના ઘર તરફ પાછા આવ્યા હતા. સીમા સીમાકોવે મુઠ્ઠી ભરીને વગડાઉ બેરીફળ છોકરાના મોંમાં ઠાંસી દીધાં અને કાગડાનું ચળકતું પીંછું તેના હાથમાં પકડાવી દીધું. તેની ટુકડી ઝપાટાબંધ લાકડાં ગોઠવવા લાગી.

તે પોતે ડોશીમાને શાકભાજીના વાડામાં રોકી રાખવા વાડ ફરતો ચકરાવો લઈને એ તરફ જવા લાગ્યો. એક જગ્યાએ વાડની અડોઅડ ચેરી અને સફરજનનાં ઝાડનું ઝુંડ હતું. સીમા સીમાકોવ ત્યાં ઊભો રહીને એક કાણા વાટેથી અંદર જોવા લાગ્યો. ડોશીએ ઝોળી ભરીને કાકડી ભેગી કરી લીધી હતી અને હવે તે પાછી ફરવાની તૈયારીમાં હતી.

સીમા સીમાકોવે વાડનાં પાટિયાં ઉપર હળવા ટપકારા કર્યા.

ડોશી ચોંકી ગઈ. પછી સીમા ભોંયેથી એક સાંઠીકડું લઈને તેના વડે સફરજનના ઝાડની ડાળીઓ હલાવવા લાગ્યો.

ડોશીને લાગ્યું કે કોઈ સફરજન ચોરી જવા લપાતું છુપાતું વાડ ઉપર ચડે છે. તેણે કાકડીઓ નીચે નાખી દીધી, એક મોટું ઝાંખરું જમીનમાંથી ખેંચી કાઢ્યું, અને પછી હળવે પગલે વાડ નજીક જઈને તે પાટિયાંની આડશમાં વાટ જોતી ઊભી રહી.

સીમા સીમાકોવે ફરી વાર કાણા વાટેથી અંદર નજર નાખી પણ હવે ડોશી ક્યાંય દેખાતી નહોતી. તે ફિકરમાં પડી ગયો, ટટ્ટાર થઈ ગયો, અને વાડની ટોચ પકડીને સાવચેતીથી ઉપર ચડવા લાગ્યો.

બરાબર એ જ ઘડીએ ડોશી ફતેહનો હાકોટો કરતી ઠેકડો મારીને છુપાવાની જગ્યાએથી આગળ આવી અને તેણે ઝાંખરું સીમાના હાથ ઉપર ફટકારી દીધું.

પીડાથી બળતો હાથ જોરથી હલાવતો સીમા દરવાજા તરફ ભાગ્યો. બીજા છોકરાઓ પણ કામ પતાવીને દોડતા દરવાજો પાર કરી રહ્યા હતા.

આંગણ વળી પાછું સાવ ખાલી થઈ ગયું, એક નાનકડા છોકરા સિવાય. છોકરાએ એક છોડિયું લાકડાંનાં ખડકલા ઉપર મૂક્યું, અને પછી બર્ચના ઝાડની છાલની એક પટ્ટીને ઘસડીને તે ખડકલા તરફ લઈ જવા લાગ્યો.

ડોશી શાકભાજીના વાડામાંથી પાછી આવી ત્યારે છોકરો એવા કામમાં મશગૂલ હતો. ડોશી તો લાકડાંના સરસ મઝાના ખડકલાને ડોળા ફાડીને તાકી રહી.

“હું જરાક ગઈ એટલી વારમાં આ કામ કોણે કરી નાખ્યું?” તેણે સવાલ કર્યો.

છોકરો ઝાડની છાલ લાકડાંના ખડકલા ઉપર મૂકીને દમામનો ડોળ કરતો બોલ્યો:

"તમને કંઈ દેખાતું જ નથી, નાનીમા, મેં જ કરી નાખ્યું છે કામ."

એટલામાં દૂધવાળી આંગણમાં આવી. બેઉ ડોશીઓ પાણી અને લાકડાંના અજબ બનાવોની વાતો જોરશોરથી કરવા લાગી. તેમણે નાનકડા છોકરા પાસેથી વાત કઢાવવાની કોશિશ કરી પણ તેમાંથી બહુ ઓછી જાણકારી મળી. તેણે કહ્યું કે કેટલાક માણસો આંગણમાં ધસી આવેલા, તેમણે મારા મોંમાં મીઠાં બેરીફળ ભરી દીધેલાં, મને એક પીંછું આપેલું, વળી બે કાન અને ચાર પગવાળું સસલું પકડીને મને આપવાનો વાયદો કરેલો. પછી એ લોકો લાકડાં ગોઠવીને ભાગી ગયેલા.

એટલામાં આન્ના આંગણમાં આવી.

"આન્ના, હમણાં આંગણમાં કોણ લોકો આવેલા? તેં જોયેલા?" ડોશીએ પૂછ્યું.

"ના, હું તો બકરીને ગોતવા ગયેલી," આન્ના મોં કટાણું કરતી બોલી. "સવારથી એને ગોતવા આમથી તેમ દોડતી રહી છું!"

"ચોરી ગયા!" ડોશીએ દૂધવાળી તરફ ફરતાં રાગડો તાણ્યો. "કેવી મઝાની બકરી હતી! અરેરે! એને બકરી કહેવાય જ નહિ, પારેવડા જેવી હતી! પારેવડું મારું!"

"જોયું હવે પારેવડું!" આન્નાએ ડોશી પાસેથી આઘી ખસી છતાં છીંકોટો કર્યો. "શીંગડાં ઝીંકવાનું ચાલુ કરી દે એટલે પછી ઠેકડો મારીને છટકી જવાનોયે વખત ના મળે! પારેવાંને શીંગડાં ન હોય!"

"આન્ના, તું જીભડી ઝાલી રાખ તારી! મૂંગી રહે મૂંગી, નમાલી મૂરખ ક્યાંની!" ડોશીએ બરાડો પાડયો. "હું ક્યાં કહું છું કે બકરી જરાક મિજાજી નહોતી! હું તો ડાહી બિચારીને વેચી નાખવાની હતી. પણ મારું પારેવું ઊડી ગયું!"

એ ઘડીએ દરવાજો કિચૂડ કિચૂડ કરતો ઊઘડી ગયો. બકરી શીંગડાં ભોંયે ઘસીને ફાળ ભરતી અંદર આવી અને સીધી દૂધવાળી તરફ ધસી ગઈ. બિચારી ભલી બાઈ ચીસ પાડતી દૂધનું ભારે બોઘરણું ઉપાડી લઈને સડસડાટ ઓટલે ચડી ગઈ. બકરી દોડતી ઘરની દીવાલ પાસે જઈને ઊભી રહી ગઈ.

પછી સૌના ધ્યાનમાં આવ્યું કે જનાવરનાં શીંગડાંમાં એક પાટિયું બાંધેલું હતું અને તેમાં લખેલું હતું:

છું તો બકરી હું બકરી,
ખેર નથી, જો હું વકરી!
આન્નાને કોઈ મારે જો,
એની થવાની વલે તો!

દરમિયાનમાં વાડની પાર ખૂણે છોકરા ભારે મોજમાં જોરથી હસતા હસતા બેવડ વળી જતા હતા.

સીમા સીમાકોવ જમીનમાં લાકડી ખોડીને તેની ફરતે જોરદાર નાચ કરતો ગર્વીલા અવાજે લલકારતો હતો:

નથી મવાલી કે રખડુ અમે,
નથી ધાડું લફંગાનું અમે,
કરવાનું મદદ સૌને, અમને ગમે,
બાળવીરો બહાદુર, ખંતીલા અમે!

પછી છોકરાઓ ચુપ થઈને પંખીઓના ઝુંડની જેમ સરકી ગયા.

હજી ઘણું બધું કામ બાકી હતું, પણ સૌથી મોટી વાત તો આખરીનામું ઘડી કાઢીને મિશા કવાકિનને મોકલવાની હતી.

કોઈને ખબર નહોતી કે આખરીનામાનું લખાણ કેવું હોય, એટલે તિમુરે જઈને કાકાને પૂછ્યું.

કાકાએ સમજાવ્યું કે દરેક દેશ પોતાની આગવી રીતે આખરીનામું લખે, પણ વિનયવિવેક જાળવવા ખાતર છેલ્લા શબ્દો આવા હોય:

"શ્રીમાન પ્રધાન, મારા ઊંડા આદરની ખાતરી સ્વીકારવાની કૃપા કરશો."

પછી આખરીનામું સત્તાવાર એલચી મારફત દુશ્મન દેશના શાસકને પહોંચાડવામાં આવે.

પણ એ રીત તિમુરને કે બીજા કોઈને બહુ ગમી નહિ. પહેલી વાત તો એ કે પેલા મવાલી કવાકિન તરફ કોઈ જાતનો આદર બતાવવાનો ઈરાદો તેમને બિલકુલ નહોતો. બીજું એ કે કવાકિનની ટોળકીએ માન્ય કરેલો હોય એવો કોઈ કાયમી એલચી કે સાદો કાસદ પણ તેમની ટુકડીમાં નહોતો.

બાબત વિશે સરખી રીતે મસલત કરીને તેમણે નક્કી કર્યું કે ઝાપોરોઝયેના કઝ્ઝાકોએ તુર્કીના સુલતાનને મોકલેલું એવું સાદું આખરીનામું મોકલી દેવું. તેમણે સૌએ આખરીનામું લખતા કઝ્ઝાકોનું ચિત્ર જોયું હતું, અને એ બહાદુર ઇન્સાનો તુર્કોની સામે, તાતારોની સામે, તથા પોલૅંડીઓની સામે કેવી રીતે લડેલા તેને વિશે વાંચ્યું હતું.

ઓલ્ગા અને ઝેન્યાના ઘરની સામે આવેલા ઘરના દરવાજા ઉપર કાળી કિનારી અને લાલ તારકનું નિશાન હતું. રાખોડી દરવાજાની પાછળ છાંયાદાર બગીચીમાં ઊજળા વાળવાળી એક નાનકડી બાળકી કાંકરીદાર પગદંડીએ ચાલતી આવી રહી હતી. તેની મા, જુવાન અને રૂપાળી પણ થાકેલી અને ઉદાસ દેખાતી બાઈ, બારી પાસે ડોલતી ખુરશીમાં બેઠી હતી. બારીની પાળ ઉપર વગડાઉ ફૂલોનો મોટો ગુચ્છો ગોઠવેલો હતો. સગાંસંબંધીઓ અને મિત્રોએ તેમ જ ઓળખીતા અને અજાણ્યાં માણસોએ મોકલેલા તાર અને કાગળોનો ઢગલો બાઈની સામે પડયો હતો.

એ બધા તાર અને કાગળોમાં ઊંડી હમદર્દીના શબ્દો લખેલા હતા. તેમાંથી જાણે વનમાં દૂરથી બોલાતા અવાજોના પડઘા સંભળાતા હોય એવી લાગણી થતી હતી. વનના એવા પડઘાઓમાં કોઈ ક્યાંય બોલાવતું ન હોય, કશા વાયદા ન હોય, છતાં મુસાફરને દિલમાં રાહત લાગે કે નજીકમાં ક્યાંક માણસ છે, અંધારા વનમાં પોતે એકલો નથી.

ઊજળા વાળવાળી બાળકી વાડ નજીક પહોંચીને ઊભી રહી ગઈ. તેણે હાથમાં ઊંધી પકડેલી ઢીંગલીના લાકડાના હાથ અને શણના ચોટલા જમીન પર ઘસડાતા હતા. પ્લાયવૂડના પાટિયામાંથી કાપીને ચીતરેલું એક સસલું વાડની ટોચેથી લટકતું હતું. તેના ચહેરાના ભાવ હસાવી દે એવા અને જાણે ગમગીન લાગતા હતા. તે એક પંજાને આંચકા મારીને નાનકડા વાજાના તાર ઝણઝણાવતું હતું.

નાનકડી બાળકીને તો એવો ચમત્કાર એટલો અજબ અને સરસ લાગ્યો કે બીજું કશું તેની તોલે આવે જ નહિ. તે એટલી બધી ખુશખુશાલ થઈ ગઈ કે ઢીંગલીને પડતી મૂકીને વાડ તરફ દોડી ગઈ. સસલું જાણે તેને રાજી કરવા તલપાપડ હોય એમ તરત સીધું તેના હાથમાં પડયું. વાડ પાછળથી ઝેન્યાનું હસતું મુખડું ફૂટી નીકળ્યું.

નાનકડી બાળકીએ ઝેન્યાની સામે જોયું.

"તું શું મારી જોડે રમે છે?"

"હાસ્તો, તારી જોડે જ વળી. નીચે ઠેકડો મારું?"

"થોડીક ખાજવણી છે અહીંયાં, બહુ કરડકણી," નાનકડી બાળકીએ જરાક વિચાર કરીને ચેતવણી આપી. "કાલે હું અડી ગયેલી તે મને સખત બળતરા ઊપડેલી."

"વાંધો નહિ," ઝેન્યા ઠેકડો મારતી બોલી, "મને એની બીક નથી. તને કાલે જે અડી ગયેલી એ ખાજવણી બતાવ. આ જ છે ને? હવે નજર માંડીને જો—આમ ખેંચી કાઢી, આમ હેઠે નાખી દીધી, આમ પગ નીચે કચડી નાખી, અને આમ એની ઉપર થૂંકી. જોયું ને? ઠીક છે ને? ચાલ, હવે રમીએ! તું સસલું લે ને હું ઢીંગલી લઉ છું."

ઓલ્ગાએ ઓટલેથી ઝેન્યાને પાડોશીની વાડ નજીક આંટાફેરા કરતી જોયેલી, પણ તે બહેનના મામલામાં દખલ કરવા નહોતી માગતી. એક દિવસ માટે પૂરતાં આંસુ સવારે નીકળી ગયેલાં. પણ ઝેન્યા વાડ ઉપર ચડીને પાડોશીની બગીચીમાં કૂદી પડી ત્યારે ઓલ્ગાને ફિકર થવા લાગી. તેણે બહાર નીકળીને રસ્તો પાર કર્યો અને સામા ઘરનો દરવાજો ખોલ્યો. ઝેન્યા અને નાનકડી બાળકી બારી પાસે બાઈની સામે ઊભી હતી. બાળકી માને બતાવતી હતી કે રમૂજી અને ગમગીન સસલું વાજું કેવી રીતે વગાડે છે, અને માના હોઠ મલકતા હતા.

બહેનને બગીચીમાં દાખલ થતી જોતાં જ ઝેન્યાના ચહેરામાં છવાઈ ગયેલા અકળામણના ભાવ જોઈને બાઈને ખ્યાલ આવી ગયો કે ઓલ્ગા નાખુશ છે.

"એની ઉપર ખિજાતાં નહિ," તેણે શાંત અવાજે ઓલ્ગાને કહ્યું. "એ તો મારી નાનકડી દીકરી જોડે ખાલી રમે છે. અમારે તો દુખના દહાડા આવ્યા છે..." બાઈ થોડી વાર ચુપ રહીને આગળ બોલી, "હું તો રોઈ રોઈને આંધળી થઈ ગઈ છું, પણ આને તો..." બાઈએ નાનકી દીકરી તરફ ઇશારો કરીને ખાલી હોઠ ફફડાવતાં સાવ ધીમેથી કહ્યું, "પણ આને તો ખબરેય નથી કે એના બાપુ થોડા વખત પહેલાં સરહદે ખપી ગયા છે."

હવે ઓલ્ગાને અકળાઈ જવાનો વારો આવ્યો. ઝેન્યા જરાક આઘેથી બહેનને તાકી રહી હતી, તેના મોં પર સખત ફરિયાદના ભાવ છવાયેલા હતા.

"અને હું સાવ એકલી છું," બાઈએ વાત આગળ ચલાવી. "મારી મા દૂર, બહુ દૂર, પહાડી વિસ્તારમાં રહે છે. ભાઈઓ લશ્કરમાં છે. મારે બહેનો નથી."

જુવાન બાઈએ ઝેન્યાને ખભે હાથ મૂકીને બારી તરફ ઇશારો કર્યો.

"બેટી, ફૂલનો આ ગુચ્છો રાતે મારે ઓટલે તેં મૂકેલો કે?" તેણે પૂછ્યું.

"ના, મેં નહિ," ઝેન્યા જરાય વિચાર કર્યા વગર બોલી, "પણ મને લાગે છે કે અમારામાંથી જ કોઈ હશે."

"કોણ?" ઓલ્ગાએ ગૂંચવણભરી નજર ઝેન્યા તરફ નાખી.

"ખબર નથી," ઝેન્યા ગભરાઈ ગઈ. "મેં નહોતો મૂક્યો. મને તો એની કંઈ ખબર જ નહોતી. અરે, કોઈ આવે છે, જુઓ!"

ઘર પાસે ઊભી રહી ગયેલી મોટરમાંથી વિમાની દળના બે અફસરો ઊતર્યા અને દરવાજો ખોલીને બગીચીની પગદંડીએ મોટાં ડગલાં ભરતા નજીક આવવા લાગ્યા.

"મને મળવા આવ્યા છે," બાઈ બોલી. "ખબર છે શું કહેવાના—હું થોડો વખત કોઈ બીજી જગ્યાએ ચાલી જાઉં તો સારું એમ કહેશે, ક્રિમિયા કે કોકેસસ, કોઈ આરોગ્યભવનમાં કે વિશ્રામધામમાં, જવાનું મને ગમે કે નહિ એમ પૂછશે..."

અફસરોએ આદરની લાગણી બતાવવા ટોપીએ હાથ અડાડયા. બેમાંથી મોટા અફસરને, કૅપ્ટનને, બાઈના છેલ્લા શબ્દો સંભળાઈ ગયા હશે એટલે તેણે કહ્યું:

"ના, ક્રિમિયા પણ નહિ ને કોકેસસ પણ નહિ, કોઈ આરોગ્યભવન પણ નહિ ને વિશ્રામધામ પણ નહિ. તમને મન હતું માને મળવાનું, ખરું ને? તો આંટો આવે છે. આજે ઈર્કુત્સ્કથી રવાના થશે. એમને ખાસ વિમાનમાં ઈર્કુત્સ્ક પહોંચાડવામાં આવેલાં."

"કોણે પહોંચાડી માને?" બાઈ ખુશી અને હેરતમાં બોલી ઊઠી. "તમે?"

"ના," કૅપ્ટને જવાબ આપ્યો. "અમારા અને તમારા સાથીઓએ."

નાનકડી બાળકી દોડતી આવી અને તેણે સાધારણ નજરે મહેમાનોની સામે જોયું. નીલા યુનિફૉર્મથી ટેવાયેલી હોય એમ લાગતું હતું.

"મા, મને હીંચકો બનાવી દે," તેણે કહ્યું, "પછી હું આમથી તેમ ને તેમથી આમ ઊડતી રહીશ, આઘે આઘે ઊડી જઈશ, બાપુની જેમ!"

"ના, ના, એમ કરતી નહિ!" મા દીકરીને તેડી લઈને જોરથી છાતીએ ચાંપી લેતી બોલી ઊઠી: "ના, બાપુ જેટલે દૂર તારે નથી ઊડવાનું, ક્યારેય નહિ!"

માલી ઓવ્રાઝની શેરી નજીક નાનકડા દેવળની પાછળ ફૂલો છવાયેલી હરિયાળી જગ્યા હતી. દેવળની પછીતે દોરેલાં ચિત્રોમાં દાઢીવાળા કરડા બુઢ્ઢાઓ અને સફાચટ દાઢી કરેલા દેવદૂતો નજરે પડતા હતા. તેમાં કયામતના દિવસના ચિત્રમાં ઊકળતા ડામરના દેગડા અને આમથી તેમ ધસતા શયતાનો દેખાતા હતા. એ ચિત્રથી જરાક જમણી તરફ કવાકિનની ટોળકી અડ્ડો જમાવીને પત્તાં રમવામાં મશગૂલ હતી.

તેમની પાસે પૈસા નહોતા એટલે સૌ "ધોંકા", "ફટકા" અને "મડદું-સજીવન"ના દાવ લગાવીને રમતા હતા. હારે તેની આંખે પાટા બાંધીને તેને ઘાસ ઉપર સુવડાવી દેવામાં આવે, પછી તેના હાથમાં "મીણબત્તી" એટલે લાંબી લાકડી આપવામાં આવે. મરી ગયેલા માણસની દયા ખાઈને ભાઈભાંડુ તેના ઉઘાડા પગના નળા, પિંડીઓ, અને પાનીઓ ઉપર ઝાંખરાં જોરજોરથી ઝીંકે, અને એ રીતે તેને ફરી જીવતો કરવાની પૂરી કોશિશ કરે. બિચારો સૂતેલો માણસ એવાં માયાળુ ભાઈભાંડુને આઘાં રાખવા હાથની લાકડી વીંઝતો રહે.

રમત પુરજોસમાં ચાલતી હતી એટલામાં વાડની બીજી તરફથી બ્યૂગલનો તીણો અવાજ કાને પડયો. તિમુરના કાસદો ત્યાં ઊભા હતા.

ટુકડીના રણભેરી ઉસ્તાદ કોલ્યા કોલોકોલ્ચિકોવના હાથમાં પિત્તળનું ચળકતું બ્યૂગલ હતું, અને કરડો ચહેરો લઈને ઊભેલા ગેઈકાના હાથમાં જાડા બદામી કાગળનું કવર હતું.

"આ તે કેવો સરકસનો ખેલ માંડયો છે?" નમૂના નામે ઓળખાતા છોકરાએ વાડ ઉપર નમીને સવાલ કર્યો. "મિશા!" તેણે પાછળ જોઈને સાદ પાડયો. "રમત પડતી મૂકી દે! તને મળવા આવ્યા છે, જાણે રીતસરની કારવાઈ લાગે છે!"



3—1144

"લે ને, આ રહ્યો હું!" ક્વાકિન વાડ ઉપર ચડી જતો બોલ્યો, "એય, ગેઈકા, કેમ છે! ભેગો આ કોણ છે, દેડકા જેવો?"

"આ કવર લે," ગેઈકાએ આખરીનામું તેના હાથમાં પકડાવી દીધું. "વિચાર કરવા ચોવીસ કલાકની મહેતલ છે તને! કાલે આ જ વખતે હું જવાબ લેવા આવીશ."

કોલ્યા કોલોકોલ્ચિકોવને દેડકા જેવો કહેવામાં આવેલો એટલે તેને ખરેખરની ચોટ લાગી ગઈ હતી. તેણે બ્યૂગલ ઊંચું કર્યું અને ગાલ ફુલાવીને જોરદાર અવાજ વહેતો મૂકી દીધો. પછી બેઉ કાસદો મોભાદારીનું મૌન જાળવીને ચાલતા થઈ ગયા. વાડને અડીને ઊભેલા છોકરાઓ કુતૂહલની નજરે તેમને જતા જોઈ રહ્યા.

"પણ આ છે શું?" ક્વાકિન કવર ઉપર આંગળીઓ ફેરવતો અને ડાચાં ફાડીને ઊભેલા છોકરાઓની સામે જોતો બોલ્યો. "આપણે તો ખાલી આપણી જિંદગીમાં મશગૂલ હતા, કોઈના મામલામાં જરાય દખલ નહોતા કરતા, એટલામાં તો બ્યૂગલ ને ધમકી! ના, દોસ્તો, મને તો ગમ પડતી નથી જરાય!"

તેણે કવર ફોડ્યું અને વાડની ઉપર બેઠા બેઠા જ વાંચવાનું શરૂ કરી દીધું:

"'બીજા લોકોની બગીચીઓમાંથી તફડંચી કરનારી ટોળકીના સરદાર મિખાઈલ ક્વાકિનને,' એ તો હું જ, બરાબર," તેણે મોટા અવાજે ખુલાસો કર્યો. "સાચી પદવી ને પાછી સરખી સજાવટ લખાણમાં. 'અને તેના અધમ સાગરીત,'" તેણે આગળ વાંચ્યું, "'અથવા ખાલી નમૂનાને નામે ઓળખાતા, પ્યોતર પ્યાતાકોવને,' એ તું," તેણે રંગમાં આવી જતાં નમૂનાને સમજાવ્યું. "લાગે છે તો સરસ, 'અધમ'! પણ છટા વધારે પડતી છે, કહેવું પડે! મૂરખાની બાબતમાં બીજો કોઈ સાદો શબ્દ વાપરી શક્યા હોત. 'અને તેમની હિચકારી ટોળકીના બીજા બધા સભ્યોને પણ—**આખરીનામું**.' એ વળી શું હશે એની મને તો ખબર નથી," ક્વાકિન વ્યંગમાં બોલ્યો. "ઘણું કરીને કોઈ જાતની ગાળ જ હશે."

"દેશવિદેશોના મામલાઓનો શબ્દ છે, મતલબ એટલો જ કે આપણાં હાડકાં ખોખરાં કરવાની નેમ છે એ લોકોની," નમૂનાની બાજુમાં ઊભેલા ટકાવાળા છોકરાએ ખુલાસો કર્યો. તેનું નામ આલ્યોશ્કા હતું.

"તો પછી સીધેસીધું કેમ નથી કહી દેતા!" ક્વાકિન બોલ્યો.

"હવે આગળ વાંચું છું. કલમ પહેલી: 'શાંતિથી જિંદગી ગુજારતા રહેવાસીઓની બગીચીઓમાં તમે રાતની વેળાએ ધાડ પાડો છો, જ્યાં અમારી નિશાની—લાલ તારક—હોય એવાં ઘરોને કે પછી જ્યાં શોકની કાળી કિનારીવાળા તારકની નિશાની હોય એવાં ઘરોને પણ તમે છોડતા નથી, એ હકીકતને ધ્યાનમાં લેતાં અમે તમને, બાયલા લફંગાઓને, હુકમ કરીએ છીએ...'"

"જો તો ખરો, કેવી ગાળો ભાંડે છે, કૂતરા ક્યાંના!" ક્વાકિન પરાણે હોઠ મલકાવતો બોલ્યો. "વળી કેવા રોનકદાર શબ્દો ને રીતસરનું લખાણ! કહેવું પડે!"

"'મિખાઈલ ક્વાકિન તને, અને પેલા તદ્દન અધમ માણસ નમૂનાને, અમે હુકમ કરીએ છીએ કે અમારા કાસદોએ જણાવેલી જગ્યાએ કાલે સવારનો વખત વીતી જાય તે પહેલાં હાજર થઈ જજો અને તમારી હિચકારી ટોળકીના બધા સભ્યોની યાદી ભેગી લેતા આવજો.'"

"'અમારા હુકમનું પાલન નહિ થાય તો પછી અમને ઠીક લાગે એવું કદમ ઉઠાવવા અમે અમને આઝાદ ગણીશું.'"

"આનો મતલબ? 'આઝાદ' એટલે શું?" ક્વાકિન વળી વચમાં બોલ્યો. "આપણે તો એ લોકોને ક્યાંય પૂરી નથી રાખ્યા."

"એય પાછો દેશવિદેશોના મામલાઓનો શબ્દ છે, મતલબ એટલો જ કે આપણાં હાડકાં ખોખરાં કરવાની નેમ છે એ લોકોની," ટકાવાળા આલ્યોશ્કાએ ફરી ખુલાસો કર્યો.

"તો પછી સીધેસીધું કેમ નથી કહી દેતા!" ક્વાકિન ખીજે ભરાઈને બોલ્યો. "અફસોસની વાત છે કે પેલો ગેઈકા જતો રહ્યો. લાગે છે કે બહુ દિવસથી રોવા નથી મળ્યું એને!"

"એ રોવે એવો નથી," આલ્યોશ્કા બોલ્યો. "એનો ભાઈ ખલાસી છે."

"એથી શું થયું?"

"એના બાપુ પણ ખલાસી હતા. રોવે એવો નથી."

"પણ એમાં તને શું?"

"એમ કે મારા કાકાયે ખલાસી છે."

"હવે રહેવા દે લવારો, સમજ્યો ને!" ક્વાકિનનો પિત્તો ઊકળી ગયો. "બાપુ, ભાઈ, કાકા, આખર આ બધું છે શું! માથે વાળ ઊગવા દે સરખી રીતે, આલ્યોશ્કા, લાગે છે કે તને લૂ લાગી ગઈ છે! અને તું શું બબડાટ કરે છે?" તે નમૂના તરફ ફરતો બોલ્યો.

"કાલે પેલા કાસદોને પકડવા પડશે અને તિમુરની ભેગા એના સંગાથીઓને ઢીબીને પાંસરા કરવા પડશે," આખરીનામાથી અકળાઈ ગયેલા નમૂનાએ ગમગીન અવાજે ટૂંકાણમાં પોતાનો મત જણાવી દીધો.

એમ ફેંસલો થઈ ગયો.

સરદાર અને તેનો સાગરીત દેવળના છાંયામાં ગયા અને એક ચિત્ર પાસે ઊભા રહી ગયા. તેમાં કૂર્નિલા અને જોરાવર શયતાનો પાપીઓને કાયમ બળતી ભઠ્ઠી તરફ ઘસડી રહ્યા હતા. પાપીઓ રાગડા તાણતા હતા અને ધમપછાડા કરતા હતા. ક્વાકિને નમૂનાને સવાલ કર્યો:

"સાંભળ, પેલી છોકરી, જેના બાપુ હમણાં ખપી ગયા છે, એના ઘરની બગીચીમાં તું ગયેલો?"

"હા. એનું વળી શું છે?"

"જો, આમ છે," ક્વાકિન ચિત્ર ઉપર આંગળી મૂકતો ગમગીન અવાજે બોલ્યો, "તિમુરની નિશાનીઓનો તો મને બિલકુલ પરવા નથી, અને એનાં તો હું ગમે ત્યારે હાડકાં ભાંગી નાખું એવો છું..."

"એ તો ઠીક," નમૂનાએ વાત માની લીધી, "પણ તેં આ શયતાનોની ઉપર આંગળી કેમ મૂકી છે?"

"કેમ કે," ક્વાકિને હોઠ વાંકા કરીને જવાબ આપ્યો, "તું મારો ભાઈબંધ છો એ ખરું, નમૂના, પણ તારામાં માણસાઈ નથી, તું વધારે તો આ જાડિયા ગંધારા શયતાન જેવો છો."

સવારે દૂધવાળી દૂધ પહોંચાડવા નીકળી ત્યારે તેના ત્રણ કાયમી ઘરાક ઘરમાં નહોતા. વધેલું દૂધ વેચવા બજારે જવાય એમ નહોતું કેમ કે બહુ મોડું થઈ ગયું હતું. એટલે દૂધનું બોઘરણું ખભે મૂકીને તે ઘેરઘેર ફેરી કરવા નીકળી પડી.

તે પગ ઘસડતી એક પછી એક બારણું ખખડાવતી ગઈ પણ કોઈ ઘરાક મળ્યું નહિ. આખરે તે તિમુરના ઘર પાસે થાક ખાવા બેસી ગઈ.

તેને અંદરથી ઊંડો ખુશનુમા અવાજ કાને પડયો. કોઈ ગાતું હતું. એટલે એમ કે ઘરમાં માણસો હતાં અને નસીબમાં હોય તો થોડુંક દૂધ કદાચ વેચાય.

ડોશી દરવાજો પાર કરીને અંદર જતી રણકતા અવાજે બોલી:

"દૂધ! લેવું છે દૂધ કોઈને!"

"બે લિટર!" ધીમા અવાજમાં જવાબ સંભળાયો.

ડોશીએ દૂધનું બોઘરણું નીચે મૂક્યું અને ફરીને જોયું તો ઝાડી પાછળથી કોઈ ધોળા વાળવાળો અને ચીંથરેહાલ ડોસો તલવાર વીંઝતો લંગડાતી ચાલે આવતો નજરે પડયો.

"બાપા, દૂધ લેવું છે?" દૂધવાળીએ ગભરાટમાં પાછળ ખસી જતાં પૂછ્યું. "ભલા ભગવાન! અરે બાપા, તમે તો ખોફનાક લાગો છો! આ તલવાર શું કામ લીધી છે, ખડ વાઢવા?"

"બે લિટર. વાસણ ટેબલ ઉપર પડ્યું છે," ડોસાએ ટૂંકોટચ જવાબ દીધો અને તલવારની અણી જમીનમાં ખૂંતાડી.

"બાપા, દાતરડું ખરીદી લો," દૂધવાળી ઝટપટ દૂધ વાસણમાં રેડતી અને સાવચેતીની નજર ડોસા તરફ નાખતી આગળ બોલી, "અને આ તલવાર ફેંકી દો. આવી તલવાર જોઈને કોઈ ભોળું માણસ તો બિચારું ધાક ખાઈ જાય!"

"કેટલા પૈસા?" ડોસાએ કોથળા જેવા પાટલૂનના ખીસામાં હાથ નાખતાં સવાલ કર્યો.

"રોજના ભાવે," દૂધવાળીએ જવાબ આપ્યો. "લિટરના એક ને ચાળીસ, કુલ બે ને એંશી. હું વધારે લઉં નહિ."

ડોસાએ ખીસું ફંફોળીને ગોબાળી મોટી રિવોલ્વર કાઢી.

"રહેવા દો, બાપા, પછી આપજો," દૂધવાળીએ તરત બોઘરણું ઉપાડી લઈને રસ્તે પડી જતાં કહ્યું. "તકલીફની જરૂર નથી, મારા ભાઈ," તે લગભગ દોડતી અને પાછળ નજર નાખતી આગળ બોલી, "મને પૈસાની ઉતાવળ નથી, રાજા બાપા!"

તે ઉતાવળી બહાર નીકળીને દરવાજો ધડાક બંધ કરતી શેરીમાંથી ખીજમાં ઘાંટા પાડવા લાગી:

"તને તો પાગલખાના ભેગો કરી દેવો જોઈએ, બુઢ્ઢા શયતાન! આમ છૂટો રહેવા દેવાય જ નહિ! હા, હા વળી! પાગલખાનામાં પૂરીને તાળું મારી દેવાને લાયક છો તું!"

ડોસાએ ખભા હલાવ્યા, હાથમાં તૈયાર રાખેલી ત્રણ રૂબલની નોટ પાછી ખીસામાં ખોંસી દીધી, અને રિવોલ્વરને ઝડપથી પીઠ પાછળ છુપાવી દીધી. ઘરડો સજ્જન ડૉક્ટર કોલોકોલ્ચિકોવ બગીચીમાં દાખલ થઈ રહ્યો હતો.

કાંકરી પાથરેલી પગદંડી ઉપર લાકડીને ટેકે ધીરે ધીરે ચાલતો ડૉક્ટર વિચારમાં ગરકાવ હતો અને તેનો ચહેરો ગંભીર હતો. ધૂની ડોસો નજરે પડતાં તેણે ઉધરસ ખાઈને ચશ્માં સરખાં કરતાં પૂછ્યું:

"ભલા ભાઈ, આ ઘરના માલિકને મળવું છે, ક્યાં હશે?"

"હું જ રહું છું અહીંયાં," ડોસાએ જવાબ આપ્યો.

"તો તો તમે કદાચ એ છોકરાને ઓળખતા હશો," ઘરડો સજ્જન પરાળના ટોપાને જરાક ત્રાંસો કરતો બોલ્યો, "તિમુર ગારાયેવ નામ છે. તમારો કંઈ સગો થાય કે?"

"હા. 'એ છોકરો' મારો ભત્રીજો છે."

"તમને વાત કરતાં મને બહુ અફસોસ થાય છે કે તમારા ભત્રીજાએ કાલે પરોઢિયે અમારા ઘરમાં ખાતર પાડવાની કોશિશ કરેલી," ઘરડા સજ્જને ગળું ખોંખારીને ત્રાંસી નજર તલવાર તરફ નાખતાં શરૂ કર્યું. તલવાર હજી જમીનમાં જેમની તેમ ખૂંતેલી હતી, માલિકે જ્યાં ખૂંતાડેલી ત્યાં જ.



"શું? મારા તિમુરે તમારા ઘરમાં ખાતર પાડવાની કોશિશ કરેલી?"

"હા, જુઓ ને, કેવી વાત છે!" ઘરડા સજ્જને આગળ ચલાવ્યું. તે જોવાની કોશિશ કરતો હતો કે ડોસાએ પીઠ પાછળ શું છુપાવી રાખ્યું છે, અને તેને ઉત્તેજના થવા લાગી હતી. "હું નીંદરમાં હતો ત્યારે મારો ફ્લૅનલનો ધાબળો ચોરી લેવાની કોશિશ કરેલી."

"કોણે? તિમુરે તમારી ચીજ તફડાવી લીધી? તમારો ફ્લૅનલનો ધાબળો ચોરી લીધો?" ડોસો એકદમ ગૂંચવણમાં અટવાઈ ગયો. પીઠ પાછળ વાળેલો રિવોલ્વરવાળો હાથ અનાયાસે જ સીધો થઈને બાજુએ આવી ગયો.

"બેશક. સોગન ખાઈને તો ન કહેવાય પણ હકીકતો... હકીકતો! ભલા સાહેબ! તમને વીનવું છું, નજીક આવતા નહિ! કોણ જાણે કેમ પણ મને... આ તમારો દેખાવ... વળી અજબ વર્તન તમારું..."

"સાંભળો," ડોસો ડૉક્ટર તરફ ડગલું ભરતો બોલ્યો, "આમાં કંઈક ગેરસમજણ હોય એમ લાગે છે."

"ભલા સાહેબ!" ઘરડો સજ્જન વશીભૂત નજરે રિવોલ્વરને તાકી રહેતો અને પાછળ ખસતો બોલી ઊઠયો. "આપણી આ વાતચીત એકદમ અનુચિત, અને આપણી ઉંમરને ધ્યાનમાં લેતાં એકદમ અણછાજતી, દિશામાં વળી રહી છે."

તે ઝડપથી દરવાજાની બહાર કદમ માંડીને વારંવાર બોલતો જવા લાગ્યો:

"એકદમ અનુચિત.... એકદમ અણછાજતી..."

ડોસો દરવાજા નજીક પહોંચ્યો ત્યારે નદીએ નાહવા જતી ઓલ્ગા અને ઉત્તેજિત સજ્જનનો ભેટો થઈ ગયો.

ડોસો એકાએક હાથ હલાવવા અને સાદ પાડીને ઓલ્ગાને ઊભી રહી જવાનું કહેવા લાગ્યો. એ જોઈને ઘરડા સજ્જને બકરા જેવી ફૂર્તિથી ગરનાળું ઠેકીને ઓલ્ગાનો હાથ પકડી લીધો અને બેઉ પલક વારમાં ખૂણો વળીને અદૃશ્ય થઈ ગયાં. ડોસો ખડખડાટ હસી પડયો. તે ખૂબ મોજમાં આવી ગયો હોય અને બેહદ ખુશ થઈ ગયો હોય એમ સાફ લાગતું હતું. તેણે લાકડાનો પગ ઠપકારતાં ગીત લલકારવાનું શરૂ કરી દીધું:

ઊડો આભમાં, ધરતીથી ઊંચે,
ના સમજો કદી શું થાય મને!
જોતી વાટ વિમાનની, બસ ઊભી રહું,
વીતે પળો બહુ ધીરે, હું ગણતી રહું!
હા!..

પછી ગોઠણેથી પટ્ટો ખોલી નાખીને લાકડાનો પગ ઘાસમાં ફગાવી દેતો અને નકલી વાળ તથા દાઢી ખેંચીને ઉતારી લેતો તે ઘરમાં દોડી ગયો.

દસ મિનિટ પછી જુવાન અને ખુશાલ ઍન્જિનિયર ગેઓર્ગી ગારાયેવે ઝડપથી પગથિયાં ઊતરીને કોઠારમાંથી મોટરસાઇકલ કાઢી અને કૂતરી રીતાને ઘરની રખેવાળી કરવા ગોઠવી દીધી. પછી તે મોટરસાઇકલનું ઍન્જિન ચાલુ કરીને ઠેકડો મારતો સીટ ઉપર ગોઠવાઈ ગયો અને ગભરાઈ ગયેલી ઓલ્ગાની તલાશમાં ઝડપથી નદી તરફ રવાના થઈ ગયો.

...ગેઇકા અને કોલ્યા કોલોકોલ્ચિકોવ અગિયાર વાગ્યે આખરીનામાના જવાબ માટે નીકળ્યા.

"સીધો ચાલ," ગેઇકાએ ધુરકાટ કરીને કોલ્યાને કહ્યું. "હળવાં અને મક્કમ ડગલાં ભરીને ચલાય, પણ તું તો જીવડું પકડવા ઠેકડા મારતા મરઘડાની જેમ ચાલે છે. આમ તો, ભાઈ, બધું મઝાનું છે તારી બાબતમાં—પાટલૂન, ખમીસ, આખો પોશાક—પણ તોયે જાણે બરાબર નથી લાગતું. ખોટું લગાડતો નહિ, ભાઈ, હું તો તને કામની વાત કરું છું. જો ને, ચાલતાં ચાલતાં આમ હોઠ ચાટવાની શી જરૂર છે? જીભને પાછી મોઢામાં ભરાવી દે અને એની જગ્યાએ જ રહેવા દે... અને તું અહીંયાં શું કરે છે?" રસ્તે એકાએક ફૂટી નીકળેલા સીમા સીમાકોવને જોઈને ગેઇકાએ સવાલ કર્યો.

"તિમુરે મોકલ્યો છે મને, નજર રાખવા, બાતમી ખાતર," સીમાકોવ સડસડાટ બોલવા લાગ્યો. "જરૂરી છે, એમાં તને કંઈ સમજણ ન પડે. તમે તમારું કામ કરો ને હું મારું કામ કરું. કોલ્યા, તારું બ્યૂગલ વગાડવા દે તો, એક જ વાર! વાહ! તું તો ખરો દમામદાર લાગે છે આજે! ગેઇકા! મૂરખ! ખાસ કામે નીકળ્યો છો ત્યારે પગમાં બૂટ કે કાંઈક પહેર્યું હોત તો સારું હતું! ઉઘાડપગો રાજદૂત કોઈએ જોયો છે ક્યાંય! ઠીક, તમે એ તરફ જાઓ, હું આ તરફ ચાલ્યો! કૂચકદમ! આવજો!"

"કેવો ભડભડિયો છે!" ગેઇકા માથું ધુણાવતો બોલ્યો. "જરૂર ચાર જ બોલની હોય, પણ બોલી નાખે હજાર. કોલ્યા, વગાડ બ્યૂગલ, વાડ આવી ગઈ!"

"મિખાઈલ કવાકિનને બોલાવ!" વાડ પાછળથી એક છોકરાએ ડોકું કાઢ્યું એટલે ગેઇકાએ કહ્યું.

"જમણી તરફ, દરવાજો ખુલ્લો છે, તમને આવકારવા," કવાકિને સામી તરફથી સાદ પાડ્યો.

"નથી જવું," કોલ્યા ગેઇકાનો હાથ ખેંચતો હોઠ ફફડાવીને બોલ્યો, "આપણને પકડીને ઢીબી નાખવાના!"

"બધાય ભેગા થઈને આપણને બેને?" ગેઇકા તુચ્છકારના ભાવે બોલ્યો. "કોલ્યા બ્યૂગલ વગાડ, વધારે જોરથી! આપણને જ્યાં મરજી પડે ત્યાં જઈએ!"

તેઓ કાટ ખાઈ ગયેલા લોખંડી દરવાજાને પાર કરીને અંદર ગયા. આખી ટોળકી સામે ખડી હતી. કવાકિન અને નમૂનો મોખરે હતા.

"કાગળનો જવાબ લાવો!" ગેઇકાએ મક્કમ અવાજે માગણી કરી.

કવાકિને મોં મલકાવ્યું, નમૂનાએ ધુરકાટ કર્યો.

"ચાલો, એની વાત કરી લઈએ," કવાકિને દરખાસ્ત કરી. "થોડીક વાર બેસો, ઉતાવળ શાની છે?"

"કાગળનો જવાબ લાવો," ગેઇકા જરાય લાગણી વગરના અવાજે બોલ્યો. "વાત પછી થતી રહેશે."

અજબ દેખાવ હતો, કોઈ રીતે કળી શકાતું નહોતું કે ખલાસીનું જાકીટ પહેરીને આવેલો એ સીધોસાદો અને ખડતલ છોકરો ડોળ કરે છે, ટોળ કરે છે, કે ખરેખર કાગળનો જવાબ માગે છે. પહોળા ખભાવાળો ઉઘાડપગો જણ મક્કમ ખડો હતો, તેની રાખોડી આંખો જાણે ખાલી કાણાં જ હોય એવી લાગતી હતી. તેને મનમાં ખાતરી હતી કે ઇનસાફ અને તાકાત પોતાને પક્ષે છે. તેની બાજુમાં ઊભેલા વામણા બ્યૂગલવાળાનો ચહેરો ફિક્કો પડી ગયો હતો.

"લે, આ રહ્યો જવાબ," કવાકિને એક ચિઠ્ઠી તેના હાથમાં પકડાવતાં કહ્યું.

ગેઇકાએ કાગળની ગડી ખોલી. નાકે મૂકેલા અંગૂઠાનું અણઘડ ચિતરામણ નજરે પડ્યું. ઉપર ગલીચ શબ્દનું મથાળું હતું.

ગેઇકાએ શાંતિથી કાગળને ફાડીને બે કકડા કરી નાખ્યા. તેના ચહેરામાં ક્યાંય જરાક સરખોયે ફરકાટ ન થયો. એ જ ઘડીએ બેઉ છોકરાના હાથ પકડી લેવામાં આવ્યા.

તેમણે સામનો ન કર્યો.

"એવું આખરીનામું લઈ આવવાના બદલામાં તમારાં લમણાં ભાંગી નાખવાં જોઈએ," કવાકિન ગેઇકાની નજીક ખસતો બોલ્યો. "પણ અમારે તમારી ઉપર બહુ સખતી નથી કરવી." પછી દેવળ તરફ ઈશારો કરતાં તેણે કહ્યું: "તમને રાત સુધી ત્યાં પૂરી દેવામાં આવશે, અને રાતે અમે ચોવીસ નંબરના ઘરની બગીચી સાફ કરી નાખવાના."

"ના, બને જ નહિ એમ," ગેઇકાએ જરાય અકળાયા વગર જવાબ દીધો.

"અરે, એમ જ બનવાનું છે," નમૂનો ગેઇકાને મોં ઉપર મુક્કો ઝીંકી દેતો બરાડી ઊઠયો.

"મારવા હોય તો ભલે સો વાર મુક્કા મારી લો," ગેઇકા બોલ્યો. તેણે આંખો સખત મીચી દીધી અને પછી ઉઘાડી નાખી. "કોલ્યા, તું ગભરાતો નહિ," તેણે સાથીદારને હિંમત બંધાવતાં ઘોઘરા અવાજે કહ્યું, "મને લાગે છે કે આજે એક નંબરનો સામાન્ય જમાવટનો સંકેત મળવાનો!"

કેદીઓને નાનકડા દેવળમાં ધકેલી દેવામાં આવ્યા. અંદર લોઢાના સળિયા જડેલી બારીઓ બહારથી બંધ હતી. બેવડાં બારણાં વાસીને બહાર આગળા ભરાવી દેવામાં આવ્યા.

"કેમ? હવે શું કહેવું છે?" નમૂનાએ મોંએ હથેળીઓ ગોળાકાર ગોઠવીને બારણા પાસેથી ઘાંટો પાડયો. "અમે કહેલું એમ બનવાનું કે તમારી વાત સાચી પડવાની?"

અંદરથી માંડ સંભળાય એવો પોલો અવાજ આવ્યો:

"રહેવા દો, અક્કલના ઓથમીરો, આ ઘડીથી હવે ક્યારેય તમારી મરજી મુજબ કંઈ થવાનું જ નથી!"

નમૂનો નફરતમાં થૂંક્યો.

"એનો ભાઈ ખલાસી છે," ટકાવાળો આલ્યોશ્કા ગમગીન અવાજે બોલ્યો. "એનો ભાઈ અને મારા કાકા એક જ જહાજમાં ભેગા છે."

"એથી શું?" નમૂનો ધમકીના અવાજે બોલ્યો, "આખર તું છો કોણ? કેપ્ટન?"

"એના હાથ છૂટા નહોતા એવી હાલતમાં તેં એને માર્યો. એ શું વાજબી કહેવાય?"

"તુંયે લેતો જા!" નમૂનો ગરજી ઊઠયો અને તેણે આલ્યોશ્કાને મુક્કો ઝીંકી દીધો.

બેઉ છોકરા બથ્થંબથ્થા થઈને નીચે પડી ગયા અને ઘાસમાં એકબીજાની ઉપરનીચે થતા ગબડતા રહ્યા. બીજા છોકરાઓ તેમના હાથપગ પકડીને તેમને નોખા પાડવાની કોશિશ કરવા લાગ્યા.

વાડ નજીક ઊગેલા ઘટાદાર ઝાડનાં પાંદડાં આડેથી પળવાર ઝબકી ગયેલો સીમા સીમાકોવનો ચહેરો કોઈના ધ્યાનમાં ન આવ્યો.

સીમાકોવ ઝાડ ઉપરથી સરકતો નીચે ઊતરી ગયો અને દોટ મૂકીને શાકભાજીના ક્યારા પાર કરતો ધસમસાટ નદી તરફ જવા લાગ્યો. તિમુર અને સાથી છોકરાઓ નદીમાં નહાતા હતા.

ઓલ્ગા માથે ટુવાલ બાંધીને કિનારાની ગરમ રેતીમાં સૂતી સૂતી વાંચતી હતી.

ઝેન્યા નદીમાં નહાતી હતી. એકાએક કોઈ તેને ખભે વળગી ગયું.

તેણે પાછળ ફરીને જોયું.

"કેમ છે!" ઘેરી આંખોવાળી ઊંચા કદની એક છોકરી તેને દુવાસલામ કરતી બોલી. "મને તિમુરે મોકલી છે. મારું નામ તાન્યા, હુંયે એની ટુકડીમાં છું. એને અફસોસ છે કે તારે બહેનની જોડે એને લીધે બોલાચાલી થઈ ગઈ. તારી બહેન બહુ તુંડમિજાજી લાગે છે, ખરી વાત?"

"એને અફસોસ કરવાની જરૂર નથી," ઝેન્યા ગણગણી. તેનું મોં રાતું થઈ ગયું. "ઓલ્ગા જરાય તુંડમિજાજી નથી, જરાક કડક છે, બસ એટલું જ." તેના ચહેરામાં જરાક ચીડનો ભાવ છવાઈ ગયો અને પછી તે હતાશાનો સૂર કાઢતી ધીમા અવાજે બોલી: "અરે, બહેન મારી! ઊભી રહે, બાપુને આવવા દે!"

બેઉ છોકરીઓ જરાક ડાબી તરફ ઊંચે કાંઠે ચડીને પાણીમાંથી બહાર નીકળી. ત્યાં તેમને આન્ના મળી ગઈ.

"એય, છોડી, મને ઓળખી?" તેણે હંમેશની જેમ દાંત દબાવીને બહુ ઝડપથી બોલતાં ઝેન્યાને પૂછ્યું. "ઓળખી ને? હુંયે તને તરત ઓળખી ગઈ. તિમુર પણે છે!" તેણે સામે કાંઠે આંગળી ચીંધી. ત્યાં ટોળાબંધ છોકરાઓ હતા. "મને ખબર છે કે બકરી કોણે ગોતી કાઢેલી, અને બળતણનાં લાકડાં કોણે ગોઠવી દીધેલાં, અને મારા ભાઈને બેરીફળ કોણે આપેલાં." પછી તાન્યા તરફ ફરીને તેણે કહ્યું: "તનેય ઓળખું છું. એક વાર તારા શાકભાજીના વાડામાં દીઠેલી, તું બેઠી બેઠી રોતી હતી. રોવાનું તો ખોટું. એથી કંઈ ફાયદો ન થાય..." એકાએક તેણે છોડવાના ઝુંડ જોડે બાંધેલી બકરી તરફ નજર નાખીને બરાડો પાડયો: "એય, છાનીમાની ઊભી રહેજે, ચુડેલ, નહિતર પાણીમાં ફગાવી દઈશ!" પછી તે વળી બહેનપણીઓ તરફ ફરીને બોલી: "એય, છોકરીઓ, ચાલો, મારો ઠેકડો પાણીમાં!"

ઝેન્યા અને તાન્યાએ નજરની આપલે કરી. ઘેરા વાનવાળી અને જિપ્સી જેવી દેખાતી છોકરી કોણ જાણે કેમ પણ બહુ રમૂજી લાગતી હતી.

તેઓ એકબીજીના હાથ પકડીને ઊંચા કાંઠાની કોરે ગઈ. નીચે નિર્મળ નીલા જળમાં લહેરો હિલોળા લેતી હતી.

"તો, મારવો છે ઠેકડો?"

"હા, થઈ જાય!"

છોકરીઓ એકીસાથે પાણીમાં કૂદી પડી.

તેમણે હજી તો પાણીની સપાટીએ ડોકાં માંડ કાઢયાં હતાં એટલામાં કોઈએ નજીકમાં જ પાણીમાં ઝંપલાવ્યું.

સીમા સીમાકોવ હતો. તેણે દોડતાં દોડતાં જ સેન્ડલ, ચડ્ડી, અને ખમીસ ઉતાર્યા વગર જ પાણીમાં ઠેકડો માર્યો હતો. તે ભીના વાળ પાછળ ફંગોળીને બબડતો અને છીંકોટા કરતો મોટી મોટી વામ ભરીને ઝડપથી સામા કાંઠા તરફ જવા લાગ્યો.

"ભારે થઈ, ઝેન્યા, ગજબ થઈ ગયો!" તે ઘાંટો પાડીને બોલ્યો. "ગેઇકા અને કોલ્યાને કેદમાં પૂરી દેવામાં આવ્યા છે!"

...ઓલ્ગા ચોપડી વાંચતી વાંચતી ટેકરી ચડવા લાગી. ચઢાણની કેડી સડકને પાર કરતી હતી ત્યાં ગેઓર્ગી મોટરસાઇકલની બાજુમાં ઊભો હતો. તેમણે એકબીજાને દુવાસલામ કર્યા.

"અહીંથી નીકળેલો એટલામાં તમે આવતાં નજરે પડયાં. મને થયું કે એક જ રસ્તે જવાનું હોય તો તમને મોટરસાઇકલ પર બેસાડીને પહોંચાડી દઉં."

"ખોટી વાત!" ઓલ્ગાએ તડાક વળતો જવાબ દીધો. "તમે જાણીજોઈને મારી વાટ જોતા ઊભા હતા."

"ઠીક, માની લીધું," ગેઓર્ગી બોલ્યો. "તમને એમ ગમતું હોય તો ભલે એમ. સવારે તમને ગભરાવી દીધાં એની માફી માગું છું. વાત એમ છે કે દરવાજે ઊભેલો લંગડો ડોસો હું જ હતો. રિહર્સલ કરવા એવો પોશાક પહર્યો હતો. ચાલો, બેસી જાઓ, ઘેર પહોંચાડી દઉં."

ઓલ્ગાએ માથું ધુણાવ્યું.

ગેઓર્ગીએ ફૂલનો ગુચ્છો ઓલ્ગાની ચોપડી ઉપર મૂક્યો.

સરસ ગુચ્છો હતો. ઓલ્ગાનું મોં અકળામણમાં રાતું રાતું થઈ ગયું અને તેણે ગુચ્છો સડક પર ફેંકી દીધો.

ગેઓર્ગીને એવી ધારણા નહોતી.

"આમ જુઓ," તે જરાક નારાજીના ભાવે બોલ્યો, "તમે સરસ વગાડો છો અને ગાઓ છો પણ સારું, વળી તમારી આંખો મઝાની નિખાલસ છે. મેં તમને કોઈ રીતે દુભાવ્યાં નથી. મને નથી લાગતું કે વધારેમાં વધારે મજબૂત કાંકરેટનો કામધંધો કરનારા માણસોયે આવું વર્તન કરે."

"ફૂલ આપવાની જરૂર નથી!" પોતાનું વર્તન જોઈને ગભરાઈ ગયેલી ઓલ્ગા કસૂરની લાગણીથી બોલી. "હું... એમ જ... ફૂલ વગર... તમારા ભેગી જવા તૈયાર છું."

તે ચામડાની મુલાયમ સીટ ઉપર બેસી ગઈ અને મોટરસાઇકલ રસ્તે ધસમસાટ દોડવા લાગી.

માર્ગે ફાંટો આવ્યો ત્યારે મોટરસાઇકલ ઘર તરફ વળવાને બદલે ખુલ્લા વિસ્તાર તરફ વળીને પુરપાટ જવા લાગી.

"તમે ખોટે માર્ગે વળી ગયા છો," ઓલ્ગાએ ઘાંટો પાડયો. "આપણે જમણી તરફ વળવાનું હતું!"

"આ રસ્તો બહેતર છે," ગેઓર્ગીએ જવાબ આપ્યો. "વધારે મઝા પડશે."

બીજો વળાંક આવ્યો. મોટરસાઇકલ ધડધડાટ કરતી આગળ ધસતી રહી અને પવનમાં પાંદડાંનો સરસર અવાજ કરતાં ઘટાદાર ઝાડવાંના ઝુંડને પાર કરી ગઈ. ધણ ભેગો જતો એક કૂતરો નોખો પડીને તેમની તરફ ભસવા લાગ્યો અને મોટરસાઇકલની પાછળ દોડવા લાગ્યો. પણ મોટરસાઇકલ તો જોતજોતામાં બહુ દૂર પહોંચી ગઈ. પછી સામેથી એક ટ્રક તોપમાંથી છૂટેલા વજનદાર ગોળાની જેમ સુસવાટા કરતી ધસી આવી. તેણે ઉડાડેલી ધૂળની ડમરીઓને ગેઓર્ગી અને ઓલ્ગાએ પાર કરી લીધી કે તરત સામે ધુમાડાના ગોટા ઓકતાં ધુમાડિયાં અને કાચ તથા પોલાદની ઇમારતો નજરે પડી. જાણે ટેકરીની તળેટીમાં કોઈ અજબ શહેર પથરાયેલું પડયું હોય એમ લાગતું હતું.

"અમારો પ્લાંટ!" ગેઓર્ગી મોટા અવાજે બોલ્યો. "ત્રણ વરસ પહેલાં હું મશરૂમ અને વગડાઉ બેરીફળ વીણવા અહીંયાં આવતો!"

વેગ જાણે જરાય ધીમો કર્યા વગર જ મોટરસાઇકલ અરધો ગોળાકાર વળાંક લઈને પાછી વળી ગઈ.

"સીધે રસ્તે!" ઓલ્ગાએ ઘાંટો પાડીને ચેતવણી આપી. "સીધે ઘરને રસ્તે!"

અચાનક ઍન્જિન બંધ થઈ ગયું. વેગ ધીમો પડતો ગયો અને આખરે મોટરસાઇકલ ઊભી રહી ગઈ.

"થોડીક વાર ખોટી થવું પડશે," ગેઓર્ગી ઠેકડો મારીને નીચે ઊતરી જતો બોલ્યો. "ઍન્જિન જરાક ખોટકાઈ ગયું છે."

તે મોટરસાઈકલને ખેંચીને રસ્તાની કોરે બર્ચના ઝાડ નીચે લઈ ગયો અને પછી ઓજાર કાઢીને ઍંજિનની મરામત કરવા લાગ્યો.

"ઓપેરામાં તમારે કોનો ભાગ ભજવવાનો છે?" ઓલ્ગાએ ઘાસ ઉપર બેસી જતાં પૂછ્યું. "દેખાવ એટલો બધો કરડો અને ખોફનાક કેમ છે?"

"ઘરડા સિપાહીનો," ઍંજિનની મરામતમાં મશગૂલ ગેઓર્ગીએ જવાબ આપ્યો. "માજી છાપામાર અને જરાક ચક્રમ જેવો. સરહદ નજીકના વિસ્તારમાં રહે છે, અને એના ભેજામાં ઠસાઈ ગયું છે કે દુશ્મનો કદાચ ચાલાકી કરીને આપણને બેવકૂફ બનાવે. ઘરડો છે પણ બહુ સાવધાન છે. લાલ સેનાના સિપાહીઓ જુવાન ને હસમુખા છે, ફરજ બજાવીને છૂટા થઈ જાય ત્યારે વોલીબૉલ રમે છે. અને ત્યાં છોકરીઓ ઘણીબધી છે... એટલે એમ કે કાત્યૂશાઓ!"

ગેઓર્ગીએ મોં વાંકું કરીને ભવાં ચડાવ્યાં અને પછી ધીમા અવાજે ગાવાનું શરૂ કરી દીધું:

વાદળ ઘેરાં, ચાંદાને ઢાંકે,
નીંદર મને આવે ના રાતે,
લગાતાર ચોકી કરવી મારે,
રાત પછી રાત એમ જ વીતે.
ઘેરું ધુમ્મસ, અજબ નીરવતા,
પડયા છે તેમાં, દુશ્મન લપાતા.
તું જાગતો રહેજે, દેશ પ્યારા,
ઘરડો હું, ઢીલો છું, ઓ દેશ મારા!

પછી તે સૂર પલટાવી નાખીને સમૂહગાનની નકલ કરતો ગણગણવા લાગ્યો:

તમે જંપીને બેસો, બાપલિયા....
હવે જંપીને બેસો રે...

"આ 'જંપીને બેસો' એટલે શું?" ઓલ્ગાએ રૂમાલ વડે હોઠ ઉપરથી ધૂળ લૂછતાં પૂછ્યું.

"એટલે એમ કે બુઢ્ઢા મૂરખ, તું નિરાંતે નિંદર કર ને!" ગેઓર્ગીએ ઓજાર વડે કામ કરતાં કરતાં સમજાવ્યું. "અફસરો ને સિપાહીઓ પોતપોતાની જગ્યાએ તૈયાર ખડા છે... ઓલ્ગા, તમારી બહેને વાત કરેલી, અમે ભેટી ગયેલાં એની?"

"હા, કરેલી. અને હું ખીજે ભરાઈને એને ધખેલી."

"ખોટું કર્યું. બહુ રમૂજી છોડી છે. મેં કહ્યું 'એમ... કે?' અને એ બોલી 'બે... એ'!"

"એ રમૂજી છોડી જિંદગી બહુ મુશ્કેલ બનાવી દે એવી છે," ઓલ્ગા ગેઓર્ગીના શબ્દો દોહરાવતી બોલી. "તિમુર નામે એક છોકરો એની પાસે આંટાફેરા કરતો રહે છે. પેલા મવાલી કવાકિનની ટોળકીનો છે. એને અમારા ઘરથી આઘેરો રાખવાનું કોઈ રીતે બનતું જ નથી."

"તિમુર? હં..." ગેઓર્ગીએ અકળામણમાં ઉધરસ ખાધી. "એવી ટોળકીનો છે? ના, હું નથી માનતો કે હોય... એમ બને નહિ... ખેર! તમે ફિકર કરશો નહિ... હું બંદોબસ્ત કરી દઈશ, તમારા

ઘર નજીક ફરકશે નહિ. ઓલ્ગા, તમે સંગીતવિદ્યાલયમાં કેમ નથી જતાં? વિચાર તો કરો... ઍન્જિનિયર! હું પોતે ઍન્જિનિયર છું, અને જોઈ લો, કેવો છું તે!"

"તો શું તમે ખરાબ ઍન્જિનિયર છો?"

"ખરાબ કેમ?" ગેઓર્ગી ઓલ્ગાની નજીક ખસતો અને ઓજાર વડે આગલા પૈડામાં કંઈક સરખું કરતો બોલ્યો. "જરાય ખરાબ નહિ, પણ તમે ગાઓ છો ને વગાડો છો બહુ સરસ!"

"આમ જુઓ, ગેઓર્ગી," ઓલ્ગા ધીમા અવાજે બોલતી અકળામણમાં આઘી ખસી ગઈ, "તમે કેવા ઍન્જિનિયર છો એની તો મને ખબર નથી, પણ મોટરસાઇકલની મરામત બહુ અજબ રીતે કરો છો!"

ઓલ્ગાએ તેની નકલના હાવભાવ કરીને બતાવ્યું કે તે કળોની ઉપર અને ઍન્જિનના બહારના ભાગ ઉપર ઓજાર વડે નકામો ઠપઠપાટ જ કરતો રહ્યો છે.

"અજબ કંઈ નથી. બધું રીતસર જ કર્યું છે મેં!" તે એકદમ ખડો થઈ જતો અને મોટરસાઈકલની ફ્રેમ ઉપર ઓજાર વડે ઠપઠપાટ કરતો બોલ્યો. "લો, કામ પતી ગયું. ઓલ્ગા, તમારા બાપુ કમાંડર છે ને?"

"હા."

"મઝાની વાત. હુંયે કમાંડર છું."

"તમારી બાબતમાં કોઈને કેવી રીતે કંઈ સમજાય!" ઓલ્ગા ખભા હલાવતી બોલી. "પહેલાં ઍન્જિનિયર, પછી અદાકાર, અને હવે કમાંડર. બનવાજોગ છે કે કદાચ વિમાની પણ હશો?"

"ના," ગેઓર્ગી હસી પડતો બોલ્યો. "વિમાનીઓ તો ઉપરથી લોકોને માથે બૉંબ ફેંકે, પણ અમારો ઘા તો લોખંડનો, અને લોખંડ વડે મજબૂત બનાવેલા કાંકરેટનો, સીધો દિલમાં વાગે."

વળી પાછાં અનાજનાં ખેતરો, વનો, અને નદીનાળાં પાર થઈ ગયાં. થોડી વારમાં તેઓ ઓલ્ગાના ઘર પાસે પહોંચી ગયાં.

મોટરસાઈકલનો અવાજ સાંભળીને ઝેન્યા ઘરમાંથી બહાર સરકતી વરંડામાં આવી. ગેઓર્ગીને જોઈને તે શરમાઈ ગઈ, પણ ઍન્જિનિયર મોટરસાઇકલ ઉપર સવાર થઈને ચાલ્યો ગયો ત્યારે બહેન પાસે જઈને તેને ભેટી પડતી ઈર્ષાના ભાવે બોલી:

"અરે, બહેન મારી, કેવી નસીબદાર છો તું!"

કવાકિનની ટોળકીના છોકરાઓ રાતે ચોવીસ નંબરના ઘરની બગીચી નજીક મળવાનું નક્કી કરીને દેવળ પાસેથી જતા રહ્યા હતા.

ખાલી નમૂનો એકલો રોકાઈ ગયો હતો, દેવળની અંદર તદ્દન ચુપકી છવાયેલી હતી એટલે ગૂંચવણમાં પડી ગયો હતો અને ખીજે ભરાઈ ગયો હતો. અંદરના કેદીઓ બરાડા નહોતા પાડતા, બારણે ધડધડાટ નહોતા કરતા, અને તેનાં ટોણાં તથા સવાલોના જવાબ પણ નહોતા આપતા.

તેણે તરકીબ અજમાવી. બેવડાં બારણાંમાંથી બહાર પડતું બારણું ખોલીને તે અંદર ગયો. બે બારણાં વચ્ચે પથ્થરની દીવાલોવાળી સાંકડી જગ્યા હતી. બીજા બારણાના ચાવીના કાણા ઉપર કાન માંડીને તે એકદમ ચુપચાપ ઊભો રહ્યો. એટલામાં બહારનું બારણું ધડાક કરતું બંધ થઈ ગયું, જાણે કેમ કોઈએ લાકડું ફટકારીને બંધ કરી દીધું હોય.

"એય, કોણ છે?" તેણે એકદમ બારણા તરફ ધસી જતાં ગુસ્સામાં બરાડો પાડયો. "એય, નકામી મશ્કરી રહેવા દે, નહિતર ડાચું ભાંગી નાખીશ!"

કશો જવાબ ન મળ્યો. બહારથી અજબ અવાજો કાને પડયા. પછી બહારની બારીનો ચૂંચૂં અવાજ સંભળાયો. કોઈ બારીના સળિયા વાટેથી કેદીઓની જોડે વાત કરવા લાગ્યું. પછી દેવળની અંદર પુરાયેલા છોકરાઓ ખડખડાટ હસી પડયા. હસવાનો અવાજ સાંભળીને નમૂનાને બેચેની થઈ.

આખરે બહારનું બારણું ઊઘડી ગયું. તિમુર, સીમાકોવ, અને લાદીગિન રસ્તો રોકીને ઉંબરે ઊભા હતા.

"બીજું બારણું ખોલી નાખ!" તિમુરે પોતાની જગ્યાએથી જરાય હલ્યા વગર હુકમ કર્યો.

"તારા હાથે જ ખોલ, નહિતર તારી હાલત ખરાબ થઈ જવાની!"

નમૂનાએ અચકાતાં અચકાતાં આગળો ખોલ્યો. કોલ્યા અને ગેઈકા દેવળમાંથી બહાર નીકળ્યા.

"હવે આ બેયને બદલે તું અંદર જા!" તિમુરે ફરી હુકમ કર્યો. "જા અંદર, ડુક્કર, ઝટ કર!" તેણે મુઠ્ઠીઓ વાળી દેતાં બરાડો પાડયો. "તારી જોડે વાતોમાં બરબાદ કરવાનો વખત નથી અમને!"

નમૂનાને અંદર પૂરીને બેઉ બારણાં એક પછી એક ધડાધડ બંધ કરી દેવામાં આવ્યાં, વજનદાર આગળો લોઢાની કડીઓમાં ભરાવી દેવામાં આવ્યો, અને પછી ઉપર તાળું મારી દેવામાં આવ્યું.

તિમુરે ખીસામાંથી કાગળ કાઢીને નીલી પેનસિલ વડે લખ્યું:

"કવાકિન, પહેરેગીરની જરૂર નથી. મેં તાળું મારી દીધું છે. ચાવી મારી પાસે છે. હું રાતે સીધો મળવાની જગ્યાએ આવીશ."

છોકરાઓ પોબારા ગણી ગયા. પાંચ મિનિટ પછી કવાકિન દરવાજા વાટેથી અંદર આવ્યો.

તેણે ચિઠ્ઠી વાંચી, તાળા ઉપર હાથ ફેરવ્યો, હોઠ મલકાવ્યા, અને પાછાં દરવાજા તરફ ડગલાં ભર્યાં. નમૂનો લોખંડના દરવાજા ઉપર મુઠ્ઠીઓ અને પાટુ મારતો ધડધડાટ કરતો રહ્યો.

કવાકિન દરવાજા પાસે પાછું વળીને જોતો ઉદાસીન અવાજે બબડયો:

"ગેઈકા, કર ધડધડાટ જેટલો કરવો હોય એટલો! રાત સુધી વખત ઘણોબધો છે, થાકી જાય ત્યાં લગી કરતો રહેજે!"

સાંજ પડવા લાગી ત્યારે તિમુર અને સીમાકોવ બજારના ચોકમાં ગયા. ઠંડાં પીણાં, શાકભાજી, તમાકુ, કરિયાણું, અને આઈસક્રીમની દુકાનોની આડીઅવળી હારને છેડે એક જર્જર કોઢ ખાલી પડી હતી. બજાર ભરાવાના દિવસે મોચીઓ ત્યાં બેસીને કામ કરતા.

તિમુર અને સીમાકોવે થોડોક વખત એ કોઢમાં ગાળ્યો.

સાંજનું આછું અંધારું ફેલાઈ ગયું ત્યારે મેડામાં સુકાનની કામગીરી શરૂ થઈ ગઈ. તાર એક પછી એક ખેંચાવા લાગ્યા અને ચોક્કસ જગ્યાઓએ ચોક્કસ સંકેતો પહોંચાડવા લાગ્યા.

દળની જમાવટ વધતી રહી. છોકરાઓ મોટી સંખ્યામાં ભેગા થઈ ચૂક્યા હતા, વીસથી ત્રીસ જેટલા. વધુ ને વધુ છોકરાઓ વાડોનાં છીંડાં વાટેથી ચુપચાપ સરકતા આવી રહ્યા હતા.

તાન્યા અને આન્યાને પાછી મોકલી દેવામાં આવી. ઝેન્યા પણ ઘરમાં જ રહી. તેને ખાસ કામ સોંપવામાં આવ્યું હતું કે ઓલ્ગાને બગીચીમાં નીકળતી ગમે તેમ કરીને રોકી રાખે.

તિમુર સુકાન પાસે ખડો હતો.

"છઠ્ઠા તાર મારફત સંદેશો દોહરાવવાનો છે," સીમાકોવ બારીમાંથી ડોકાતો ચિંતાતુર અવાજે બોલ્યો. "ત્યાંથી કશો જવાબ મળતો નથી."

બે છોકરા પ્લાયવૂડનું પાટિયું બનાવવામાં મશગૂલ હતા. લાદીગિનનું જૂથ આવી ગયું.

આખરે બાતમીદારો તપાસ કરીને પાછા આવી ગયા. કવાકિનની ટોળકી ચોવીસ નંબરના ઘરના બગીચીની બહાર ખુલ્લી જગ્યામાં ભેગી થઈ ગઈ હતી.

"વેળા થઈ ગઈ," તિમુર બોલ્યો. "છોકરાઓ સાબદા થઈ જાઓ!"

તેણે સુકાનના ચક્કર ઉપરથી હાથ હઠાવી લીધા અને દોરડું ખેંચ્યું. ટુકડીનો ઝંડો ધીરે ધીરે ઊંચે ચડતો ગયો અને વારેઘડીએ વાદળોમાં અટવાઈ જતા ચાંદાના ઝબકતા અને ઓસરતા અજવાળામાં કોઠારની ઉપર લહેરાવા લાગ્યો. તેમાં લડાઈની સંકેત હતો.

કતારમાં ગોઠવાયેલા લગભગ દસેક છોકરા ચોવીસ નંબરના ઘરની વાડ નજીક સરકતા આગળ વધતા હતા. કવાકિન અંધારી જગ્યાએ ઊભો રહી જતો બોલ્યો:

"બધાય છે, એક નમૂના સિવાય."

"ચાલાક છે, કદાચ બગીચીમાં પહોંચી ગયો હશે," કોઈ બોલ્યું. "હંમેશાં પહેલો જ ધસી જાય છે."

અગાઉથી ઢીલાં કરી રાખેલાં બે પાટિયાં હઠાવીને કવાકિન અંદર ઘૂસી ગયો. બાકીના છોકરા તેની પાછળ પાછળ ઘૂસ્યા. આલ્યોશ્કા નજર રાખવા શેરીમાં જ ઊભો રહ્યો.

શેરીની પાર સામી બાજુએ નાળામાં ભરચક છવાયેલા છોડવેલાઓમાંથી પાંચ માથાં ઊંચાં થયાં. ચાર માથાં તરત પાછાં ગાયબ થઈ ગયાં. પાંચમું કોલ્યા કોલોકોલ્ચિકોવનું માથું તરત ગાયબ ન થયું, પણ એક હાથ લાંબો થઈને તેની ઉપર ચંપાઈ ગયો એટલે તે પણ દેખાતું બંધ થઈ ગયું. પહેરેગીર આલ્યોશ્કાએ આસપાસ નજર ફેરવી. ચોમેર નીરવતા છવાયેલી હતી. બગીચીમાં શું ચાલી રહ્યું છે તેનો ખ્યાલ અવાજના આધારે મેળવવાના આશયે તેણે વાડના છીંડા વાટેથી ડોકું અંદર ઘુસાડ્યું.

ત્રણ છોકરા નાળામાંથી ઝપાટાબંધ સરકી આવ્યા. બીજી જ પળે પહેરેગીરને પોતાના હાથપગ મજબૂત હાથમાં જકડાઈ જતા લાગ્યા. તે ઘાંટો પાડી શકે તે પહેલાં તો તેને વાડ પાસેથી આઘો ખેંચી લેવામાં આવ્યો.

"ગેઇકા!" તે માથું ઊંચું કરતો બબડ્યો. "તું ક્યાંથી ટપકી પડ્યો?"

"ક્યાંકથી," ગેઇકા ફૂંફાડો મારતો બોલ્યો, "મૂંગો રહેજે, નહિતર હું ભૂલી જવાનો કે તેં મારો બચાવ કરેલો."

"ભલે," આલ્યોશ્કા કબૂલ થઈ ગયો, "હું મૂંગો જ રહેવાનો." પણ એટલું બોલીને તરત તેણે અણધારી જ તીણી સીટી વગાડી.

જોતજોતામાં તેના મોં ઉપર ગેઇકાનો પહોળો પંજો દબાઈ ગયો અને તેની બોલતી બંધ થઈ ગઈ. કેટલાક હાથ તેના ખભા તથા પગ ઉપર પકડ જમાવીને તેને આઘો ઘસડી ગયા.

બગીચીમાં છોકરાઓએ સીટી સાંભળી. કવાકિન એકદમ પાછળ ફરી ગયો. સીટી બીજી વાર ન વાગી. કવાકિને અંધારામાં ચોમેર ધ્યાનથી નજર ફેરવી. તેને બગીચીના ખૂણામાં છોડવા હલતા હોય એમ લાગ્યું.

"નમૂના!" તેણે હળવા અવાજે સાદ પાડ્યો. "મૂરખના જામ, તું છુપાયો છે ત્યાં?"

"ક્વાકિન! અજવાળું!" અચાનક કોઈએ ઘાંટો પાડયો. "સાવધાન! માલિકો આવતા લાગે છે!"

પણ એ માલિકો નહોતા.

તેની પાછળ છોડવાઓમાંથી ઓછામાં ઓછી દસબાર બૅટરીઓ ઝળકી ઊઠી અને ઉઠાવગીરોની આંખોને આંજી દેતી તથા તેમને ગૂંચવણમાં નાખી દેતી ઝપાટાબંધ નજીક આવવા લાગી.

"ઢીબી નાખો, ભાગવાનું નથી!" ક્વાકિને બરાડો પાડયો. તેણે ખીસામાંથી સફરજન કાઢીને બૅટરીઓની સામે ફેંક્યું. "બૅટરીઓ આંચકી લો, હાથ મરડી નાખો! આ આવે... તિમુર!"

"હા, તિમુર, અને હુંયે ખરો!" સીમા સીમાકોવે છોડવા પાછળથી ઠેકડો મારતાં બરાડો પાડયો.

પાછળથી અને બન્ને બાજુએથી બીજા દસબાર છોકરા તેમની ઉપર તૂટી પડયા.

"અરે! રીતસરનું લશ્કર છે આ તો!" ક્વાકિનની રાડ ફાટી ગઈ. "ભાગો, દોસ્તો! વાડ તરફ!"

અણધાર્યા ઝપાટામાં લેવાઈ ગયેલી ટોળકી દહેશતમાં વાડ તરફ ધસવા લાગી. છોકરાઓ એકબીજાની જોડે અથડાતા ભટકાતા બહાર તો નીકળી ગયા પણ શેરીમાં સીધા લાદીગિન અને ગેઇકાના હાથમાં સપડાઈ ગયા.

ચાંદો આખેઆખો વાદળની પાછળ સરકી ગયો હતો. અંધારામાં ખાલી અવાજ સંભળાતા હતા:

"જવા દે!"

"રહેવા દે!"

"હાથ હઠાવી લે! અડતો નહિ મને!"

"સૌ ચુપ!" અંધારામાં તિમુરનો અવાજ રણકી ઊઠયો. "કેદીઓને મારપીટ કરવાની નથી! ગેઇકા ક્યાં છે?"

"હું આ રહ્યો!"

"બધાયને લઈ જા!"

"ન આવે તો?"

"ટાંગાટોળી કરીને લઈ જા!"

"છોડી દો મને, શયતાનો!" કોઈએ રોતલ અવાજે રાગડો તાણ્યો.

"કોણ ગળું ફાડે છે?" તિમુરે ખીજે ભરાઈને સવાલ કર્યો. "ગુંડાગીરી કરવામાં ઉસ્તાદ, પણ જવાબ દેવામાં બીક લાગે છે! ગેઇકા, છોડ હુકમ! રવાના થઈ જા!"

કેદીઓને બજારના ચોકને છેડે ખાલી કોઢ પાસે લઈ જવામાં આવ્યા અને એક પછી એક અંદર ધકેલી દેવામાં આવ્યા.

"મિખાઈલ ક્વાકિનને મારી પાસે લાવો!" તિમુરે હુકમ આપ્યો.

ક્વાકિનને તેની પાસે લઈ જવામાં આવ્યો.

"તૈયાર?" તિમુરે સવાલ કર્યો.

"બધું તૈયાર."

છેલ્લા કેદીને કોઢમાં ધકેલી દેવામાં આવ્યો અને બારણું વાસીને વજનદાર તાળું મારી દેવામાં આવ્યું.

"ચાલતો થઈ જા, રંગલા," તિમુરે ક્વાકિનને કહ્યું. "તું તો જાણે મગતરા જેવો છો. તારી કોઈને બીક નથી ને જરૂર પણ નથી."

કવાકિન નજર નીચે ઢાળીને ઊભો રહ્યો. તેને માર પડવાની ધારણા હતી.

"ચાલતો થઈ જા," તિમુરે ફરી વાર કહ્યું. "લે, આ ચાવી લઈ જા, તારા ભાઈબંધ નમૂનાને દેવળમાંથી છૂટો કરવા કામ લાગશે."

કવાકિન હલ્યો નહિ.

"છોકરાઓને છોડી મૂક, નહિતર મનેય ભેગો પૂરી દે કોઢમાં," તે ઘુરકાટ કરતો બોલ્યો.

"ના, એ મામલો તો પતી ગયો," તિમુરે કહ્યું. "હવે તારો એમની જોડેનો સંબંધ ખતમ, અને એમનો તારી જોડેનો સંબંધ ખતમ."

કવાકિન ખભા ઢાળી દઈને ધીરે ધીરે જવા લાગ્યો એટલે સીટીઓ અને હુરિયાનો શોર મચી ગયો.

દસ ડગલાં જઈને તે ઊભો રહી ગયો અને તેણે કાયા પાછી ટટ્ટાર કરી લીધી.

"તારાં હાડકાં ખોખરાં કરી નાખીશ!" તેણે તિમુરની સામે ઝનૂની અવાજે બરાડો પાડયો. "એકલે હાથે! તુંયે એકલો ને હુંયે એકલો! જાનથી મારી નાખીશ!" પછી તે અંધારામાં અલોપ થઈ ગયો.

"લાદીગિન, તું ને તારા પાંચ જણ હવે જઈ શકો છો," તિમુર બોલ્યો. "શું કામ કરવાનું છે તમારે?"

"બોલ્શાયા વસીલ્કોવ્સ્કાયા માર્ગ, બાવીસ નંબરનું ઘર. લાકડાં ગોઠવવાનાં છે."

"સરસ. જાઓ, કરો ફતેહ!"

નજીક સ્ટેશનમાં ઍંજિનની સીટી વાગી. પરાંની ગાડી આવી હતી. થોડી વારમાં સ્ટેશન તરફથી મુસાફરો આવવાના. તિમુર ઉતાવળ કરવા લાગ્યો.





"સીમાકોવ, તું ને તારા પાંચ જણ, હવે શું કરવાના છો?"

"માલાયા પેત્રોવ્સ્કાયા માર્ગ, આડત્રીસ નંબરનું ઘર," તે હસીને બોલ્યો, "રોજની જેમ જ — બાલટીઓ, પીપડું, અને પાણી. આવજો!.."

"સરસ. તમેય કરો ફતેહ જઈને! અને હવે... લોકો આ તરફ આવે છે. બાકીના ઘેર જઈ શકો છો. ઝટ કરો!"

ગાડીમાંથી ઊતરેલા મુસાફરો ધીરે ધીરે ચોકમાં પહોંચવા લાગ્યા ત્યારે ખોફનાક ધડધડાટ થયો. લોકો ગભરાટમાં ઊભા રહી ગયા. વળી પાછો રાડારાડી અને ધડધડાટનો અવાજ સંભળાયો. આસપાસનાં ઘરોની બારીઓમાં અજવાળું ઝગમગી ઊઠયું. કોઈએ દુકાનો ઉપર અજવાળું પાથરતી બત્તી ચાલુ કરી દીધી. ભેગા થઈ ગયેલા લોકોને કોઢને બારણે નોટિસ નજરે પડી:

રાહદારીઓ

આ લોકોની બાબતમાં જરાય અફસોસ કરશો નહિ!

કોઢમાં પૂરી દેવામાં આવેલા છોકરાઓ રાતની વેળાએ સજ્જન રહેવાસીઓની બગીચીઓમાં ઘૂસી જઈને ફળોની ચોરી કરે છે.

તાળાની ચાવી આ નોટિસની પાછળ ભરાવેલી છે. કેદીઓને છૂટા કરનાર માણસને ચેતવણી આપવામાં આવે છે કે પોતાના કોઈ સંબંધીઓ અથવા મિત્રો અંદર ન હોય તેની ખાતરી પહેલેથી કરી લેવી.

મોડી રાત થઈ ગઈ છે. દરવાજે કાળી કિનારવાળો લાલ તારક દેખાતો નથી પણ છે ખરો.

નાનકડી બાળકીના ઘરની બગીચી. એક ઝાડની ડાળીએ બે દોરડાં બાંધી દેવામાં આવ્યાં છે. એક છોકરો ખરબચડા થડને વળગીને નીચે ઊતરે છે, દોરડાંને એક પાટિયાના બેઉ છેડા જોડે બાંધી દે છે, અને પછી પાટિયા ઉપર બેસીને ચકાસી જુએ છે કે હીંચકો—અને હીંચકો જ બાંધવામાં આવ્યો છે—બરાબર મજબૂત છે કે નહિ. જાડી ડાળી જરાક કડકડ કરે છે, પાંદડાં હલે છે અને સરસર અવાજ કરે છે. નીંદરમાંથી જાગી ગયેલું એક પંખી કિલબિલ કરે છે અને પાંખો ફફડાવે છે. બહુ મોડી રાતની વેળા છે. ઓલ્ગા ઘણા વખત પહેલાં સૂઈ ગયેલી છે. ઝેન્યા નીંદરમાં છે, અને છોકરાના સાથીઓ પણ ઊંઘમાં પડયા છે—ખુશાલ સીમાકોવ, ઓછાબોલો લાદીગિન, ઠીંગણો રમૂજી કોલ્યા. બહાદુર ગેઇકા પથારીમાં પડખાં ફેરવે છે અને નીંદરમાં બબડે છે.

ટાવરમાં પા પા કલાકના ડંકા વાગે છે: "કેવો દિવસ!.. કેટલાં કામ!.. ડીંગ... ડોંગ! એક... બે!.."

હા, બહુ મોડું થઈ ગયું છે.

છોકરો હીંચકા ઉપરથી ઊતરી જાય છે, ઘાસમાં તલાશ કરીને વગડાઉ ફૂલોનો મોટો ગુચ્છો ઉપાડી લે છે.

ઝેન્યાએ ફૂલો વીણીને ગુચ્છો બનાવ્યો હતો.

નીંદરને ખોળે પડી ગયેલાં માણસો જાગીને ગભરાઈ ન જાય એટલા ખાતર તે બહુ હળવે પગલે ઓટલાનાં પગથિયાં ચડે છે. ઓટલે ચાંદની ફેલાયેલી છે. તે ફૂલોનો ગુચ્છો સૌથી ઉપરને પગથિયે મૂકી દે છે. એ છોકરો તિમુર હતો.

રજાનો દિવસ હતો. સવારની વેળા હતી. દૂર પૂર્વમાં ખસાન સરોવરના વિસ્તારમાં લાલ સેનાના વિજયની જયંતીના પ્રસંગે તરુણ સામ્યવાદી લીગ તરફથી ઉદ્યાનમાં મોટો મેળો ભરવામાં આવ્યો હતો. તેમાં સંગીતના અને મોજમઝાના કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા.

છોકરીઓ સવારમાં વહેલી મેળાના ચોગાનમાં પહોંચી ગઈ હતી. ઓલ્ગા ઝટપટ બ્લાઉઝને ઈસ્ત્રી કરીને બીજાં કપડાં તપાસવા લાગી. તેણે ઝેન્યાનું ફ્રૉક સરખું કર્યું ત્યારે ખીસામાંથી એક ચબરખી નીકળીને નીચે પડી ગઈ.

ઓલ્ગાએ ચિઠ્ઠી ઉપાડીને વાંચી જોઈ:

"ઘરમાં કોઈથી બીવાની જરૂર નથી. બધું સમુંસરખું છે. અને હું કોઈને નહિ કહું. તિમુર."

શું નહિ કહું? કેમ બીવાની જરૂર નથી? ખેપાની મીંઢી છોકરીના મનમાં શું ભેદ ભરેલો હશે? ના! આમ તો ચાલવા દેવાય જ નહિ! બાપુએ જતી વેળા શિખામણ આપેલી... કરવાનું હોય તે મક્કમપણે અને ઝડપથી કરી લેવું.

ગેઓર્ગીએ બારીએ ટકોરા માર્યા.

"ઓલ્ગા," તેણે કહ્યું, "મને મદદ કરવી પડશે. પ્રતિનિધિમંડળ મળવા આવેલું, માગણી કરી કે સંગીતના કાર્યક્રમમાં મારે ગીત ગાવું. આજે તો એવો દિવસ છે કે ના કોઈ રીતે પડાય જ નહિ. હું ગીત ગાઉં ત્યારે તમે ભેગું એકોર્ડિયન વગાડો."

"ભલે... પણ આમાં તો તમે પિયાનો વગાડવાનો બંદોબસ્ત કરી શકો," ઓલ્ગા અચરજમાં બોલી. "એકોર્ડિયન શા માટે?"

"ઓલ્ગા, મારે પિયાનો નથી જોઈતો, તમારા સંગાથમાં ગાવું છે. રંગ જામી જશે. બારીએથી અંદર આવી જાઉં? ઇસ્ત્રી બાજુએ મૂકી દો અને એકોર્ડિયન કાઢો. લો, મેં જ કાઢી લીધું. હવે તમારે તો ખાલી કળો દબાવવાની છે, અને હું ગાઈશ."

"જુઓ, ગેઓર્ગી," ઓલ્ગા જરાક ચિડાઈને બોલી, "આખર બારણું તો સરસ મઝાનું છે, તમારે બારીએથી અંદર આવવાનું જરાય જરૂરી નહોતું..."

ઉદ્યાનમાં ધાંધલિયાં ટોળાં ભેગાં થઈ ગયાં હતાં. ખીચોખીચ ભરેલી મોટરો એકધારી આવતી હતી અને રજાની મોજ માણવા આતુર માણસોને ચોગાનમાં ઠાલવતી હતી. ખાવાપીવાની ચીજો લાદેલી લારીઓ એક પછી એક આવીને ગોઠવાઈ રહી હતી. આખા ચોગાનમાં ઠેરઠેર આઇસક્રીમ વેચાઈ રહ્યું હતું.

ઘાસ છવાયેલી ખુલ્લી જગ્યામાં પિકનિકના રસિયા લોકો ખાણાંપીણાંના ડબ્બા ખોલી રહ્યા હતા અને કેટલાંય વાજાં જાતજાતના સૂર જોરશોરથી રેલાવી રહ્યાં હતાં.

વાદક મંડળીઓનાં વાજિંત્રો પુરજોસમાં વાગી રહ્યાં હતાં.

સંગીતભવનને બારણે ઘરડા દરવાન અને તારનાં દોરડાંની મરામત કરનારા કારીગર વચ્ચે રકઝક ચાલતી હતી. કારીગર બધાંય ઓજારો—પાનાં, પકડ, પટ્ટા, લોખંડના આરા—ભેગાં લઈને આવ્યો હતો અને અંદર જવાની કોશિશ કરતો હતો.

"જો, ભાઈ, આ બધાં ઓજારો લઈને અંદર ન જવાય. આજે તહેવાર છે. તું પહેલાં ઘેર જા, હાથમોં ધોઈને અને સરખાં કપડાં પહેરીને પછી આવ."

"પણ આ તો મફત છે, ખરું ને? ટિકિટ નથી લેવાની!"

"એથી કંઈ ફરક નથી પડતો. અંદર ગીત ચાલે છે. તું ખાલી એક ચીજ લાવવાનું ભૂલી ગયો છો, તારનો થાંભલો!.. અને એય સજ્જન," તેણે બીજા એક આદમીને કહ્યું, "તુંયે ચાલતો થઈ જા! સંભળાતું નથી કે અંદર ગીત ગવાય છે... સંગીત ચાલે છે? અને તારા ખીસામાંથી બાટલી ડોકું કાઢે છે!"

"પણ, ભલા બાપા," આદમી તોતડાતો બોલ્યો, "મારે તો અંદર જવું જ પડે એમ છે... હું તો ગાયક છું!"

"હવે રસ્તે પડી જા ને ભાઈ, જોયો ગાયક!" ઘરડા દરવાને તડાક વળતો જવાબ દીધો અને કારીગર તરફ આંગળી ચીંધી. "આ ગાયક ઊભો છે પણ ધાંધલ નથી કરતો. તુંયે ધાંધલ કરવી રહેવા દે!"

ઝેન્યાને દોસ્તોએ વાત કરેલી કે ઓલ્ગા એકોર્ડિયન લઈને મંચના પાછળના ભાગમાં ગઈ છે. તે સીટમાં અધીરાઈથી ઊંચીનીચી થઈ રહી હતી.

આખરે ઓલ્ગા અને ગેઓર્ગી મંચ પર આવ્યાં. ઝેન્યા ગભરાટમાં પડી ગઈ. તેને બીક હતી કે લોકો ઓલ્ગાને જોઈને હસવા લાગશે. પણ કોઈ હસ્યું નહિ.

મંચ પર ઊભેલાં ગેઓર્ગી અને ઓલ્ગા એટલાં મઝાનાં, જુવાન, અને ખુશાલ લાગતાં હતાં કે ઝેન્યાને એકદમ દોડી જવાનું અને બેઉને વહાલ કરવાનું મન થઈ આવ્યું.

ઓલ્ગાએ એકોર્ડિયનનો પટ્ટો ખભે ભરાવી દીધો.

ગેઓર્ગીના કપાળમાં ઊંડી કરચલી રચાઈ ગઈ. તેણે ખભા સંકોડીને માથું નીચે નમાવ્યું. હવે તે ઘરડા આદમી જેવો લાગતો હતો. તેણે ધીમા રણકતા અવાજે ગીત શરૂ કર્યું:

નીંદર વિહોણી રાત છે ત્રીજી,
લાગે સૂનકારમાં હલચલ ભેદી,
હાથમાં બંદૂક જાણે ધગતી, હૈયું સાદ પાડે,
બે દાયકા પહેલાં, પાડેલો જેવો, જંગની એ રાતે.
જો આજે, લડવાની પડે, હાકલ તારી,
ભાડૂતી ધાડાંની સામે, ભૂમિ પ્યારી!
તો હું, ઘરડો ભલે, લડવા તૈયાર, ખડો એવો,
ધીર ને ગંભીર, બે દાયકા પૂર્વે, હતો જેવો!

"વાહ! કમાલ! બિચારો બુઢ્ઢો, પણ કેવો બહાદુર! વાહ! વાહ!" ઝેન્યા ગણગણતી રહી. "આમ જ વગાડતી રહેજે, ઓલ્ગા! અફસોસની વાત છે કે તને વગાડતી સાંભળવા બાપુ નથી અહીંયાં!"

સંગીતનો કાર્યક્રમ પૂરો થઈ ગયો એટલે ગેઓર્ગી અને ઓલ્ગા હાથમાં હાથ પરોવીને ઉદ્યાનમાં ફરવા નીકળી પડયાં.

"એ બધું તો ઠીક," ઓલ્ગા કહેતી હતી, "પણ સમજાતું નથી કે ઝેન્યા ક્યાં ગાયબ થઈ ગઈ."

"સીટ ઉપર ઊભી થઈને 'સાબાશ! સાબાશ!'ના દેકારા કરતી હતી," ગેઓર્ગી બોલ્યો. "પછી..." તે જરાક અચકાઈ ગયો, "પછી એક છોકરો એની પાસે ગયો અને બેઉ અલોપ થઈ ગયાં."

"કોણ છોકરો?" ઓલ્ગાએ ચિંતાતુર અવાજે સવાલ કર્યો. "ગેઓર્ગી, તમે મારાથી મોટા છો, મને સલાહ આપો કે મારે આ છોડીની બાબતમાં શું કરવું. જુઓ, સવારે એના ફ્રૉકમાંથી આ ચિઠ્ઠી મળેલી."

ગેઓર્ગીએ ચિઠ્ઠી વાંચતાં વાંચતાં વિચારમાં પડી જઈને ભવાં સંકોડયાં.

"'બીવાની જરૂર નથી' એટલે 'કહ્યું કરતી નહિ'," ઓલ્ગા બોલી. "અરે, એ છોકરો એક વાર પકડાઈ જાય ને તો બરાબર સંભળાવી દઉં એને!"

ઓલ્ગાએ ચિઠ્ઠી પાછી ખીસામાં સરકાવી દીધી. બેઉ થોડી વાર ચુપ રહ્યાં. પણ સંગીત એવું મઝેદાર હતું અને આસપાસ લોકો બધા એવા ખુશાલ હતા કે તેઓ ફરી હાથમાં હાથ પરોવીને ફરવા લાગ્યાં. ચાલતાં ચાલતાં એક ચોભેટે તેઓ એકાએક બીજી કોઈ જોડી સાથે ભટકાઈ ગયાં. એ જોડી પણ તેમની જેમ જ હાથમાં હાથ પરોવીને હેતાળ વાતચીતમાં મશગૂલ હતી. એ હતાં તિમુર અને ઝેન્યા.

બેઉ જોડીઓ એવી હેરતમાં ગરકાવ થઈ ગયેલી કે તેમણે થંભ્યા વગર જ દુવાસલામ કરી લીધા.

"એ જ છે!" ઓલ્ગા એકદમ ગેઓર્ગીની બાંય પકડી લેતી બોલી ઊઠી. "એ જ છોકરો છે!"

"હા," ગેઓર્ગી અકળામણમાં અટવાઈ જતો બોલ્યો, "અને ખાસ વાત તો એ કે તિમુર છે, મારો ભત્રીજો. સાહસનો રસિયો છે, બહુ જ!"

"તને... તમને ખબર હતી!" ઓલ્ગા ખીજે ભરાઈ ગઈ. "અને મને કહ્યું જ નહિ!"

તે ગેઓર્ગીનો હાથ છોડાવી નાખતી પગદંડીએ દોડી ગઈ. પણ તિમુર કે ઝેન્યા ક્યાંય નજરે ન પડયાં. ને એક વાંકીચૂકી કેડીએ વળીને આગળ ચાલવા લાગી એટલામાં તિમુર નજરે પડયો. તે કવાકિન અને નમૂનાની સામે ખડો હતો.

"સાંભળ," ઓલ્ગા તેની નજીક જઈને બોલી, "એટલું બસ નથી કે તું બગીચાઓમાં ઘૂસીને ઝાડવાં તોડી નાખે છે, ઘરડો ડોશીઓની અને અનાથ બાળકીની બગીચીઓને પણ ખેદાનમેદાન કરી નાખે છે. એટલું બસ નથી કે તને જોઈને કૂતરાંયે ભાગી જાય છે. હવે મારી બહેનને ખોટે માર્ગે લઈ જાય છે, અને વળી મારી સામે ચડાવે છે એને. તું બાળવીરનો રૂમાલ ભલે બાંધતો હો, પણ સાવ લફંગો છો!"

તિમુરનો ચહેરો ફિક્કો પડી ગયો.

"ના, એ વાત સાચી નથી," તે બોલ્યો. "તમને કંઈ ખબર જ નથી!"

ઓલ્ગા અધીરાઈમાં હાથ હલાવીને જાણે સાવ નાઉમેદી જાહેર કરતી ઝેન્યાને ગોતવા દોડી ગઈ.

તિમુર કંઈ બોલ્યા વગર ઊભો રહ્યો.

કવાકિન અને નમૂનાને કંઈ સમજણ ન પડી એટલે તેઓ પણ મૂંગા મૂંગા ઊભા રહ્યા.

"શું વાત છે, કમિસાર?" આખરે કવાકિન બોલ્યો. "લાગે છે કે તનેય કડવી વેળા આવે છે ખરી ક્યારેક!"

"હા, સરદાર," તિમુરે ધીરે ધીરે આંખો ઊંચી કરતાં જવાબ આપ્યો. "અત્યારે મનમાં પરેશાની છે, ખુશી નથી જરાય. થાય છે કે તમારે લીધે મારે આ સાંભળવું પડયું એના કરતાં તો તમે મને પકડીને ઢીબી નાખ્યો હોત તો બહેતર હતું..."

"પણ તું મૂંગો કેમ રહ્યો?" કવાકિન તુચ્છકારમાં દાંત કાઢતો બોલ્યો. "તેં કહી દીધું હોત કે એ તારાં નહિ પણ અમારાં કામાં હતાં. અમે તો અહીંયાં જ ઊભા હતા."

"હા! તેં કહી દીધું હોત, અને બદલામાં અમે તને મુક્કા ઝીંકી દીધા હોત," નમૂનાએ રંગમાં આવી જતાં ટાપસી પૂરી.

પણ કવાકિનને નમૂના તરફથી ખાસ એવી જાતના ટેકાની ધારણા નહોતી. તેણે ટાઢીબોળ નજરે દોસ્તની સામે જોયું. દરમિયાનમાં તિમુર ધીમાં ડગલાં ભરતો અને રસ્તે પડતાં ઝાડનાં થડ ઉપર ટાપલી મારતો ચાલ્યો ગયો.

"ગર્વીલો છે," કવાકિન હળવા અવાજે બોલ્યો. "એને રડવું આવે છે પણ ચુપ છે, રડતો નથી."

"ચાલ, એને એવો પરચો દેખાડી દઈએ કે રડી જ પડે," નમૂનો બોલ્યો. તેણે ફરના ઝાડનું શંકુફળ તિમુરને મારવા ફેંક્યું.

"એ ગર્વીલો છે," કવાકિન ઘોઘરા અવાજે ફરી બોલ્યો, "અને તું... તું... હલકટ!" તેણે નમૂનાને એક મુક્કો ઝીંકી દીધો.

નમૂનાનું ડાચું પહોળું થઈ ગયું. પછી તે રાગડો તાણતો નાસવા લાગ્યો. કવાકિને તેની પાછળ દોડીને પીઠમાં બે મુક્કા લગાવી દીધા.

આખરે કવાકિન ઊભો રહી ગયો. તેણે ટોપી ઉપાડી લઈને ધૂળ ખંખેરી નાખવા ગોઠણ ઉપર ફટકારી, પછી જઈને આઈસક્રીમ લીધું અને ઝાડને અઢેલીને જોરજોરથી શ્વાસ લેતાં અકરાંતિયાની જેમ ખાવાનું શરૂ કરી દીધું.

નિશાનબાજીનો ખેલ ચાલતો હતો ત્યાં તિમુરને ગેઇકા અને સીમા નજરે પડયા.

"તિમુર!" સીમાએ સાદ પાડયો. "તારા કાકા ગોતતા હતા. બહુ ખીજમાં હોય એમ લાગતું હતું."

"ખબર છે. ઘેર જ જાઉં છું."

"પાછો આવીશ?"

"ખબર નથી."

"તિમુર!" ગેઇકા સાથીનો હાથ પકડી લેતો અણધાર્યા હેતાળ અવાજે બોલ્યો. "શું વાત છે? આપણે કોઈને નુકસાન તો નથી કર્યું જરાય! અને તને ખબર છે કે માણસ નેકીનું કામ કરે તો..."

"હા, ખબર છે... એને દુનિમામાં કોઈની બીક ન લાગે. પણ એનું દિલ તો દુભાય."

તિમુર ચાલ્યો ગયો.

દરમિયાનમાં ઝેન્યા દોડતી ઓલ્ગા પાસે ગઈ. ઓલ્ગા એકોર્ડિયન લઈને ઘેર જતી હતી.

"ઓલ્ગા!"

"ચાલી જા!" ઓલ્ગા બોલી. તેણે બહેનની તરફ જોયું પણ નહિ. "મારે હવે તારી જોડે વાત જ નથી કરવી. હું તો હમણાં જ મોસ્કો જતી રહેવાની છું, પછી તું રખડજે સવાર સુધી, મન થાય એની જોડે!"

"પણ ઓલ્ગા..."

"હું તારી જોડે નથી બોલતી. આપણે પરમ દિવસે પાછાં મોસ્કો જવાનું છે. ત્યાં જ બાપુની વાટ જોઈશું."

"ભલે! બાપુને... તને નહિ, બાપુને જ કહીશ, આખી વાત!" ગુસ્સાનાં આંસુથી ગૂંગળાઈ જતી તે તિમુરને ગોતવા દોડી ગઈ.

ગેઇકા અને સીમા મળી ગયા એટલે તેણે પૂછ્યું, તિમુરને ક્યાંય જોયો હોય તો.

"એને ઘેર બોલાવી લીધો," ગેઇકા બોલ્યો. "કાકા ખીજે ભરાઈ ગયા છે, તારી જ કંઈક બાબત છે."

ઝેન્યા ગુસ્સામાં જાણે ગાંડી થઈ ગઈ અને મુઠ્ઠીઓ વાળી દઈને પગ પછાડતી ગરજી ઊઠી:

"તો આમ થાય છે... કંઈ કારણ વગર... આવી વલે કરે છે!"

તેણે હાથ બર્ચના ઝાડ ફરતે વીંટાળી દીધા, પણ એટલામાં તાન્યા અને આન્ના દોડતી તેની પાસે પહોંચી ગઈ.

"ઝેન્યા!" તાન્યા બોલી ઊઠી. "શું થયું? ચાલ, ઝેન્યા! કોઈ એકોર્ડિયન વગાડે છે, નાચવાનું ચાલુ થઈ ગયું છે, છોકરીઓ બધીય ત્યાં ભેગી થઈ ગઈ છે."

તેઓ તેને હલબલાવતી અને વહાલ કરતી ઘસડીને છોકરીઓના કૂંડાળા પાસે લઈ ગઈ. કૂંડાળામાં પુષ્પો જેવાં ઝળકતાં ફ્રૉક અને કુરતાં ગોળગોળ ઘૂમરીઓ ખાઈ રહ્યાં હતાં.

"ઝેન્યા, રડવામાં કંઈ માલ નથી!" આન્ના હંમેશની જેમ દાંત દબાવીને ઝડપથી બોલી. "મને નાનીમા ક્યારેક મારે છે પણ હું કદી રડતી નથી! ચાલો, છોકરીઓ, કૂંડાળા ભેગી થઈ જાઓ!.. એ... ગઈ!"

"એ... ગઈ!" ઝેન્યાએ હસતાં હસતાં આન્નાની નકલ કરી.

તેઓ કૂંડાળામાં સામેલ થઈને ઘૂમરીઓ ખાતી અને ચકરાવા લેતી નાચની પારાવાર ખુશી માણવા લાગી.

તિમુર ઘરમાં દાખલ થયો કે તરત કાકાએ તેની ખબર લઈ નાખી.

"તારાં રાતનાં પરાક્રમોથી તો હું કંટાળી ગયો છું હવે," ગેઓર્ગી બોલ્યો. "આ સંકેતો ને ઘંટડીઓ ને દોરડાં... સાવ કંટાળી ગયો છું એનાથી! અને આ ધાબળાની કહાણી તો અજબ છે! શું થયેલું?"

"ભૂલ થઈ ગયેલી."

"મઝાની ભૂલ! અને પેલી છોકરીને મળવાનું બંધ કરી દેજે, એની બહેનને તું ગમતો નથી."

"કારણ?"

"ખબર નથી. એટલે એમ કે તારી લાયકાત જ કદાચ એવી છે. અને આ ચિઠ્ઠીઓની બાબતમાં શું કહેવાનું છે તારે? વળી આ પરોઢિયે બગીચીમાં મળવાના અજબ ધંધા? ઓલ્ગાનું કહેવું છે કે તું છોકરીને ગુંડાગીરી શીખવે છે."

"ખોટું બોલે છે," તિમુરે ખીજે ભરાઈને વળતો જવાબ દીધો. "પાછી કોમ્સોમોલમાં છે! એને કંઈ સમજાતું ન હોય તો મને પૂછી શકી હોત. મેં પૂરો ખુલાસો કર્યો હોત."

"બહુ સારું. પણ તું ખુલાસો ન કરી લે ત્યાં સુધી એમના ઘર નજીક જવાની તને મનાઈ છે. અને મોટી વાત— મારું કહ્યું નહિ કરે તો તરત પાછો તારી મા પાસે મોકલી દઈશ."

તે જવા લાગ્યો.

"કાકા," તિમુર તેને રોકી રાખતો બોલ્યો, "તમે નાના હતા ત્યારે શું કરતા? કેવી રમતગમત કરતા?"

"અમે?.. અમે દોડતા, કૂદતા, છાપરે ચડતા. ક્યારેક લડતાયે ખરા. પણ અમારી રમતો બધી સાવ સાદી હતી અને સૌ સમજી શકતા."

ઓલ્ગા ઝેન્યાને સજા કરવાના ઈરાદે તેને કશું કહ્યા વગર સાંજે મોસ્કો ચાલી ગઈ.

તેને મોસ્કોમાં કંઈ કામ નહોતું, એટલે સીધી ઘેર જવાને બદલે તે એક સાહેલીને મળવા ગઈ. પછી ઘેર પહોંચી ત્યારે લગભગ દસ વાગી ગયા હતા. બારણે પિન વડે ભરાવેલો એક તાર નજરે પડયો.

ઓલ્ગાએ ટૂંકો સંદેશો વાંચ્યો. બાપુનો હતો.

સાંજે ઉદ્યાનમાંથી ટ્રકો રવાના થવા લાગી ત્યારે ઝેન્યા અને તાન્યા ઉતાવળી ઘેર ગઈ. ઝેન્યાને કૅન્વાસના બૂટ પહેરીને વોલીબૉલ રમવા જવું હતું.

તે બૂટની વાધરી બાંધતી હતી એટલામાં ઊજળા વાળવાળી નાનકડી બાળકીની મા ઓરડામાં દાખલ થઈ. નીંદરમાં પડેલી નાની બચ્ચી તેના હાથમાં હતી.

ઓલ્ગા ઘેર નથી એની ખબર પડતાં બાઈ એકદમ હતાશ થઈ ગઈ.

"તારી બહેનનું કામ હતું, બેબીને એની પાસે રાખવી હતી," બાઈ બોલી. "મને ખબર નહોતી કે ઘેર નથી. ગાડી આઠ વાગ્યે આવે છે, મા આવવાની છે, મારે મોસ્કો એને લેવા જવું પડે એમ છે."

"મારી પાસે મૂકી જાઓ," ઝેન્યા બોલી. "ઓલ્ગા નથી તો શું થયું? હું ન સંભાળી શકું? મારા ખાટલામાં સુવડાવી દો, હું બીજા ખાટલામાં સૂઈ જઈશ."

"ઊંઘી ગઈ છે, હવે સવાર સુધી નહિ જાગે," મા રાજી થઈ જતી બોલી. "વચમાં ક્યારેક ક્યારેક નજર નાખી લેવાની અને તકિયો સરખો કરી દેવાનો, બસ એટલું જ કરવાનું છે."

તેમણે બાળકીનાં કપડાં બદલાવીને તેને ખાટલામાં સુવડાવી દીધી. બહારથી ખાટલો નજરે પડે એટલા ખાતર ઝેન્યાએ પડદો હઠાવી દીધો અને બારણું વાસી દીધું. પછી બાળકીને જોઈ જવા વારાફરતી આવવાનું નક્કી કરીને બેઉ છોકરીઓ વોલીબૉલ રમવા દોડી ગઈ.

તેઓ ગઈ કે તરત ટપાલી આવ્યો. તે વરંડામાં જઈને કેટલીય વાર સુધી બારણું ખખડાવતો રહ્યો. કંઈ જવાબ ન મળ્યો એટલે તેણે પાડોશીને ત્યાં જઈને પૂછ્યું કે ઘરમાં કોઈ રહે છે કે પછી લોકો પાછાં શહેરમાં ચાલ્યાં ગયાં છે.

"ના," પાડોશીએ કહ્યું, "છોકરી ઘરમાં જ હતી, હમણાં જ ગઈ છે. તાર મને આપો, હું પહોંચાડી દઈશ."

પાડોશીએ સહી કરીને તાર લીધો અને ખીસામાં મૂકી દીધો. પછી તે બાંકડા ઉપર બેસી ગયો અને હોકલી સળગાવીને ઝેન્યાની વાટ જોવા લાગ્યો.

દોઢેક કલાક પછી ટપાલી ફરી વાર આવ્યો.

"બીજો તાર આવ્યો છે," તેણે કહ્યું. "આખર છે શું? આટલી ધમાલ શાની છે? ભલા ભાઈ, સહી કરીને આ બીજો તાર પણ રાખી લો."

પાડોશીએ સહી કરીને બીજો તાર પણ લઈ લીધો. ચોમેર ઘેરું અંધારું ફેલાઈ ગયું હતું. તેણે દરવાજો ખોલ્યો અને ઓટલાનાં પગથિયાં ચડીને બારી વાટેથી અંદર નજર નાખી. અંદર નાનકડી બાળકી સૂતી હતી, તેના માથા નજીક બિલાડીનું રતુમડું બચ્ચું કોકડું વળીને પડયું હતું. એટલે ઘરના લોકો બહુ દૂર ન જ ગયા હોય. તેણે બારી ઉપરથી જરાક સરકાવીને બન્ને તાર અંદર નાખી દીધા. તાર સીધા બારીની પાળ ઉપર પડયા, ઝેન્યાના ધ્યાનમાં ચોક્કસ આવી જ જાય એવી રીતે.

પણ તાર ઝેન્યાના ધ્યાનમાં આવ્યા નહિ. તેણે અંદર દાખલ થઈને ચાંદાના અજવાળામાં બાળકીનો તકિયો સરખો કર્યો અને બિલાડીના બચ્ચાને ભગાડી મૂક્યું. પછી તે કપડાં બદલાવીને ખાટલામાં લાંબી થઈ ગઈ. તે કેટલીય વાર સુધી જિંદગીનો વિચાર કરતી પડી રહી. તેનો કંઈ વાંક નહોતો, અને ઓલ્ગાનોયે કશો વાંક હોય એમ લાગતું નહોતું, તેમ છતાં બેઉની વચ્ચે પહેલી વાર સખત અણમેળ થઈ ગયો હતો.

ઝેન્યાનું મન ઉદાસ હતું. તેને નીંદર ન આવી. તે થોડીક રોટી અને મુરબ્બો ખાવા ખાટલામાંથી ઊભી થઈ. કબાટ પાસે જઈને બત્તી ચાલુ કરતાં જ તેને બારીની પાળ ઉપર તાર નજરે પડયા.

તેનું દિલ જાણે એક ધબકારો ચૂકી ગયું. તેણે ધ્રૂજતી આંગળીઓ વડે તાર ખોલ્યા.

પહેલા તારમાં લખેલું હતું:

"મધરાતથી સવારના ત્રણ સુધી મોસ્કોમાં રોકાવાનું થશે. શહેરના ઘરમાં મળો. બાપુ."

બીજા તારમાં લખેલું હતું:

"તરત મોસ્કો આવ. બાપુ રાતે આવવાના છે. ઓલ્ગા."

ઝેન્યા એકદમ ગભરાટમાં પડી ગઈ. તેણે ઘડિયાળ તરફ નજર નાખી. પોણા બાર વાગ્યા હતા. ઝડપથી કપડાં બદલાવીને અને ઊંઘતી બાળકીને તેડી લઈને તે જાણે અધઘેલી હોય એવી રીતે ધસીને વરંડામાં પહોંચી

ગઈ. પણ પછી તેણે ઇરાદો બદલાવી નાખ્યો. બાળકીને પાછી ખાટલામાં સુવડાવી દઈને તે દોડતી બહાર નીકળી અને દૂધવાળીના ઘર તરફ જવા લાગી. ત્યાં પહોંચીને તે મુઠ્ઠીઓ અને પાટુ મારતી બારણું ધડધડાવવા લાગી. આખરે દૂધવાળીની પાડોશણે બારીમાંથી ડોકું બહાર કાઢ્યું.

"ધડધડાટ કેમ કરે છે?" પાડોશણે ઊંઘરેટા અવાજે સવાલ કર્યો. "શું તોફાન માંડ્યું છે?"

"કંઈ તોફાન નથી," ઝેન્યા વિનવણી કરતી બોલી, "માશાકાકીનું કામ છે, દૂધવાળી કાકીનું. એક બાળકીને મૂકી જવી છે એમની પાસે."

"કેવી વાત કરે છે?" પાડોશણ બોલી ઊઠી. "ડોશી તો ભાઈને મળવા સવારે ગામડે ચાલી ગઈ," કહેતાં તેણે બારી ધડાક બંધ કરી દીધી.

સ્ટેશનમાં દાખલ થતી ગાડીની સીટી ગુંજી ઊઠી. ઝેન્યા પાછી દોડતી શેરીમાં ગઈ અને ઘરડા સજ્જનની જોડે, ડૉક્ટરની જોડે, અથડાઈ પડી.

"માફ કરજો!" તે હાંફતી બોલી. "આ કઈ ગાડી?"

ઘરડા સજ્જને ખીસામાંથી ઘડિયાળ કાઢ્યું.

"અગિયાર ને પંચાવન," તેણે જવાબ આપ્યો. "મોસ્કો જતી છેલ્લી ગાડી."

"છેલ્લી એટલે?" ઝેન્યા હોઠ ફફડાવતી બોલી. તેનું ગળું રૂંધાવા લાગ્યું. "આના પછી બીજી ક્યારે આવશે?"

"આના પછી સવારે ત્રણ ને ચાળીસ મિનિટે. તને શું થઈ ગયું છે, બેટી?" લથડિયું ખાતી છોકરીનો ખભો પકડી લેતાં તેણે સહાનુભૂતિના અવાજે પૂછ્યું. "રડે છે કેમ? હું મદદ કરી શકું કોઈ રીતે?"

"ના, ના, તમારાથી કંઈ થાય નહિ!" ઝેન્યા બોલી. તે આંસું ખાળવાની કોશિશ કરતી ઉતાવળી જવા લાગી અને જતાં જતાં બોલી: "હવે તો આખી દુનિયામાં કોઈ મને મદદ કરી શકે એમ નથી!"

ઘેર પહોંચીને તે ખાટલામાં ઢળી પડી, પણ બીજી જ પળે ઊભી થઈને ઊંઘતી બાળકીને એકીટસે તાકી રહી. પછી તેણે સ્વસ્થ થઈને બાળકીને ધાબળો સરખી રીતે ઓઢાડયો અને બિલાડીના રતુમડા બચ્ચાને નકિયા પાસેથી ભગાડી મૂક્યું.

વરંડાની, રસોડાની, અને દીવાનખાનાની બત્તીઓ ચાલુ કરીને તે સોફામાં બેસી ગઈ અને માથું ધુણાવવા લાગી. કોઈ ખાસ બાબતનો વિચાર કર્યા વગર તે કેટલીય વાર સુધી એમ બેઠી રહી. અચાનક તેનો હાથ બાજુમાં પડેલા એકોર્ડિયનને અડી ગયો. તે વાજિંત્રને યંત્રવત્ ઉપાડી લઈને કળો ઉપર આંગળીઓ દબાવવા લાગી. ગમગીન ગંભીર સૂર આખા ઓરડામાં ભરાઈ ગયા. ઝેન્યા એકોર્ડિયનને એકાએક બાજુએ મૂકી દઈને બારી પાસે ગઈ. તેના ખભા ધ્રૂજી રહ્યા હતા.

ના! આવો સંતાપ એકલી એકલી સહી લેવાનું હવે એક મિનિટ પણ શક્ય નથી! તે મીણબત્તી સળગાવીને લથડતી ચાલે બગીચી પાર કોઠાર તરફ જવા લાગી.

મેડો સામે જ હતો, દોરડાં, નકશો, કોથળા, અને વાવટીઓવાળો મેડો. તે ઉપર ગઈ અને ફાનસ સળગાવીને ચક્કર પાસે પહોંચી. પછી કામની દોરી ગોતી કાઢીને આંકડીમાં ભરાવી દેતાં તેણે ચક્કરને આંચકો માર્યો.



તિમુર ઊંડી નીંદરમાં પડયો હતો. રીતાએ પંજો ઊંચો કરીને તેને ખભે અડાડયો. હળવા હડસેલાની કશી અસર ન થઈ. પછી રીતાએ ધાબળો દાંત વડે પકડીને ખેંચી લીધો અને નીચે નાખી દીધો.

તિમુર બેઠો થઈ ગયો.

"આ શું માંડયું છે તેં?" તેણે ગૂંચવણમાં પડી જતાં સવાલ કર્યો. "કંઈ ગરબડ થઈ છે કે શું?"

કૂતરીએ તેની નજરમાં નજર પરોવીને પૂંછડી હલાવી અને માથું ઉછાળ્યું. એ જ ઘડીએ તિમુરને બ્રૉંઝની નાનકડી ઘંટડીનો રણકાર કાને પડયો.

રાતની આટલી વેળાએ કોને જરૂર પડી હશે, એવા વિચારોમાં અટવાતો તે ઓટલે ગયો અને ટેલિફોન કાને માંડીને બોલ્યો:

"હલ્લો! હું તિમુર! કોણ છે? તું છો, ઝેન્યા?"

પહેલાં તે શાંતિથી સાંભળતો રહ્યો. પછી તેના હોઠ ફરકવા લાગ્યા અને તેનું મોં રાતું થઈ ગયું. તેનો શ્વાસ જોરથી ચાલતો હતો.

"બસ, ત્રણ જ કલાક?" તેણે ઉત્તેજિત અવાજે સવાલ કર્યો. "ઝેન્યા, તું રડે છે? મને સંભળાય છે... રડે છે! રડ નહિ! ના, રડવાનું નથી! હું હમણાં જ આવું છું..."

તેણે ટેલિફોન મૂકી દીધો અને અભરાઈ ઉપરથી ટાઇમટેબલ ખેંચી લીધું.

"હા, ખરી વાત, છેલ્લી ગાડી અગિયાર ને પંચાવનની છે. પછી સવારે ત્રણ ને ચાળીસની." તે હોઠ કરડતો ઊભો રહ્યો. "વધારે પડતું મોડું થઈ જાય! કંઈ થઈ શકે એમ નથી? ના! કોઈ રીતે પહોંચાય જ નહિ વખતસર!"

પણ ઝેન્યાના ઘરને દરવાજે લાલ તારક દિનરાત ઝગમગાટ કરતો હતો, તેણે પોતે, પોતાના હાથે, ગોઠવ્યો હતો. તેનાં કિરણો આંખો સામે સીધાં અને સાફ ચળકારા મારતાં હતાં.

કમાંડરની દીકરી મુશ્કેલીમાં છે! કમાંડરની દીકરીને મદદની જરૂર છે!

તે ઉતાવળમાં કપડાં બદલાવીને બહાર દોડી ગયો. થોડી વારમાં તે ઘરડા સજ્જનને ઓટલે પહોંચી ગયો. ડૉક્ટરના ઓરડામાં બત્તી ચાલુ હતી.

તિમુરે બારણું ખખડાવ્યું. અચરજમાં પડી ગયેલા ડૉક્ટરે બારણું ખોલ્યું.

"શું છે?" તેણે લૂખા અવાજે સવાલ કર્યો.

"તમારી જોડે વાત કરવી છે," તિમુરે જવાબ આપ્યો.

"મારી જોડે?" ઘરડો સજ્જન પળ વાર વિચારમાં પડી ગયો અને પછી હાથ લંબાવીને બારણું પૂરું ખોલી નાખતો બોલ્યો: "ભલે, આવ, અંદર આવ!"

વાતચીત બહુ લાંબી ન ચાલી.

"બસ, અમે એવું બધું કરીએ છીએ," તિમુરે વાત પૂરી કરી. તેની આંખો ઝગારા મારતી હતી. "અમે એવું બધું કરીએ છીએ અને એવી રીતે રમીએ છીએ. એટલે જ તમારા કોલ્યાની જરૂર પડી છે અત્યારે."

ઘરડો આદમી કંઈ બોલ્યા વગર ઊભો થયો. તેણે એકાએક તિમુરની દાઢી પકડીને તેનું માથું પાછળ નમાવ્યું અને તેની આંખોમાં નજર ઠેરવી દીધી. પછી તે ઓરડામાંથી બહાર ચાલ્યો ગયો.

કોલ્યાના સૂવાના ઓરડામાં જઈને તેણે છોકરાનો ખભો હલાવ્યો.

"ઊભો થા," તેણે કહ્યું. "બોલાવે છે તને."

"પણ મને કંઈ ખબર નથી," કોલ્યા બબડ્યો. બીકમાં તેના ડોળા ચકળવકળ થઈ રહ્યા હતા. "બાપા, ખરું કહું છું, મને કંઈ જ ખબર નથી."

"ઊભો થા," સજ્જન ફરી ટૂંકાંટચ વેણ બોલ્યો. "તારો સાથી તને બોલાવવા આવ્યો છે."

...ઝેન્યા મેડામાં પરાળના ખડકલા ઉપર બેઠી હતી. હાથ ગોઠણ ફરતે વીંટાળીને તે તિમુરની વાટ જોતી હતી. પણ તિમુરને બદલે કોલ્યાનું માથું બારી વાટેથી અંદર ડોકાણું. તેના વાળ વીખરાયેલા હતા.

"તું?" ઝેન્યા બોલી. ઊઠી. "તારે શું કામ છે?"

"ખબર નથી," કોલ્યા ધીમા ગભરાટભર્યા અવાજે બોલ્યો. "હું તો નીંદરમાં હતો. તિમુર આવ્યો. હું જાગીને ઊભો થઈ ગયો. એણે મને અહીં મોકલ્યો. એણે કહ્યું કે તારે દરવાજે જવાનું છે."

"કેમ?"

"ખબર નથી. મને તો જાણે માથામાં કંઈક થાય છે, ગોળગોળ ફરતું હોય એમ લાગે છે, કંઈ સમજાતું નથી, ઝેન્યા!"

પૂછવા જવાય એવું કોઈ ઘરમાં હતું જ નહિ. કાકા મોસ્કો ગયા હતા. તિમુરે ફાનસ સળગાવ્યું અને કુહાડી ઉપાડી લીધી. પછી કૂતરીને બોલાવીને તે બગીચીમાં ગયો અને કોઠારના બારણા પાસે ઊભો રહી ગયો. તેની નજર પહેલાં કુહાડી ઉપર અને પછી તાળા ઉપર મંડાઈ ગઈ. હા! તેને ખબર હતી કે કામ નો ખોટું છે, પણ બીજો કોઈ ઉપાય જ નહોતો. સરખું નિશાન તાકીને કુહાડીનો ઘા માર્યો એટલે તાળું તૂટી ગયું. તેણે મોટરસાઈકલ બહાર કાઢી.

"રીતા!" તે ગોઠણભેર થઈને કૂતરીને નાકે બચી ભરતો ગમગીન અવાજે બોલ્યો. "ગુસ્સે થતી નહિ! બીજું કંઈ થઈ શકે એમ હતું જ નહિ!"

ઝેન્યા અને કોલ્યા દરવાજે વાટ જોતાં ઊભાં હતાં. દૂરથી એક બત્તી ઝપાટાબંધ તેમની તરફ આવી રહી હતી.



તેમને એંજિનનો ઘરઘરાટ સંભળાયો. તેઓ આંખો સંકોડીને જોવા લાગ્યાં અને સામેથી બત્તીનો ઝળહળાટ ફેલાઈ ગયો એટલે ખસીને વાડ જોડે લપાઈ ગયાં. એકાએક બત્તી ઓલવાઈ ગઈ, એંજિન બંધ થઈ ગયું, અને તિમુર નજરે પડયો.

"કોલ્યા," તિમુર દુવાસલામ કર્યા વગર અને કોઈ જાતના સવાલો પૂછયા વગર બોલ્યો, "તું અહીંયાં રહેજે અને ઘરમાં નાની બેબી સૂતી છે એનું ધ્યાન રાખજે. જવાબદારી તારી છે, કંઈ થશે તો ટુકડીને તારે જવાબ આપવો પડશે. ઝેન્યા, બેસી જા! આપણે રવાના થઈ જવાનું છે! મોસ્કો!"

ઝેન્યા ખુશીમાં ચીસ પાડી ઊઠી. તેણે પૂરું જોર લગાવીને તિમુરને બાથમાં ભીડી લીધો અને બચી ભરી લીધી.

"ઝેન્યા, બેસી જા!" તિમુરે કરડાકીનો ડોળ કરતાં ઘાંટો પાડયો. "બરાબર પકડી રાખજે! ચાલો, રવાના! આગે બઢો!"

એંજિને છીંકોટો કર્યો, મોટરસાઇકલની સીટી ગુંજી ઊઠી, અને પાછળની લાલ બત્તી થોડી વારમાં દેખાતી બંધ થઈ ગઈ.



એકદમ ડઘાઈ ગયેલો કોલ્યા સાંઠીકડું ઉપાડી લઈને તેને રાઈફલની જેમ સીધું પકડી રાખતો ઝગમગાટ કરતા ઘર ફરતે આંટા મારવા લાગ્યો.

"હા, સિપાહીનાં જિંદગી ખરેખર કપરી હોય છે!" તે દમામથી પહેરો ભરતો ગણગણવા લાગ્યો. "દિવસ હોય કે રાત, ચેન નહિ જરાય!"

સવારના ત્રણ વાગવા આવ્યા હતા. કર્નલ આલેક્સાન્દ્રોવ ટેબલ પાસે બેઠા હતા. ટેબલ પર ચાની કીટલી, થોડીક સલામી, પનીર, અને રોટી પડી હતી. કીટલીમાં ચા સાવ ઠરી ગઈ હતી.

"મારે તો અરધા કલાકમાં નીકળી જવું પડશે," તેમણે ઓલ્ગાને કહ્યું. "અફસોસની વાત છે કે ઝેન્યાને જોઈ લેવાનું ન બન્યું. અરે, ઓલ્ગા, તું રડે છે?"

"સમજાતું નથી કે આવી કેમ નહિ. મને અફસોસ થાય છે. તમને મળવાની તાલાવેલી હતી એને! હવે તો એનું ભેજું સાવ ખસી જવાનું! આમેય ઘેલી તો છે જ!"

"ઓલ્ગા," બાપુ ઊભા થતા બોલ્યા, "તારે ભલે ગમે તે કહેવાનું હોય પણ હું માનું જ નહિ કે ઝેન્યા ખરાબ ટોળકી ભેગી ભળે, અથવા એને કોઈ ખોટે રસ્તે ચડાવી શકે, અથવા એને કોઈ હુકમ કરી શકે. ના! એવું બધું એની બાબતમાં કંઈ મેળ ખાતું નથી!"

"તમે તો પાછું શરૂ કરી દીધું!" ઓલ્ગા ફરિયાદના ભાવે બોલી. "પછી એનેય એમ જ કહેવાના! આમેય હું બહુ સાંભળતી રહું છું કે તમારા જેવી છે. પણ એમાં તમારી ભૂલ થાય છે! તમે માનશો ખરા કે એણે છાપરે ચડીને ધુમાડિયા વાટેથી દોરડું નીચે લટકાવેલું! હું ઈસ્ત્રી કરવા જતી હતી એટલામાં ઈસ્ત્રી મારા હાથમાંથી છૂટીને ધુમાડિયામાં ઊંચે ચડવા લાગી. બાપુ, તમે ગયા ત્યારે એની પાસે ચાર ફ્રૉક હતાં. બે તો લીરેલીરાં થઈ ગયાં છે, ત્રીજું હવે નાનું પડે છે, અને ચોથું હું એને પહેરવા નથી દેતી. મેં એને ત્રણ ફ્રૉક સીવી આપ્યાં, પણ એનાં કપડાં થોડાક દિવસથી વધારે ટકતાં જ નથી. જ્યારે જુઓ ત્યારે એને ઉઝરડા થયા હોય કે ચામડીમાં ભૂરાં ચાઠાં થઈ ગયાં હોય. એને કંઈ કહો એટલે હોઠ સંકોડે અને નીલી આંખો પહોળી થઈ જાય. સૌ એને બેશક ટચૂકડું રૂપકડું ફૂલ ગણે છે, છોકરી બિલકુલ નહિ. પણ એને હાથ અડાડવાની કોશિશ તો કરી જુઓ! વાહ રે ફૂલ! કાંટાળો થોર કહીએ તો વધારે ઠીક ગણાય! બાપુ, એવો ખ્યાલ જ છોડી દો કે તમારા જેવી થઈ છે. એને એમ કહેશો એટલે એવી ફૂલીને ફાળકો થઈ જશે કે લગાતાર ત્રણ દિવસ છાપરે ધુમાડિયાની ટોચ ફરતી નાચતી રહેશે!"

"ઠીક," બાપુએ ઓલ્ગાને વહાલ કરતાં માની લીધું. "હું એની જોડે વાત કરીશ. એને કાગળ લખીશ. પણ તું એની બાબતમાં બહુ સખતી કરતી નહિ, ઓલ્ગા! કહેજે કે મને બહુ વહાલી છે, એને યાદ કરતો રહું છું, થોડા વખતમાં અમે પાછા આવી જઈશું, રડે નહિ, કમાંડરની દીકરી છે, એનાથી રડાય નહિ."

"તોયે રડવાની," ઓલ્ગા બાપુને વધારે જોરથી વળગતી બોલી. "હુંયે કમાંડરની દીકરી છું, પણ તોયે રડવાની."

બાપુએ ઘડિયાળ તરફ નજર નાખી. પછી આયના પાસે જઈને પટ્ટો બાંધી લીધો અને જાકીટ સરખું કરી લીધું.

એકાએક બહારનું બારણું ધડાક કરતું બંધ થયું. પછી ઓરડાને બારણે ટાંગેલો પડદો ખસી ગયો અને ઝેન્યા નજરે પડી. જાણે ઠેકડો મારવાની હોય એમ તેના ખભા આગળ નમી ગયેલા હતા.

પણ ખુશીનો પોકાર કરવાને બદલે કે ઠેકડો મારવાને બદલે તે જરાય અવાજ કર્યા વગર ઓરડામાં સરકતી બાપુ પાસે પહોંચી ગઈ અને તેણે એક શબ્દ પણ બોલ્યા વગર માથું તેમની છાતીએ ચાંપી દીધું.

તેનો ચહેરો આખો કાદવથી ખરડાયેલો હતો અને ચોળાઈ ગયેલાં કપડાંમાં ઠેરઠેર ડાઘા દેખાતા હતા.

"ઝેન્યા, તું ક્યાંથી ટપકી પડી? કેવી રીતે આવી?" ઓલ્ગાએ ચિંતાતુર અવાજે સવાલ કર્યા.

ઝેન્યાએ માથું તેની તરફ ફેરવ્યા વગર હાથ હલાવ્યો, જાણે કહેતી હોય: "ઊભી રહે!.. મૂંગી રહે!.. હમણાં તારા સવાલ બધાય રહેવા દે!.."

બાપુએ તેને ઊંચકી લીધી અને સોફા પર બેસી જઈને ખોળામાં ગોઠવી દીધી. તેમણે દીકરીના ચહેરા ઉપર નજર ફેરવી અને હાથ વડે તેના કપાળેથી કાદવ લૂછી નાખ્યો.

"વાહ! બહુ મઝાનું! તેં તો કમાલ કરી, ઝેન્યા!"

"પણ તને આખે શરીર કાદવના લપેડા છે, મોઢું કાળુંમેશ થઈ ગયું છે! તું આવી કેવી રીતે?" ઓલ્ગાએ ફરી પૂછ્યું.

ઝેન્યાએ બારણાના પડદા તરફ આંગળી ચીંધી. ઓલ્ગાએ જોયું તો તિમુર ઊભો હતો.

તે ચામડાના દસ્તાના કાઢતો હતો. તેના લમણા ઉપર પીળા ગ્રીઝના લપકા ચોંટેલા હતા. તેનો ચહેરો જાણે ભીનો અને થાકેલો લાગતો હતો, કામ સરખી રીતે પાર પાડી ચૂકેલા કામદારના જેવો લાગતો હતો. તેણે માથું હલાવીને દુવાસલામ કર્યા.

"બાપુ!" ઝેન્યા બાપુના ખોળામાંથી કૂદીને તિમુર પાસે દોડી જતી બોલી ઊઠી. "કોઈની વાત માનતા નહિ! કોઈને કશી ખબર નથી! તિમુરને મળો, મારો સાથી છે, બહુ સારો!"

બાપુ ઊભા થયા અને તેમણે જરાય અચકાયા વગર તિમુરની જોડે હાથ મિલાવ્યો. ઝેન્યાના ચહેરામાં જાણે ફતેહનો મલકાટ ઝબકી ગયો. તેણે વેગીલી વેધક નજર ઓલ્ગાની ઉપર ફેરવી લીધી. હજી ગૂંચવણમાં અટવાયેલી ઓલ્ગા તિમુરની પાસે જઈને બોલી:

"ભલે... તો પછી... કેમ છો!.."

થોડી વારમાં ઘડિયાળમાં ત્રણ ડંકા થયા.

"બાપુ," ઝેન્યા ફિકરમાં પડી જતી બોલી, "તમે જવાના હવે? આપણું ઘડિયાળ તો વહેલું છે."

"ના, ઝેન્યા, ઘડિયાળમાં વખત તો બરાબર છે."

"બાપુ, તમારું ઘડિયાળ પણ વહેલું છે." તેણે ઊભી થઈને ટેલિફોનમાં વખત પૂછી જોયો. ધાતુના ટકટક જેવા એકધારા અવાજમાં જવાબ મળ્યો:

"ત્રણ ને ચાર મિનિટ."

ઝેન્યાએ દીવાલના ઘડિયાળ તરફ જોઈને નિસાસો નાખ્યો.

"વહેલું તો છે, પણ ફક્ત એક મિનિટ જ. બાપુ, અમને સ્ટેશને લઈ જાઓ, તમને વળાવવા."

"ના, ઝેન્યા, એ તો નહિ બને, ત્યાં હું બહુ ધમાલમાં પડી જવાનો."

"કેમ? તમારી પાસે ટિકિટ તો છે, ખરું ને?"

"હા."

"સૂવાના ડબ્બાની?"

"હા, સૂવાના ડબ્બાની."

"અરે, દૂર દૂરની સફર ખેડવાનું કેવું મન છે મને! તમારા ભેગી, સૂવાના ડબ્બામાં!"

રીતસરનું સ્ટેશન નહોતું પણ ગાડીઓને સફરના પાટાઓ પર જતાં પહેલાં રોકાવાની અને ડબ્બા જોડવાની જગ્યા હતી. પાટા હતા, સિગ્નલ હતાં, સાંધા હતા, ડબ્બા હતા, પણ મુસાફરો નહોતા. એક બખતરબંધ ગાડી પ્લૅટફૉર્મને અડીને ઊભી હતી. લોખંડની બારીઓમાંથી એક ઊઘડી, પછી બીજી ઊઘડી. ઍન્જિનની ભઠ્ઠીના અજવાળામાં ડ્રાઈવરનો ચહેરો દેખાતો હતો.

ઝેન્યાના બાપુ, કર્નલ આલેક્સાન્દ્રોવ, ચામડાનો કોટ પહેરીને પ્લૅટફૉર્મ પર ઊભા હતા. એક લેફ્ટેનન્ટ નજીક આવીને સલામ કરતો બોલ્યો:

"કોમરેડ કર્નલ! રવાના થઈ જઈએ?"

કર્નલે ઘડિયાળ ઉપર નજર નાખી. વખત હતો ત્રણ ને ત્રેપન મિનિટ. તેમણે જવાબ આપ્યો: "હા, ત્રણ ને ત્રેપન મિનિટે નીકળવાનો હુકમ છે!"

કર્નલ આલેક્સાન્દ્રોવે પોતાના ડબ્બા પાસે જઈને આસપાસ નજર ફેરવી. અજવાળું થવા લાગ્યું હતું પણ આસમાનમાં વાદળો ઘેરાયેલાં હતાં. તેમણે ભીનો હાથો ફેરવ્યો. વજનદાર બારણું ખૂલી ગયું. તે પગથિયા ઉપર પગ મૂકીને હોઠ મલકાવતા મનમાં બોલ્યા:

"સૂવાના ડબ્બાની?"

"હા, સૂવાના ડબ્બાની."

પોલાદનું વજનદાર બારણું ઠપ કરતું બંધ થઈ ગયું. બખતરબંધ તોસ્તાન આંચકા માર્યા વગર કે ચૂંકારા કર્યા વગર સરળતાથી સરકવા લાગ્યું અને એકધારું વેગ પકડતું ગયું. ઍન્જિન પસાર થઈ ગયું. તેની પાછળ પાછળ તોપોની ગોઠવણીવાળા ડબ્બા પસાર થઈ ગયા. મોસ્કો પાછળ રહી ગયું. ધુમ્મસ. તારા ઝાંખા પડતા ગયા. પરોઢનો ઉજાસ ફેલાતો ગયો.

ગેઓર્ગી શહેરમાંથી સવારે પાછો આવ્યો ત્યારે તિમુર ઘરમાં નહોતો અને મોટરસાઇકલ ગાયબ હતી. તેણે તિમુરને તરત મા પાસે પાછો મોકલી દેવાનો ફેંસલો કરી નાખ્યો.

તેણે બેસીને કાગળ લખવાનું શરૂ કર્યું અને બારી વાટેથી બહાર નજર નાખી તો કાંકરીવાળી પગદંડીએથી એક સિપાહી આવતો દેખાયો.

સિપાહીએ એક કવર સામે ધર્યું.

"કોમરેડ ગારાયેવ?" તેણે પૂછ્યું.

"હા."

"ગેઓર્ગી આલેક્સેયેવિચ?"

"હા."

"આ કવર લો, અને રસીદની સહી કરી આપો."

સિપાહી ચાલ્યો ગયો. ગેઓર્ગીએ કવર ઉપર બારીક નજર ફેરવી અને વાત કળી જતાં સીટી વગાડી.

"હા! એ જ છે, જેની લાંબા વખતથી વાટ જોવાતી હતી!"

તેણે કવર ખોલીને સંદેશો વાંચી જોયો અને શરૂ કરેલા કાગળનો ડૂચો વાળીને ફેંકી દીધો. હવે તિમુરને પાછો મોકલવાની જરૂર નહોતી પણ એની માને તાર કરીને તેડાવવાનું જરૂરી હતું.

એટલામાં તિમુર ઓરડામાં દાખલ થયો. તેને જોતાં જ ગેઓર્ગીએ ખીજે ભરાઈને ટેબલ ઉપર જોરથી મુક્કો ઝીંકી દીધો. તિમુરની પાછળ પાછળ ઓલ્ગા અને ઝેન્યા પણ ઓરડામાં દાખલ થઈ.

"ધીરા પડો!" ઓલ્ગા બોલી. "બરાડા પાડવાની કે ટેબલ ધડધડાવવાની જરૂર નથી! તિમુરનો જરાય વાંક નથી. વાંક તો તમારો છે, હા, અને મારોયે છે."

"હા," ઝેન્યાએ ટાપસી પૂરી, "એને બિલકુલ ધમકાવવાનો નથી! અને ઓલ્ગા, ટેબલને અડતી નહિ, આ રિવોલ્વર ફૂટે ત્યારે બહુ જોરથી ધડાકો કરે છે!"

ગેઓર્ગીએ ઝેન્યાની સામે જોયું, પછી રિવોલ્વર તરફ નજર નાખી. તેને સમજણ પડવા લાગી.

"તો તું હતી, એક વાર રાતે અહીંયાં સૂઈ ગયેલી, ખરું ને, ઝેન્યા?"

"હા, હું જ હતી. ઓલ્ગા, એમને બધી વાત કર, અમે થોડુંક કેરોસીન ને ચીંથરાં લઈને મોટરસાઇકલ સાફ કરી નાખીએ!"

બીજે દિવસે ઓલ્ગા વરંડામાં બેઠી હતી એટલામાં કમાંડરનો પોશાક પહેરેલો એક આદમી દરવાજો ખોલીને અંદર આવ્યો. તે જાણે પોતાને જ ઘેર પાછો ફરતો હોય એમ પૂરા આત્મવિશ્વાસથી ડગલાં ભરતો હતો. ઓલ્ગા ગૂંચવણમાં પડી જતી ઊભી થઈને સામે ગઈ. ગેઓર્ગી હતો. તેણે ટેંક ટુકડીના કૅપ્ટનનો યુનિફૉર્મ પહેર્યો હતો.

"આ શું?" ઓલ્ગા હળવા અવાજે બોલી. "વળી... તમારા ઑપેરાનું કોઈ બીજું પાત્ર છે કે?"

"ના," ગેઓર્ગીએ જવાબ આપ્યો. "હું તો થોડીક વાર વિદાય લેવા આવ્યો છું. આ કોઈ નવું પાત્ર નથી, ખાલી નવો યુનિફૉર્મ જ છે."

"તે દિવસે તમે કહેલું કે 'અમારો ઘા તો લોખંડનો, અને લોખંડ વડે મજબૂત બનાવેલા કાંકરેટનો, સીધો દિલમાં વાગે', એનો અર્થ આવો હતો, ખરું ને?" ઓલ્ગાએ તેના હોદ્દાની પટ્ટીઓ તરફ ઇશારો કરતાં સવાલ કર્યો. તેનું મોં રાતુંરાતું થઈ ગયું.

"હા, એમ જ. ઓલ્ગા, કશુંક ગાઈ સંભળાવો, યાદમાં સંઘરીને મારી લાંબી સફરે ભેગું લઈ જાઉં એવું કશુંક!"

તે બેસી ગયો. ઓલ્ગાએ એકોર્ડિયન હાથમાં લીધું.

પાઇલટ ને વિમાનીઓ તમે,
બૉંબ અને જંગનાં વાહન લઈને,
ઊડો દૂર સુદૂર ગગનમાં તમે,
આવશો ક્યારે, પાછા મારી કને?

હું ના જાણું, આવશો ક્યારે,
જરૂર આવજો, ગમે ત્યારે...
ગમે ત્યાં હો તમે ભલે,
ધરતી પર યા ઊડો નભે,
કો પરાઈ ભૂમિની ઉપરે—
રૂડી રૂપાળી પાંખો બે,
લાલ એના તારક છે!
પ્યારા અને પ્રતાપી રે!
જોતી વાટ તમારી, દિલમાં ઉમંગ ભરીને,
પહેલાં તેમ આજે, મનમાં ધીરજે ધરીને!

"લો, બસ!" તે બોલી. "પણ આ તો વિમાનીઓનું ગીત છે, ટૅંકવાળાનું એકેય ગીત મને નથી આવડતું."

"વાંધો નહિ," ગેઓર્ગીએ કહ્યું. "ગીત વગર જ કંઈક મઝાની વાત કરો!"

ઓલ્ગા વિચારમાં ડૂબી ગઈ અને સમુચિત પ્રેમાળ શબ્દો ગોતવાની મથામણમાં સૌમ્ય અને એકાગ્ર નજરે તેની રાખોડી આંખોને તાકી રહી. એ રાખોડી આંખો હવે રમતિયાળ નહોતી રહી.

ઝેન્યા, તિમુર, અને તાન્યા બગીચીમાં ભેગાં થયાં હતાં.

"સાંભળો," ઝેન્યા બોલી, "ગેઓર્ગી હમણાં જતા રહેવાના છે. એમને વિદાય દેવા આખી ટુકડીને ભેગી કરીએ. એક નંબરનો પૂરી જમાવટનો સંકેત વહેતો મૂકીએ. ખરેખરો રંગ જમી જશે!"

"ના, જરૂર નથી," તિમુરે કહ્યું.

"કેમ નહિ?"

"જરૂર નથી. બીજા કોઈને એવી રીતે વિદાય નથી આપી."

"ભલે, જરૂર નથી તો જરૂર નથી," ઝેન્યા કબૂલ થઈ ગઈ. "તમે બેસો, હું પીવાનું કંઈક લઈ આવું."

ઝેન્યા ચાલી ગઈ એટલે તાન્યા ખડખડાટ હસી પડી.

"શું છે? કેમ હસે છે?" તિમુરને કંઈ સમજણ ન પડી એટલે તેણે પૂછ્યું.

તાન્યા વધારે જોરથી હસવા લાગી.

"વાહ! કમાલ! છોકરી બહુ ચાલાક છે. આ ઝેન્યા! 'પીવાનું કંઈક લઈ આવું!'"

"સાવધાન!" મેડા ઉપરથી ઝેન્યાનો વિજયના ભાવથી છલકાતો અવાજ રણકી ઊઠયો. "પૂરી જમાવટનો એક નંબરનો સંકેત વહેતો થાય છે!"

"ઘેલી સાવ!" તિમુર એકદમ ઊભો થઈ ગયો. "હમણાં એકસો માણસ ભેગાં થઈ જશે! શું કરે છે તું?"

પણ વજનદાર ચક્કર કડકડ કરવા અને ફરવા લાગ્યું હતું, દોરડાં આંચકા ખાવા અને તણાવા લાગ્યાં

હતાં: "એક, બે, ત્રણ—વિરામ, એક, બે, ત્રણ—વિરામ", વિરામ! કોઠારોનાં છાપરાં નીચે, ભંડકિયાંમાં, અને મરઘાંબતકાંના વાડાઓમાં ઘંટડીઓ, બાટલીઓ, પતરાનાં ડબલાં, અને ઘૂઘરાઓનો રણકાર, ખખડાટ, અને ધડધડાટ શરૂ થઈ ગયો. જાણીતો સંકેત મળતાં જ ભલે સો નહિ તો ઓછામાં ઓછાં પચાસ છોકરાં ધસમસાટ બગીચીમાં પહોંચી ગયાં.

"ઓલ્ગા!" ઝેન્યા દોડતી વરંડામાં ગઈ. "અમેય ગેઓર્ગીને વિદાય આપવાનાં છીએ! ઘણાંબધાં છોકરાં ભેગાં થઈ ગયાં છે. જો તો ખરી!"

"અરે!" ગેઓર્ગી હેરતમાં ગરકાવ થઈ જતો બોલી ઊઠયો. "તમારી ટુકડી તો બહુ મોટી છે! એવડી મોટી છે કે રેલગાડીમાં ભરીને મોરચે મોકલી દેવાય!"

"મનાઈ છે," ઝેન્યાએ નિસાસો નાખ્યો અને પછી તે તિમુરના શબ્દો દોહરાવતી આગળ બોલી: "તમામ અફસરો અને બીજા ઉપરીઓને કડક હુકમ મળી ગયા છે કે અમારા જેવડાં બધાંય છોકરાંને ત્યાંથી ચાલતી પકડાવી દેવી. બહુ અફસોસની વાત છે! નહિતર હુંયે ક્યાંક ગોઠવાઈ જાત—લડાઈમાં ભાગ લેત, હલ્લામાં સામેલ થઈ જાત. મશીનગન ટુકડી, આગેકદમ! નંબર એક!.."

"આખી દુનિયામાં એક નંબરની બડાઈખોર અને સરદાર!" ઓલ્ગાએ તેને ચીડવવાની કોશિશ કરી. પછી એકોર્ડિયનનો પટ્ટો ખભે ભરાવી દેતી તે બોલી:

"ભલે, એને વિદાય આપવી જ હોય તો સરખી રીતે આપીએ. ગાનતાન ને ગુલતાન ભેગી!"

સૌ રસ્તે નીકળી પડયાં. ઓલ્ગાએ એકોર્ડિયન વગાડયું. પછી બાટલીઓ, પતરાનાં ડબલાં, કાચની બરણીઓ, તથા સાંઠીકડાંની વાદ્યમંડળી મોખરે ગોઠવાઈ ગઈ અને તેના ફૂર્તિલા સંગાથમાં ગીતો ગુંજવા લાગ્યાં.

તેઓ શેરીઓની હરિયાળીને ચંપી નાખતાં આગળ વધવા લાગ્યાં. આગેકૂચ દરમિયાન તેમની સંખ્યા વધતી ગઈ.

પહેલાં તો લોકોને સમજણ જ ન પડી કે એવી ધાંધલ અને ગાનતાનનું કારણ શું છે. પણ તેમને જણાવવામાં આવે કે તરત તેઓ મોં મલકાવતા અને ગેઓર્ગીની ખુશાલ સફરની શુભ કામનાઓ જાહેર કરતા.

તેઓ પ્લૅટફૉર્મ નજીક પહોંચ્યાં ત્યારે એક લશ્કરી ગાડી ધણધણાટ કરતી પસાર થઈ ગઈ.

આગળના ડબ્બાઓમાં સિપાહીઓ ખીચોખીચ ભરેલા હતા. ટોળું તેમની સામે હાથ હલાવતું અને તેમને સાદ પાડતું રહ્યું. પછી ઉઘાડા ડબ્બાઓની લાંબી કતારમાં લીલા ધોરિયાવાળાં લશ્કરી ગાડાંનું આખું જંગલ નજરે પડયું. ત્યાર બાદ ઘોડાઓના ડબ્બા આવ્યા. ઘોડાઓ માથાં ઉછાળતા હતા અને ખડ ચાવતા હતા. તેમની સામે પણ ખુશાલીના પોકારો કરવામાં આવ્યા. છેલ્લે એક ઉઘાડો ડબ્બો આવ્યો. તેમાં કોઈ મોટી જબ્બર ખૂણાદાર વસ્તુ ગોઠવેલી હતી અને તેની ઉપર ભૂખરું કૅન્વાસ ઢાંકેલું હતું. બાજુમાં એક સંત્રી ઊભો ઊભો ગાડીના વેગમાં ડોલતો હતો.

લશ્કરી ગાડી દેખાતી બંધ થઈ ગઈ. સફરી ગાડી આવીને ઊભી રહી. તિમુરે કાકાને વિદાય આપી.

ઓલ્ગા ગેઓર્ગીની પાસે ગઈ.

"ઠીક ત્યારે, આવજો! અને કદાચ લાંબા વખત માટે?" તે બોલી.

ગેઓર્ગીએ માથું હલાવતાં ઓલ્ગાનો હાથ પકડી લીધો.

"કંઈ કહેવાય નહિ... જેમ થાય તેમ ખરું!"

સીટીનો અવાજ. ઘોંઘાટ. વાદ્યમંડળીએ કાન ફોડી નાખે એવો ખોફનાક શોર મચાવી દીધો. ગાડી રવાના થઈ ગઈ.

ઓલ્ગા ઊભી ઊભી વિચારમાં ડૂબી ગઈ.

ઝેન્યાની આંખોમાં ખુશીનું તેજ ઝગારા મારતું હતું, પણ કારણની તેને પોતાનેય ખબર નહોતી.

તિમુર બેચેન બની ગયો હતો પણ લાગણીઓને છુપાવવાની કોશિશ કરતો હતો.

"તો એમ છે," તે બોલ્યો, પણ અવાજ જાણે તેનો હતો જ નહિ, "હવે હું સાવ એકલો પડી ગયો." પછી ખભા ટટ્ટાર કરીને તેણે ઉમેર્યું: "પણ કાલે મા આવી જશે."

"કેમ, હું નથી?" ઝેન્યાએ ઘાંટો પાડયો. "અને આ બધાં છે ને?" તેણે સાથીઓ તરફ હાથ લંબાવ્યો. "વળી આ છે ને?" તેણે તિમુરના લાલ તારક તરફ આંગળી ચીંધી.

"ફિકર ન કર!" ઓલ્ગા વિચારોના વાદળને ખંખેરી નાખતી બોલી. "તેં હંમેશાં બીજા લોકોનો ખ્યાલ રાખ્યો છે, અને તેઓ એવી જ રીતે તારો ખ્યાલ રાખશે."

તિમુરે હકારમાં માથું હલાવ્યું.

સીધાસાદા અને મીઠા છોકરાએ બરાબર એને છાજે એવો જ જવાબ આપ્યો, બીજો કોઈ જવાબ એનાથી અપાય જ નહિ.

તે સાથીઓની ઉપર નજર ફેરવતો મોં મલકાવીને બોલ્યો:

"હું ઊભો છું... જોઉં છું. સૌ લહેરમાં છે! સૌ નચિંત છે! તો હુંયે નચિંત છું!"



વાચકોને

અમારા આ પ્રકાશનના વસ્તુ, ભાષા, રંગરૂપ તથા છપાઈ જેવા પ્રત્યેક અંગ વિશે આપના અભિપ્રાયો મેળવતાં અમને અત્યંત આનંદ થશે. નવાં પ્રકાશનો વિશે આપનાં સલાહસૂચનોનું અમારા કાર્યાલયમાં સાભાર સ્વાગત થશે.

'રાદુગા' પ્રકાશન
૧૭, ઝુબોવ્સ્કી બૂલવાર,
મોસ્કો (સોવિયેત સંઘ)

'રાદુગા' પ્રકાશન

અમારાં પકાશનો

ગૈદાર, આર્કાદી

નીલો કટોરો

માયાળુ હૈયું અને તેજસ્વી પ્રતિભા ધરાવતા માનવી આર્કાદી ગૈદારની કૃતિઓ માટે આખી દુનિયાના બાળસાહિત્યના સુવર્ણ ભંડારમાં સ્થાન ધરાવે છે.

'નીલો કટોરો' કૃતિમાં એક નાનકડી બાળકી સમક્ષ ખુલ્લી થતી મહાન અને અદ્‌ભુત દુનિયાની મોહક ઊર્મિલ કહાણી ગૂંથી લેવામાં આવી છે.

પ્રકાશનમાં રાજ્ય પારિતોષિક વિજેતા એકેડેમિશ્યન દુબીન્સ્કીનાં ચિત્રસર્જનો સામેલ કરવામાં આવ્યાં છે.

'રાદુગા' પ્રકાશન

અમારાં પ્રકાશનો

તોલ્સ્તોય, લેવ

સિંહ અને કૂતરો

મહાન રશિયન લેખક લેવ તોલ્સ્તોયે (૧૮૨૮-૧૯૧૦) બાળકો માટે નાનકડી વાર્તાઓનાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમની બાળસાહિત્યની કૃતિઓ જગત સાહિત્યના ભંડારમાં સ્થાન પામી છે.

આ પુસ્તકમાં બે વાર્તાઓ સામેલ કરવામાં આવી છે— 'સિંહ અને કૂતરો' અને 'ગરુડ'.

બહુરંગી ચિત્રો વીક્તોર દુવીદોવનાં છે.